સ્વામી વિવેકાનંદ કૃત

ભક્તિયોગ.

ભાષાંતર કર્તા,

શ્રીયુત ભગુભાઇ ફતેહચંદ કારભારી,

મુ. મુંબઇ.

છપાવી પ્રસિદ્ધ કર્તા,

શા. સાંકલચંદ હરીલાલ.

"સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસ."

પાંચકુવા—નવાદરવાજા—અમદાવાદ.

સંવત. ૧૯૬૯. ઇ. સ. ૧૯૧૨.

પ્રથમ આવૃત્તિ. પ્રત. ૯૦૦

કિં. રૂ. ૦-૬-૦

સ્વામી વિવેકાનંદ કૃત

ભક્તિયોગ.

ભાષાંતર કર્તા,

શ્રીયુત ભગુભાઇ ફતેહચંદ કારભારી,
મુ. મુંબઈ.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા,

શા. સાંકલચંદ હરીલાલ.

સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસ.

પાંચકુવા-નવાદરવાજા-અમદાવાદ.

સંવત. ૧૯૬૯. ઇ. સ. ૧૯૧૨.

પ્રથમ આવૃત્તિ. પ્રત. ૮૦૦

કિં. રૂ. ૦-૬-૦

શ્રી સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ
હરિલાલે છાપ્યું—અમદાવાદ.

ભાષાંતરકર્ત્તાની પ્રસ્તાવના.

એક ગુજરાતી તરીકે સ્વામી શ્રી વિવેકાનંદની ઓળખ મને મુંબઇમાં સન ૧૮૯૨ ની સાલમાં મારા એક સ્નેહી બાબુ પરેશચંદ્ર ઘોસ (સ્વામી શ્યામાનંદ) દ્વારા થઇ હતી, અને ત્યાર પછી તે પૂજ્ય સ્વામી જ્યાંસુધી હયાત હતા ત્યાંસુધી તેઓશ્રી વખતો વખત પત્રથી મને યોગ્ય સલાહ આપતા હતા. તેઓશ્રી અમેરીકાથી આ દેશમાં સને ૧૮૯૬ની સાલમાં જ્યારે પાછા ફર્યા ત્યારથી સન્ ૧૯૦૭ ની સાલ દરમીઆન મેં તેમના કેટલાક પુસ્તકોનો અનુવાદ કર્યો હતો, ત્યાર પછી મારો સમય જૈન પત્રના અંગે રોકાયેલો હોવાથી મર્હુમ સ્વામીજીની આજ્ઞાનુસાર હું બીજાં પુસ્તકો પ્રસિદ્ધ કરી શક્યો નહિ, પણ તે દરમિયાન આ પૂજ્ય સ્વામીના પુસ્તકોનું અનુવાદ, બંગાલી, હિન્દી, મરાઠી અને ગુજરાતી ભાષામાં થયું છે, અને આજે દુનિયામાં એક પણ દેશ એવો નથી કે જે પૂજ્ય સ્વામીની કૃતિથી અજ્ઞાત હોય. મારા સમજવા પ્રમાણે હિન્દની કોઇ ભાષામાં જો પહેલું અનુવાદ આ મહાત્માની કૃતિનું થયું હોય તો તે ગુજરાતી હતું.

મર્હુમ સ્વામીજીના લેખ સર્વમાન્ય છે. તે સરલ ધર્મજ્ઞાનને લગતા છે, અને કોઈ પણ ધર્મ સંબંધી તેમાં વાદ કે નિંદા નથી.

સ્વામી વિવેકાનંદ એવા સમયમાં થઇ ગયા કે જો તેવા પુરૂષ આ દેશમાં ન જન્મ્યા હોત તો આપણા અંગ્રેજી ભણેલા અને ફીલસુફીમાં ફસાયેલા અનેક યુવાનો ધર્મરહિત થાત, પણ તેમના [illegible]થી હિંદમાં સામાન્ય ધર્મનું રક્ષણ થયું છે, ખરું ચારિત્ર શું તે તેમણે બતાવ્યું છે, એટલુંજ નહિ પણ અમેરિકા અને ઇંગ્લાંડમાં પણ હિંદના

ધર્મનું દર્શન કરાવી તેમણે ધર્મરક્ષણ અને દેશસેવા કરી છે, એ વાત કયો હિન્દી કબુલ નહિ કરે?

ધર્મનું સાંકડાપણું રાખવાનો આ સમય નથી, અને ધર્મ અને ગ્નાતી સાથનો સંબંધ ભેગો કરી કેટલાક ધર્મરક્ષક પુરૂષો કેટલાકને ધર્માંધ બનાવી દેશ અને ગ્નાતીનું સત્યાનાશ વાળે છે, પણ આવા ધર્મગુરૂઓને અમે સ્વામી વિવેકાનંદના લેખ વાંચવા ખાસ ભલામણ કરીએ છીએ.

સ્વામી વિવેકાનંદ અમુકજ ધર્મ સારો અને અમુક ખોટો તેવું શિક્ષણ આપતા નથી; પણ સર્વમાન્ય ધર્મ કેવો હોવો જોઇએ; દુનિયાની દરેક વ્યક્તિ એકબીજા પ્રત્યે કેવો ભ્રાતૃભાવ રાખી શકે અને આવા ઐક્યથી ધર્મ અને દેશનું રક્ષણ કેમ થઇ શકે તે બતાવે છે.

સ્વામી વિવેકાનંદનાં તમામ પુસ્તકોનો સંગ્રહ કરી ૩–૪ પુસ્તકોમાં એક પુસ્તકસંગ્રહ બહાર પાડવા મારો વિચાર છે, અને તે પણ માત્ર નામની કિંમતે; તો મારા ગુર્જર વાંચકો મારા શ્રમને આશ્રય આપી ઉત્તેજન કરશે, એવી મારી આશા છે.

મારા તરફથી તેમનાં રચેલાં કર્મયોગ તથા રાજયોગનાં ભાષાંતરો તથા પત્રો બ્હાર પડી ચૂક્યા છે. આ ભાષાન્તર જેમ બને તેમ સરલ બનાવવા પ્રયત્ન કર્યો છે, છતાં વિષયની ગહનતાને લઇને કોઇ સ્થળે ક્લિષ્ટતા જણાય તો તે ભાગ ધીમેથી ફરીથી વાંચવા ભલામણ કરવામાં આવે છે.

મુંબાઈ. }
જુલાઇ ૧૯૧૨, } ભાનુભાઇ ફતેહચંદ કારભારી.

પ્રકટ કર્ત્તાની પ્રસ્તાવના.

પ્રિય ગ્રાહક મહાશયો!

સ્વામી વિવેકાનંદનું નામ તેમનાં ભાષણો તથા લેખોથી મશહૂર છે. તેમણે રચેલા ભક્તિયોગનું ભાષાન્તર અમને છપાવવા માટે રા. રા. ભગુભાઇ ફતેહચંદ કારભારીએ આપ્યું છે તે માટે તેમનો અંતઃકરણથી ઉપકાર માનવામાં આવે છે. અમારી તરફથી દરવર્ષે તત્ત્વજ્ઞાનનાંજ પુસ્તકો ભેટ તરીકે આપવામાં આવે છે. જેથી વાંચનારના આત્માનું કાયમનું હિત થાય તેપર લક્ષ રાખી આ યોજના અમે રાખી છે, અને આશા છે કે અમારા ગ્રાહક મહાશયો બીજાં સામાન્ય પુસ્તકોની બાબત આ પુસ્તકને વાંચી ફેંકી ન દેતાં તેમાં રહેલા તત્ત્વો પર વિચાર કરશે, અને ખરી ભક્તિ શેમાં રહેલી છે," તે સમજી તદનુસાર પોતાનું વર્તન ગાળશે. છેવટે તમારો અને અમારો સંબંધ નિયમિત ટકયો રહે એવી પરમાત્માપ્રતિ પ્રાર્થના કરી વિરમું છું.

લી. મેનેજર,

સત્યવિજય.

અનુક્રમણિકા.

વિષય. પૃષ્ઠ

પૂર્વાર્ધ.

૧	ભક્તિયોગ.	૧
૨	ભક્તિનાં લક્ષણ.	૨
૩	તાત્વિક દૃષ્ટિએ ઇશ્વરસ્વરૂપનો વિચાર.	૧૦
૪	ભક્તિ યોગનો ઉદ્દેશ અથવા પરમાત્મ સાક્ષાત્કાર. ...	૧૯
૫	ગુરૂની આવશ્યકતા.	૨૩
૬	ગુરૂ શિષ્યનાં લક્ષણો.	૨૮
૭	અવતારી પુરૂષ અને અવતાર.	૩૭
૮	મંત્ર ૐ, શબ્દ તથા જ્ઞાન.	૪૩
૯	મૂર્તિ પૂજા.	૪૭
૧૦	ઇષ્ટ દેવતા અથવા ધ્યેય સ્વરૂપ.	૫૧
૧૧	ભક્તિયોગનાં સાધનો અને પ્રવૃત્તિઓ.	૫૫

ઉત્તરાર્ધ.

૧	પરાભક્તિ, સર્વસંગ પરિત્યાગ.	૬૩
૨	ભક્તિદ્વારાજ ઔદાસીન્ય (સર્વસંગ પરિત્યાગ)નો ઉદ્ભવ થાય છે.	૬૮
૩	ભક્તિયોગનો રાજમાર્ગ તથા તેની મુખ્ય ચાવી. ...	૭૪
૪	ભક્તિનાં વ્યકત સ્વરૂપો, ...	૭૯
૫	સર્વ ભૂતો પ્રત્યેનો પ્રેમ અને તે પ્રેમ દ્વારા આત્મામાં તલ્લિનતા.	૮૨

૬ ભક્તશ્રેષ્ઠ જ્ઞાન અને ઉચ્ચ પ્રતિની ભક્તિને સમાનજ ગણે છે. ૮૯

૭ ભક્તિ અથવા, પ્રેમનો ત્રિકોણ. ૯૨

૮ પ્રેમ સ્વરૂપ ઇશ્વર પોતેજ પોતાનું પ્રત્યક્ષ પ્રમાણ છે. ૧૦૦

૯ તે પ્રેમ સ્વરૂપનું શાબ્દિક પ્રતિબિંબ ૧૦૩

૧૦ ઉપસંહાર. ૧૧૪

રા. રા. ભગુભાઈ ફતેહચંદકૃત પુસ્તકો.

વાર્તા.

૧	લંગડો જરવાસ	૦–૮–૦
૨	લંડન રાજ્યરહસ્ય	૧–૮–૦
૩	લંડન રહસ્ય	૧–૪–૦
૪	કુમદા	૦–૧૨–૦
૫	સદ્ગુણી સુશીલા	૦–૧૨–૦
૬	પંચબાલિકા	૦–૪–૦

ધર્મ.

૭	સનાતન "હિંદુ ધર્મ	૦–૧–૦
૮	કર્મયોગ	૦–૧૦–૦
૯	રાજયોગ	૧–૪–૦
૧૦	પાતાંજલયોગદર્શન	૦–૧૨–૦
૧૧	સ્વામી વિ. પત્ર	૦–૬–૦
૧૨	ભક્તિયોગ	૦–૮–૦

પ્રકીર્ણ.

૧૩	ટોડ રાજસ્થાન	૧૦–૦–૦
૧૪	હિંદજનનો ભોમીઓ	૦–૩–૦
૧૫	નળાખ્યાન	૦–૫–૦
૧૬	નશીબ અને ઉદ્યોગ	૦–૮–૦
૧૭	દિલ્હીદરબાર	૧–૦–૦

ડીક્ષનરી.

૧૮	ધ સ્ટુડન્ટસ્ ઈ.ગુ.ડિ.	૩–૦–૦
૧૯	,, ,, ગુ. ઈ ,,	૩–૮–૦
૨૦	ધ સ્ટાર ઈ. ગુ ,,	૦–૧૦–૦
૨૧	,, ,, ગુ ઈં ,,	૧–૮–૦
૨૨	પૉકેટ પ્રો.એ.ગુ. ,,	૧–૮–૦

જૈનધર્મ.

૨૩	Jain Philosophy	૧–૮–૦
૨૪	Jain Yoga	૦–૮–૦
૨૫	Doctrine of Karma	૦·૮·૦
૨૬	હરિ વિક્રમચરિત્ર	૧–૮–૦
૨૭	શ્રીપાળ	૧–૮–૦
૨૮	શત્રુંજય માહાત્મ્ય	૨–૦–૦
૨૯	તીર્થયાત્રા વર્ણન	૧–૦–૦
૩૦	વિવેકવિલાસ	૦–૧૨–૦
૩૧	રાજભાષા. વગેરે.	૧–૪–૦

મળવાનું ઠેકાણું 'જૈન ઑફીસ. પોસ્ટ નં ૨. મુંબાઈ.

ॐ

ભક્તિયોગ.

પ્રકરણ ૧ લું.

स तन्मयो ह्यमृत ईशसंस्थो ज्ञः सर्वगो भुवनस्यास्य गोप्ता ।
य ईशे अस्य जगतो नित्यमेव नान्यो हेतुर्विद्यते ईशनाय ॥
यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदान् प्रहिणोति तस्मै ।
तं ह देवं आत्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥

“ તેજ એક વિશ્વાત્મા; તેજ અજરામર; તેજ સર્વ સત્તાધીશ, તેજ સર્વસાક્ષી; સર્વવ્યાપી; બ્રહ્માંડપાલક છે; જેને આદિ પણ નથી અને અંત પણ નથી એવો સનાતન પ્રભુ તેજ છે. આ સૃષ્ટિચક્ર ચલાવવાને માટે તે પરમાત્મા શિવાય કોઈપણ સમર્થ નથી. જેણે સૃષ્ટિના ઉત્પત્તિ કાળે બ્રહ્માને નિર્માણ કરી તેને વેદ સ્વાધીન કીધા અને જેના પ્રકાશ (જ્ઞાન) થી બુદ્ધિ આત્માની નિકટ જાય છે તે પરમાત્મબુદ્ધિપ્રકાશકને, તે પરમેશ્વરને હું મુમુક્ષુ શરણે છું.

શ્વેતાશ્વતર ઉપનિષદ્ ૬-૧૭-૧૮ ”

ॐ

ભક્તિનાં લક્ષણ.

ભક્તિ એ પરમેશ્વરને શોધવાનો, મૂળ, સત્ય માર્ગ છે. તે ભક્તિમાંજ ઉદય પામી, નિરંતર તેમાંજ સ્થિતિ કરી, અંતે તેમાંજ લય પામે છે. યદિ નિસ્સીમ ઈશ્વરભક્તિનો એક ક્ષણભર પણ આવેશ આવે તો તેથી શાશ્વત મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. નારદમુનિ પોતાની ભક્તિયોગની ટીકામાં જણાવે છે કે " ભક્તિ એટલે પરમેશ્વર પ્રત્યેનો આત્યંતિક અઢળક પ્રેમ. જ્યારે મનુષ્યના શરીરમાં આ પ્રકારનો પ્રેમ ઉત્પન્ન થાય છે ત્યારે સર્વ ભૂતોપર તેનો પ્રેમ ચોંટે છે; તે કોઇનો પણ તિરસ્કાર કરતો નથી; અને તેના અંગમાં સદા સર્વદા સંતુષ્ટતાજ રમણ કર્યા કરે છે "—" આ પ્રેમમાંથી કોઇપણ પ્રકારના ઐહિક સુખનો લાભ મળી શકશે નહિ "; કારણ કે યાવત્કાળપર્યંત ઐહિક વિષયોપભોગની ઇચ્છા મનમાં રહે છે તાવત્કાળપર્યંત આવો પ્રેમ પ્રાપ્ત થવાની આશાજ રાખશો નહિ.

" ભક્તિ એ કર્મથી શ્રેષ્ઠ અને યોગ કરતાં પણ ઉચ્ચ પ્રકારની છે, કારણ કે કર્મ તથા યોગ એ ઉભયમાં એક તૃતીય ઉદ્દેશ સાધવાની એષણા (ઇચ્છા) હોય છે. પરંતુ ભક્તિપ્રતિ દૃષ્ટિ નાંખો ! તેજ તેનું પ્રતિફળ; તેજ તેનું સાધન અને તેજ તેનો લય બની રહે છે. "

ભક્તિ એ અમારા રૂચિવિષયોનો એક સ્થાયી વિષય છે. ભક્તિનું વર્ણન કરનારા કેટલાક વિશિષ્ટ ગ્રંથકારોને—ઉદાહરણાર્થ, શાંડિલ્ય, નારદ, ઇત્યાદિ—બાદ કરીએ તોપણ, મુખ્યપણે જ્ઞાનયોગ પ્રતિપાદન કરનારા વ્યાસસૂત્રના મહાન મહાન ટીકાકારોએ પણ ભક્તિસંબંધે

ઘણી વાતો સૂચવી છે. કેટલાક ટીકાકારોનું વલણ સર્વ વાકયોનો નહિ પણ ઘણાંએક મૂળ વાકયોનો અર્થ શુષ્ક જ્ઞાનદર્શક કરવાનું હોય છે. તથાપિ પૂજનવિધિપરનાં ઇશ્વરભક્તિવિષયક કેટલાંક સૂત્રોનો તેવો જ્ઞાનપર અર્થ કરવામાં તેમને સુલભતા પ્રાપ્ત થઇ નથી.

કોઇ કોઇ વખત લોકોને એમ લાગે છે કે જ્ઞાન અને ભક્તિ વચ્ચે ઘણો અંતર છે. પરંતુ પ્રસ્તુત ઉભય માર્ગ વચ્ચે વસ્તુતઃ તેવો કંઇ તાદૃશ ભેદ નથી. આપણે જેમ જેમ આગલ ચાલીશું તેમ તેમ આપણને માલુમ પડશે કે ઉભય માર્ગના છેડા વળીને એકજ બિંદુ-પર એકઠા થાય છે. રાજયોગની પણ આજ ગતિ હોય છે. મુક્તિ મેળવવાને માટે અને નહિકે ભોળાં માણસોના આંખમાં ધુળ નાંખ-વાને માટે (કે જે પ્રમાણે અફસોસ! જાદુગરો અને ધુતારાઓને હાથે વારંવાર બને છે) જો રાજયોગનો અભ્યાસ કરવામાં આવે તો તે આપણને તેજ બિંદુ સમીપ લઇ જાય છે. ભક્તિમાં મોટી સગવડ એ રહેલી છે કે તે તદ્દન સુલભમાં સુલભ અને રહેલામાં રહેલો માર્ગ છે અને તે ઇશ્વરસન્નિધ જવાનો રાજમાર્ગ છે. તેમાં એક દુર્ગુણ એ છે કે તેની નીચી ભુમિકામાં અત્યંત ધર્મ ઘેલછા ઉત્પન્ન થવાનો સંભવ છે. હિંદુ, મુસલમાન અને ખ્રીસ્તી ધર્મોમાં વારંવાર જે કેટ-લાક ધર્મઘેલા માલમ પડે છે તેમની ધર્મઘેલછાની ઉત્પત્તિ ભક્તિ-ની નીચી ભૂમિકામાંજ થાય છે. પ્રેમપાત્ર વસ્તુ પર જે એકનિષ્ઠા હોવી જોઇએ કે જેના સિવાય કદિ પણ સત્ય પ્રેમ જાગૃત થતો નથી તેજ બહુધા પ્રત્યેક અન્ય બાબતની તિરસ્કાર કરનારી થઇ પડે છે. જે લોકો નીચી ભૂમિકાના હોય તેમની પોતાના ધ્યેયની ભક્તિ કર-વાની રીત અન્ય દેવો અને અન્ય મૂર્તિની નિંદા કરવી એજ હોય

છે. કેટલેક પ્રસંગે એમ બને છે કે જે મનુષ્ય પોતાના પસંદ કરેલા આદર્શ પરમેશ્વર પર નિસ્સીમ પ્રેમ રાખે છે તેજ મનુષ્ય એકાદ અન્ય દેવની પ્રતિમા તેની સમક્ષ લાવવામાં આવતાં કિંવા તે વિષેની વાત તેના સાંભળવામાં આવતાં તરતંજ ઉન્મત્ત બનીને યદ્વા તદ્વા બકવા મંડી જાય છે. આ પ્રમાણે શા માટે થતું હશે ? અન્ય દેવોનો તિરસ્કાર કરવાના સ્વભાવથીજ આ પ્રમાણે બને છે. આવી ભક્તિ 'જેની ખાવી ભાખરી, તેની કરવી ચાકરી' એવી શ્વાનબુદ્ધિમાંથી-જ જન્મ પામે છે. પોતાના સ્વામીની મિલકત પર સખ્ત પ્હેરા રાખવા, અન્યને તેની નિકટના પ્રદેશમાં પ્રવેશ પણ કરવા દેવો નહિ એ શ્વાનબુદ્ધિ છે. પરંતુ શ્વાનબુદ્ધિ પણ કેટલાંક મનુષ્યની બુદ્ધિ કરતાં ઉત્તમ હોય છે. કારણ કે કુતરો પોતાનો ધણી ગમે તેવો પોશાક પ્હેરીને આવે તોપણ તેને ઓળખી કાઢે છે કે આ મારો માલિક છે, મારો શત્રુ નથી. પરંતુ મનુષ્ય તરફ દૃષ્ટિ કરો. તેની સમક્ષ જો ઇશ્વર ભિન્ન ભિન્ન પોશાક પહેરીને આવે તો તેને ઓળખી શકતો નથી.' આવા ધર્મઘેલા લોકોમાં સદસદ્વિવેક બુદ્ધિનો લેશ પણ હોતો નથી. આવા માણસો વ્યક્તિવિષયક વિચારમાં એટલા બધા મગ્ન થયેલા લાગે છે કે તેમનું સર્વસ્વ તે વિચારમાંજ સમાવેશ પામી જતું દેખાય છે પછી બીજો માણસ શું કહે છે, તેના કહેવામાં કાંઇ સત્ય છે કે નહિ ઇત્યાદિ વિચારોને તેના મનમાં સ્થાન પણ મળતું નથી. આવાં માણસો વિશેષતઃ કહેનાર માણસ કેવું છે તે જાણવાની બહુ કાળજી રાખે છે. પોતાના જેવા અભિપ્રાય રાખનારની સાથે જેનું વર્તન સભ્ય, પ્રીતી યુક્ત, અને દયા ભરિત હોય છે તેજ મનુષ્ય પોતાના ધાર્મિક વિચારોની કક્ષા બહારનાં માણસો-ની વિરુદ્ધમાં સંગ્રામમાં અધમ કૃત્ય કરવાને આવું પાછું જોતો નથી.

ભક્તિ જ્યારે ગાૈણી અર્થાત્ નીચી ભૂમિકામાં હોય છે ત્યારેજ તેમાં ઉપર કહેલી વાતનો ભય હોય છે. પરંતુ તે એક વખત પરિપક્વ થઈ અને પરા–ઉચ્ચ—સ્વરૂપને પ્રાપ્ત થઇ તો પછી તેમાં ધર્મઘેલછાની ગંધ પણ રહેતી નથી. આ ઉચ્ચ સ્વરૂપની ભક્તિથી એકવાર આત્મા પરિપૂર્ણ થઇ જાય છે ત્યારે તે પરમેશ્વરસ્વરૂપની એટલો નિકટ જઇ પહોંચે છે કે તેમાં દ્વેષભાવ બિલકુલ રહેતો નથી.

આપણા જીવન કાળમાં આપણું ચારિત્ર્ય રચવામાં જોઈતાં અનુકૂળ સાધનો પ્રાપ્ત હોવાં એ આપણામાંના સર્વે જણને માટે શક્ય નથી. તથાપિ આપણે જાણીએ છીએ કે જે ચારિત્ર્યની અંદર ભક્તિ, જ્ઞાન અને યોગ સમપ્રમાણમાં સમ્મિલિત થયેલાં હોય છે તે ચારિત્ર્ય ઘણુંજ ઉત્તમ શ્રેણીનું હોય છે. પક્ષીઓને ઉડવાને માટે ત્રણ વસ્તુઓ આવશ્યકીય હોય છે. બે બાજુએ બે પાંખ અને સુકાનની ગરજ સારનારી ત્રીજી પુછડી. તેજ પ્રમાણે જ્ઞાન એ એક પાંખ, ભક્તિ એ બીજી પાંખ અને તે બન્ને પાંખોને નિયમમાં રાખવાને માટે યોગ એ સુકાન છે. આ ત્રણે સાધનો સમ પ્રમાણમાં જેઓ વાપરી શકતા નથી તેઓ સર્વથી સ્હેલા ભક્તિ માર્ગનેજ આશ્રયે જાય છે. પરંતુ એક વાત અવસ્ય લક્ષમાં રાખવી જોઈએ કે પૂજાવિધિ અને મંત્ર તંત્રો જો કે આત્માની પ્રગતિને માટે અત્યાવશ્યક છે તથાપિ તેમાં ઇશ્વરની પરાભક્તિ આપણામાં ઉત્પન્ન કરવાની શક્તિ શિવાય વિશેષ દમ હોતો નથી.

જ્ઞાનવાદીઓ અને ભક્તિવાદીઓ એ ઉભય ભક્તિમાં એક પ્રકારની વિલક્ષણ શક્તિ છે એ વાતનો સ્વિકાર કરે છે તોપણ તેમના વચ્ચે થોડાક મતભેદ હોય છે. જ્ઞાનીઓ ભક્તિને કેવળ મોક્ષનું

સાધન સમજે છે પરંતુ ભક્ત ભક્તિને કેવળ મોક્ષનું સાધન ગણીને જ વિશ્રાંતિ પામતો નથી. પરંતુ મનુષ્યમાત્રને સાધ્ય કરવાની વસ્તુ ફક્ત તેજ છે એમ તે માને છે. પણ મને લાગે છે કે આ વાદમાં કાંઇ વિશેષ સત્ય નથી. ખરૂં જોતાં ભક્તિ જ્યારે સાધનસ્વરૂપમાં હોય છે ત્યારે તે માત્ર એક નીચી ભૂમિકાનો પૂજન પ્રકાર હોય છે. પરંતુ જ્યારે તેથી ઉચ્ચ ભૂમિકાની પૂજન વિધિથી સાક્ષાત્કારની ભૂમિકામાં પ્રવેશ થાય છે ત્યારે બન્નેનું સ્વરૂપ એકજ થઇ જાય છે. ઉપરોક્ત બન્ને પક્ષો પોત પોતાના વિશિષ્ટ પૂજનપ્રકારને સત્ય ઠરાવવાનો આગ્રહ કરે છે પરંતુ એમ કરતાં તેઓ ભુલી જાય છે કે ઇશ્વરવિષયક પ્રેમ કિંવા ભક્તિ પૂર્ણતાને પ્રાપ્ત થતાંની સાથે જ્ઞાન વિના પ્રયાસે આપો આપ તેની સાથે જોડાઈ જાય છે અને જ્ઞાન પૂર્ણતાને પ્રાપ્ત થતાં પ્રેમ અને જ્ઞાનમાં ભેદ રહેતો નથી.

આટલી વાત લક્ષમાં રાખી હવે મહાન મહાન વેદાંત ભાષ્યકારો આ વિષય પરત્વે શું કહે છે તે આપણે જોઇશું. "**આવૃત્તિરસકૃદુપદેશાત્**" આ સૂત્ર પરનાં ભાષ્યમાં ભગવાન શંકરાચાર્ય કહે છે કે "લોકો કોઇ કોઇ વખત કહે છે કે" 'ફલાણો માણસ રાજભક્ત છે, ફલાણો માણસ ગુરૂભક્ત છે.' હવે આ જે સ્તુતિના વાક્યો લોકોના મુખમાંથી નીકળે છે તે કોને વિષે નીકળે છે? જે પોતાના ગુરૂના ઉપદેશને અનુસરે છે તથા તેને અનન્ય ભાવે ભજે છે તેનેજ વિષે ઉક્ત ઉદ્‌ગાર નીકળે છે. તેજ પ્રમાણે આપણે એમ પણ સાંભળીએ છીએ કે પ્રતિવ્રતા સ્ત્રીનું મન પોતાના પ્રિય પતિના ધ્યાનમાંજ સતત લીન હોય છે. આ વાક્યોનો ભાવાર્થ સતત ચિંતન—નિદિધ્યાસન—એક પ્રકારનું અખંડ તથા પ્રેમ પુરઃસર સ્મરણ એજ થાય છે. શંકરાચાર્યના મત પ્રમાણે આ પ્રકારનું સ્મરણ એજ ભક્તિ છે.

ધ્યાન કિંવા ચિંતન એટલે શું ? ચિંતન એટલે પોતાના ધ્યેય કિંવા પ્રિય વસ્તુનું અવ્યાહત કિંવા અખંડ સ્મરણ. જેવી રીતે એક પાત્રમાંથી અન્ય પાત્રમાં એક સરખી રીતે તેલ રેડતાં તેની ધાર ખંડિત થતી નથી તેવીજ રીતે સ્મરણ પણ સતત કિંવા અખંડ થવું જોઇએ—તેનો પ્રવાહ ખંડિત થવો ન જોઇએ. જ્યારે આ પ્રકારે પરમેશ્વરનું સ્મરણ—ચિંતન અખંડ—અવ્યાહત રીતે કરવામાં આવે છે ત્યારે સંસારબંધન તુટી જાય છે. આજ કારણથી શ્રુતિમાં આ પ્રકારનાં અખંડ ચિંતનને મોક્ષનું એક સાધન ગણવામાં આવ્યું છે. અને આ રીતનું ચિંતનજ સાક્ષાત્કારનું લક્ષણ છે. કારણકે ઉપરે ચિંતનનો જે અર્થ આપવામાં આવ્યો છે તેજ અર્થમાં 'સાક્ષાત્કાર' શબ્દને નીચેનાં વાકયમાં યોજવામાં આવ્યો છે, એમ જણાય છે. 'જે નિકટ પણ છે અને દૂર પણ છે એવા પરમેશ્વરનું સાક્ષાત દર્શન કરવાથી જીવનો સર્વ માયાપાસ તુટી જાય છે; સર્વ સંશયનો નાશ થાય છે; અને સર્વ કર્મભોગને રજા મળે છે" (જે નિકટ હોય છે તે આપણી દૃષ્ટિએ પડે છે, પરંતુ જે દૂર હોય છે તેનું તો સ્મરણ માત્ર આપણે કરી શકીએ છીએ. તે છતાં પણ વેદમાં નિકટ અને દૂર રહેલા પરમેશ્વરનું સાક્ષાત દર્શન આપણને થવું જોઇએ એવાં વાક્યો છે. આ પરથી ઉપર વર્ણવેલું ચિંતન અને પરમેશ્વરનું સાક્ષાત દર્શન એ ઉભય એકજ સિદ્ધ થાય છે.)—આ સ્મરણ કિંવા ચિંતન જ્યારે ઉચ્ચ ભૂમિકા પર જાય છે ત્યારે તેને સાક્ષાત્ દર્શનનું સ્વરૂપ થાય છે......પૂજન એટલે અખંડ ચિંતન છે એમ મૂળ વેદ પરથી જણાય છે. પૂજા એજ નિરંતરનું ચિંતન છે આપણે પૂજાવિધિ જાણવી એટલે ઈશ્વરભજનમાં સર્વ મગ્ન થઇ રહેવું એજ છે......

આ રીતે જે સ્મરણ સાક્ષાત પ્રતીતિરૂપ બની જાય છે તેજ મુક્તિનું સાધન છે એમ શ્રુતિમાં જણાવવામાં આવ્યું છે. વિવિધ શાસ્ત્રનું પરિશીલન કરવાથી, કિંવા બુદ્ધિ સર્વસ્વનો વ્યય કરવાથી આત્મપ્રાપ્તિ થતી નથી. જે પ્રાણીપર આ પરમ તત્ત્વ—આત્મા—નો કૃપાકટાક્ષ થાય છે તેનેજ એ લાભ મળે છે. કેવળ શ્રવણ, મનન કિંવા ચિંતન એ આત્મપ્રાપ્તિનાં સાધન નથી, એમ જણાવી પાછળ કહેવામાં આવ્યું છે કે " જેના પર આ પરમાત્માનો પ્રેમ ઉતરે છે, કિંવા જેને તેનો પ્રસાદ મળે છે તેનેજ તે પરમ તત્ત્વ સાધ્ય થાય છે. " જે મનુષ્ય આપણને અત્યંત પ્રિય હોય છે તેને માટેજ આપણા મનમાં ભાવ ઉત્પન્ન થાય છે. માટે જે મનુષ્ય આ આત્માપર નિસ્સીમ ભક્તિ રાખે છે તેનેજ તે વશ થઇને બેસે છે. પોતાના પ્રિય ભક્તને આત્માની પ્રાપ્તિ કરાવવાને માટે પ્રભુ સ્વતઃ તેનો હાથ ગ્રહણ કરે છે અર્થાત તેને મદદ કરે છે. કારણકે તે પરમાત્માનુંજ એવું વચન છે કે " જે મારાપર નિરંતર એકનિષ્ઠા રાખી મને પ્રેમથી પૂજે છે તેની ઇચ્છાને હું એવું વલણ આપું છું કે તેના યોગથી તે મનેજ આવીને મળે છે. " જેને સાક્ષાત પ્રતીતિરૂપ અખંડ ચિંતનપર સ્વાભાવિક પ્રેમ હોય છે તેનાપરજ પરમાત્માની પ્રીતિ ઉતરે છે. કારણ કે પ્રભુને અખંડ ચિંતન અતિ પ્રિય છે અને અખંડ ચિતન કરનાર મનુષ્યનેજ પ્રભુપ્રાપ્તિ થાય છે. આ અખંડ ચિંતનનુંજ બીજું નામ ભક્તિ છે.

આ પ્રમાણે ભગવાન રામાનુજે ' **અથાતો બ્રહ્મ જિજ્ઞાસા** એ સૂત્રની મીમાંસા—વ્યાખ્યા કરતાં જણાવ્યું છે.

' **ईश्वर प्रणिधानाद्वा** ' અર્થાત ' ઈશ્વરનાં પૂજન થકી એ પતંજલિનાં સૂત્રની વ્યાખ્યા કરતાં ભોજ જણાવે છે કે " પ્રણિ-

ધાન—પૂજન—એ એક પ્રકારની ભક્તિજ છે કે જેમાં વિષયોપભોગાદિ ફળની ઇચ્છા ન ધરતાં તે પરાત્પર ગુરૂ—પરમેશ્વર—નેજ સર્વ કર્મો અર્પણ કરવામાં આવે છે. તેજ પ્રમાણે ભગવાન વ્યાસે ઉપલાંજ સૂત્રની ટીકામાં ' પ્રણિધાન ' શબ્દની નીચે પ્રમાણે વ્યાખ્યા કરી છે. " પ્રણિધાન એ ભક્તિનોજ એક પ્રકાર છે. પ્રણિધાનના યોગે યોગીપર પ્રભુની કૃપા થાય છે અને તે તેની સર્વ કામના પૂર્ણ કરી તેને પરિતૃપ્ત કરે છે. " શાંડિલ્યના મત પ્રમાણે " ભક્તિ એટલે ઇશ્વર પરનો અનન્ય પ્રેમ છે " પરંતુ આ સર્વમાં ભક્ત શિરોમણિ પ્રલ્હાદની વ્યાખ્યા સર્વોત્કૃષ્ટ છે. " या प्रीतिरविवेकानां विषयेष्वनपायिनी । त्वामनुस्मरतः सा मे हृदयान्मापसर्पतु ॥" ક્ષણિક એવા વિષયોપર વિષયાંધ લોકો જેમ એક પ્રકારના અંધ મમત્વથી લોલુપ થઇ જાય છે તેજ પ્રમાણે તારા પરનો મારો પ્રેમ મારા હૃદયમાંથી કદિ પણ ન ચળો " પ્રેમ ! પ્રેમ ખરો—પરંતુ તે કોના પરનો ? તે એક પરમેશ્વર પરનો ! અન્ય વિષયોપર કિંવા જીવોપર જો પ્રેમ ચોંટશે તો ઇશ્વરભક્તિ થશે નહિ; રામાનુજાચાર્ય પોતાના " શ્રી ભાષ્યમાં " એક પ્રાચીન આચાર્યના શ્લોક ટાંકી કહે છે કે:—

आब्रह्मस्तम्बपर्यन्ताः जगदन्तर्व्यवस्थिताः ।
प्राणिनः कर्मजनितसंसारवशवर्तिनः ॥
यतस्ततो न ते ध्याने ध्यानिनामुपकारकाः ।
अविद्यान्तर्गताः सर्वे ते हि संसारगोचराः ॥

અર્થાત્ અત્યક્ષ બ્રહ્મદેવથી લઇને ક્ષુદ્ર ઘાસની પુળી સુધીની પ્રત્યેક વસ્તુ આ જગતમાં કર્મથી ઉત્પન્ન થયેલાં જન્મ મૃત્યુને આ-

ધીન છે—જન્મ મૃત્યુની ગુલામ બની રહી છે. એટલા માટેજ તે નિરંતર ભક્તિનો વિષય થવાને યોગ્ય નથી. કારણ કે આ સર્વ વસ્તુ-વિકારવશ હોઇ અજ્ઞાનાંધકારમાં ડૂબેલી હોય છે. ” શાંડિલ્યે પોતાના ‘ભાષ્ય’માં એક ઠેકાણે અનુરક્તિ શબ્દ યોજેલો છે. આ સંબંધે તેનો ટીકાકાર સ્વપ્નેશ્વર જણાવે છે કે અનુ એટલે પશ્ચાત્ અને રક્તિ એટલે નિષ્ઠા. અર્થાત્ પરમેશ્વરનો વૈભવ જોયા પશ્ચાત્ અને સૃષ્ટિનું જ્ઞાન થયા પશ્ચાત્ મનુષ્યને પરમેશ્વરપર જે એક પ્રકારની નિષ્ઠા—પ્રેમભાવ—ઉત્પન્ન થાય છે તેનું નામ ‘ અનુરક્તિ—ભક્તિ ’ છે. નહિંતો પક્ષી પુત્ર અને પત્નિ પરનો અંધ પ્રેમ પણ ભક્તિજ થઇ બેસે.

આ પરથી આપણને સ્પષ્ટ જણાય છે કે ભક્તિ એ એક માનસિક પ્રયત્નોની માળા છે. સાદાં ભજન પૂજન એ તેનો આરંભ છે અને ઇશ્વરપર નિસ્સીમ ભક્તિ એ તેનો અંત છે.

—:૦:—

પ્રકરણ ૨ જું.

તાત્વિકદૃષ્ટિએ ઈશ્વરસ્વરૂપનો વિચાર.

ત્યારે ઇશ્વર તે કોણ ? **जन्माद्यस्य यतः** અર્થાત્ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર તેજ ઈશ્વર છે. સનાતન, શુદ્ધસ્વરૂપ, સર્વતંત્રસ્વતંત્ર, સર્વશક્તિમાન્, સર્વજ્ઞ, દયાઘન તથા સર્વોત્તમોત્તમ તેજ છે. એટલુંજ , નહિ પરંતુ “ **स ईश्वरः अनिर्वचनीय**

પ્રેમસ્વરૂપ: " અર્થાત્ જે અનિર્વચનીય (જે શબ્દથી વ્યક્ત કરી શકાતો નથી) પ્રેમસ્વરૂપ તેજ ઈશ્વર છે.

ઉપર જણાવેલાં સર્વ લક્ષણો ઈશ્વરનાં સગુણસ્વરૂપનાં છે. ત્યારે શું ઈશ્વર અનેક છે ? આ પ્રશ્ન સહજ ઉત્પન્ન થાય છે. 'નેતિનેતિ' કરી નિર્ગુણત્વ પ્રતિપાદન કરનારા તત્વજ્ઞાનીઓનો સચ્ચિદાનંદ અને ભક્તોનો પ્રેમસ્વરૂપ ઈશ્વર ભિન્ન ભિન્ન છે કે ? નહિ જ ! તેમાં ભિન્નતાનો લેશ પણ નથી. જેને જ્ઞાનીઓ સચ્ચિદાનંદ કહે છે તેજ તે પ્રેમસ્વરૂપ પરમેશ્વર છે. સગુણ અને નિર્ગુણ એ ઉભય સ્વરૂપો તે એક પ્રભુનાંજ છે. નિત્ય એ વાત લક્ષમાં રાખવી જોઇએ કે ભક્તો જેનું પૂજન કરે તે સગુણસ્વરૂપ ઈશ્વર અને જ્ઞાનીઓનો નિર્ગુણ બ્રહ્મ એ બન્ને તદ્દન અભિન્ન છે. સર્વ કોઇનો એક–અદ્વિતીય–બ્રહ્મમાં સમાવિષ્ટ થાય છે. પરંતુ બ્રહ્મને માત્ર કેવળસ્વરૂપ–એક–અદ્વિતીયસ્વરૂપ–તરિકે જોવાથી ભજન પૂજનદ્વારા તેની આરાધના થઇ શકતી નથી. માટેજ ભક્ત તેનાં સગુણ સ્વરૂપને પસંદ કરે છે અને આ સગુણ સ્વરૂપ તે જગન્નિયંતા ઈશ્વર છે. આપણે એક દૃષ્ટાંત લઇશું. ધારો કે બ્રહ્મ એ માટી છે કે જેમાંથી દરેક પ્રકારના અસંખ્ય પદાર્થો ઘડવામાં આવે છે. માટી તરિકે જોતાં આ સર્વ પદાર્થો એકજ જાતના છે. પરંતુ તેમનો આકાર–તેમના ઘાટ જોતાં, એક ઘોડો, એક ગાય, એક સ્ત્રી, એક પુરૂષ એ પ્રમાણે ભિન્ન ભિન્ન જાતની વસ્તુઓ દેખાય છે. આ સર્વ વસ્તુઓ માટીમાંથી ઉત્પન્ન થવા પૂર્વે તેમાં પોતાની સત્તા (Potentiality.) રૂપ વાસ કરતી હતી. પરંતુ એકવાર તેને ઘડવામાં આવી એટલે જ્યાં સુધી, તેના આકાર જેવાં છે તેવાંજ

રહેશે, ત્યાં સુધી તે એક બીજાથી ભિન્નજ ગણાશે. એક ઉંદરનું ચિત્ર શું આપોઆપ હાથીનું ચિત્ર બનશે ? ના કદિ નહિ. જ્યાં સુધી પદાર્થોનાં વ્યક્ત સ્વરૂપ કિંવા આકાર ભિન્ન ભિન્ન છે ત્યાં સુધી એક બીજાથી ભિન્નજ ગણાશે, તોપણ વસ્તુનાં સંભવસ્વરૂપ કિંવા અવ્યક્ત-સ્વરૂપનાં મૂળમાં તો માટી એ એકજ પદાર્થ છે. આજ દૃષ્ટાંત ઇશ્વર-ને બરાબર લાગુ પડે છે. ઈશ્વર નિર્ગુણ-કેવલસ્વરૂપનું અત્યુચ્ચ પ્રકારનું વ્યક્ત સ્વરૂપ કિંવા સગુણ સ્વરૂપ છે. ઈશ્વર એ આપણું મગજ ગ્રહણ કરી શકે એવો અખંડ બ્રહ્મનો સર્વથી મોટો ભાગ છે. આ સૃષ્ટિ અનાદિ, અનંત છે અને ઇશ્વર પણ અનાદિ અનંત છે.

વ્યાસે પોતાના સૂત્રના ચતુર્થ અધ્યાયના ચતુર્થ પાદમાં આત્મા મુક્ત થયા પછી તેનામાં અનંત જ્ઞાન તથા શક્તિ આવે છે ઇત્યાદિ વાતો જણાવી પાછળથી કહ્યું છે કે “ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવાનું સામર્થ્ય ઇતર કોઇમાં નથી. તે ફક્ત ઈશ્વરમાંજ છે.” આ સૂત્રપર ટીકા કરતાં દ્વૈતવાદીઓ સહજ એમ પ્રતિપાદન કરી શકે છે કે વ્યક્તિમાત્રના ક્ષુદ્ર જીવને ઇશ્વરનું અખંડ સ્વાતંત્ર્ય અને અતર્ક્ય કર્તૃત્વ પ્રાપ્ત થવું અશક્ય છે. દ્વૈતવાદીઓના આચાર્ય મધ્વાચાર્યે પોતાની હમ્મેશાંની પદ્ધતિને અનુસરીને આ સૂત્રપર વરાહપુરાણમાંથી એક શ્લોક ઉદ્ધૃત કરીને દ્વૈતવાદની તરફેણમાં ટીકા કરી છે.

આજ વાક્ય પર વ્યાખ્યા કરતાં શ્રી રામાનુજ કહે છે કે “ હવે એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે મુક્ત થયેલા જીવને જે શક્તિ પ્રાપ્ત થાય છે તેમાં ઈશ્વરની સૃષ્ટિ, સ્થિતિ, લય નિયામકશક્તિ તથા તેના પ્રભુત્વનો સમાવેશ થાય છે કે નહિ ? તે શક્તિ જો તેનામાં ન આવતી હોય તો માત્ર પરમાત્માની સાક્ષાત્ પ્રતીતિ કરવી એજ તેનું

કર્તવ્ય રહે છે. અમે એમ પણ કહી શકીશું કે મુક્ત જીવને જગન્નિયંતૃત્વ મળવું સયુક્તિક છે. કારણ કે શ્રુતિમાં કહેવામાં આવ્યું છે કે "તે શુદ્ધ પરમાત્માની. સાથે એકરૂપ થઈ જાય છે." વળી તેની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય છે એમ પણ શ્રુતિમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જ્યારે આવી રીતે પરમેશ્વરની સાથે એકરૂપ થવાય–જ્યારે સર્વ કામના પરિપૂર્ણ થાય ત્યારે તો મુક્તજીવમાં જગન્નિયંતૃત્વ આવવુંજ જોઇએ." આ પ્રત્યે અમારો ઉત્તર એવો છે, કે મુક્ત પુરૂષોને જગન્નિયંતૃત્વ શિવાય સર્વ સિદ્ધિઓ મળે છે. જગતનું નિયમન કરવું એટલે જીવવ્યતિરિક્ત સર્વ અચેતન તથા સચેતન પદાર્થોને ઇચ્છા, કામના તથા જીવન અર્પી તેને અંકુશમાં રાખી પ્રવૃત્તિવાન કરવાં એ છે. મુક્ત જીવ તો ઇશ્વર સાથે એકરૂપ થયેલો હોવાથી તેની અને ઇશ્વરની ઇચ્છામાં વિરોધ હોતો નથી અને તેથી તે અખંડ બ્રહ્માનંદસુખમાં નિમગ્ન હોય છે. વેદાંતમાં પણ આ પ્રમાણેજ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. શ્રુતિમાં એવો ઉલ્લેખ નજરે પડે છે કે "જેમાંથી સર્વ પદાર્થો નિર્માણ થયા, જેના સામર્થ્યનિર્મિત થયેલા પદાર્થોનો વ્યાપાર વ્યવસ્થાપૂર્વક ચાલે છે અને અંતે એ પદાર્થો જેમાં લય પામી મળી જાય છે તેનો વિચાર કર. તેજ બ્રહ્મ છે." જો પરમેશ્વરની પેઠે મુક્તજીવમાં પણ જગન્નિયંતૃત્વનો ગુણ હોય તો ઉપરોક્ત વાક્યપરથી બ્રહ્મનો બોધ થઇ શકશે નહિ. કારણ કે તે વાક્યમાં તો જગન્નિયંતૃત્વનેજ બ્રહ્મનું લક્ષણ સૂચવવામાં આવ્યું છે. એક વસ્તુની વ્યાખ્યા કરતાં તેમાં જે વિશિષ્ટ ગુણ હોય તેનો મુખ્યતઃ નિર્દેશ કરવામાં આવે છે. માટે 'મારા પ્રિયપુત્ર ! તે એક અદ્વિતીય તત્ત્વ, આત્માનંદમાં નિમગ્ન અને સર્વ વસ્તુની પૂર્વે વિદ્યમાન

હતું: તેનેજ અનેક વસ્તુ ઉત્પન્ન કરવાની ઇચ્છા થઇ. તેમાંથીજ ઉષ્ણતા અર્થાત્ તેજ નિર્માણ થયું.' 'પ્રથમ તો એક બ્રહ્મજ વિદ્યમાન હતા. હવે તેમાંથી ઉદ્‌ભવન શરૂ થયું અને ક્ષત્રનું સુખકર સ્વરૂપ ઉત્પન્ન થયું. વરુણ, સોમ, રૂદ્ર, પર્જન્ય પ્રભૃતિ સર્વ દેવો ક્ષત્રજ હતા.' 'સર્વારંભે વસ્તુતઃ આત્માજ વિદ્યમાન હતો. તે શિવાય ઇતર કોઇ પણ તત્ત્વ અસ્તિત્વમાં નહોતું. તેનાજ એક દ્રષ્ટિક્ષેપથી આ સર્વ જગત્ ઉત્પન્ન થયું—અર્થાત જગતની ઉત્પત્તિ પાછળથી થઇ' 'પ્રથમ એક નારાયણુજ હતા. બ્રહ્મ, ઇશાન, દ્યાવા–પૃથિવી, તારાઓ, ઉદક, અગ્નિ, સોમ કે સૂર્ય એમાંની કોઇ પણ વસ્તુ નહોતી. માત્ર નારાયણુજ એકલા હતા. તેને એકલા રહેતાં આનંદ પડે નહિ તેથી તેણે ધ્યાન ધરી એક પુત્રી, દશ ઇંદ્રિયો આદિ નિર્માણ કર્યાં.' ઉપલાં વાક્યમાં તથા અન્ય કેટલેક સ્થળે 'પૃથ્વીપર વસતાં પ્રાણી પૃથ્વીથી ભિન્ન છે કે! તથા આત્મામાં રહેનાર જે કોઇ છે તે શું તેનાથી ભિન્ન છે.' ઇત્યાદિ વાક્યોમાં શ્રુતિએ જગતનો નિયામક ઇશ્વર છે એમ પ્રતિપાદન કીધું છે. એટલુંજ નહિ પરંતુ વિશ્વચાલકત્વ સંબંધે જ્યાં જ્યાં વર્ણન આવે છે ત્યાં કોઇ પણ સ્થળે મુક્તજીવને વિશ્વચાલકત્વનો અધિકાર આપવામાં આવેલો જણાયો નથી. ઉક્ત સૂત્રપર ટીકા કરતાં રામાનુજ જણાવે છે કે "શ્રુતિમાં આથી વિરૂદ્ધ વાક્યો હોવાથી, જો કોઇ આ વાતનો અસ્વિકાર કરે, તોપણુ એની વિરૂદ્ધનાં વાક્યોમાં મુક્તજીવને કનિષ્ઠ દેવતાના સામ્રાજ્યમાં જે વૈભવ મળે છે, તેનુંજ માત્ર વર્ણન કરેલું માલમ પડે છે." આ કથન સયુક્તિક છે, રામાનુજાચાર્યના મત પ્રમાણે સર્વ વિશ્વ એકજ છે તોપણુ તેના ગર્ભમાં નિરંતર ભેદો છે એવી તેની કલ્પના છે. રામાનુજાચાર્યનો

મત વ્યવહારિક દૃષ્ટિએ હોવાથી તે જીવાત્મા તથા સગુણ ઇશ્વર વ-ચ્ચેનો ભેદ રહેલાઇથી કાયમ રાખી શકાયો.

હવે અદ્વૈતવાદીઓના અગ્રણી આ સંબંધે શું કહે છે તે આ-પણે જોઇશું. અદ્વૈતવાદ દ્વૈતવાદની સર્વ આશા અને મહત્વાકાંક્ષા તેવી ને તેવી કાયમ રાખી તેની સાથેજ મનુષ્ય જાતીની દૈવિક કિંવા અ-ત્યુચ્ચ મહત્વાકાંક્ષાનુસાર પોતાની સમક્ષ રજુ થયેલા પ્રશ્નોનો નિવેડો કેવી રીતે કરી નાંખે છે તે આપણે જોઇશું. જે મુક્તિ પ્રાપ્ત થયા છતાં પણ પોતાનું વ્યક્તિત્વ કાયમ રાખવાની ઇચ્છા ધરાવતો હશે અર્થાત્ તે ઇશ્વરથી ભિન્ન રહેવાની ઇચ્છા ધરાવતો હશે તેને તેમ, રહેવાની સગવડ બહુ સારી મળે છે અને તે તે સગુણ બ્રહ્મનું યથેચ્છ સુખ ભોગવી શકે છે. ભાગવતપુરાણમાં એવું વર્ણન છે કે " હે રાજા ! આ ઇશ્વરના ગુણ એવા અલૌકિક—મનોહર છે કે જેને આત્મ-સુખ શિવાય અન્ય કોઇ પણ વસ્તુ પ્રિય નથી અને જેના સર્વ માયા-પાસ તુટી ગયા છે એવા રૂષીઓ સુદ્ધાં, કોઇ પણ ફળની ઇચ્છા નૂ હોવા છતાં, તે પ્રભુપર મોહિત થઇ જાય છે. ". આવા રૂષીઓને વિષે સાંખ્યમાં એવું વર્ણન છે કે " આ માણસો આ કલ્પમાં સૃષ્ટિમાંજ રહેશે પરંતુ બીજા કલ્પમાં કેટલાક ભુવનોના નિયામક બનશે, " પરંતુ કોઇને પણ તેમાં ઇશ્વરસમાન ગણવામાં આવ્યો નથી. જ્યાં સૃષ્ટિ, સૃષ્ટા અને સૃજ્યનું નામ નથી, જ્યાં જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયનો ભાવ નથી, જ્યાં હું, તું, તે એવો ભેદ નથી, જ્યાં કર્ત્તા, કર્મ અને ક્રિયાની સંબંધપરંપરા નથી, અને જ્યાં દૃષ્ટા દૃશ્ય અને દર્શન નથી, એવી અત્યુચ્ચ ભૂમિકાએ જેઓ પહોંચ્યા છે તેઓ જગત્‌ની પેલી તરફ જઇ પહોંચ્યા છે કે જ્યાં મન અને શબ્દની ગતિ પહોંચતી નથી

અને જેને શ્રુતિને ' નેતિ નેતિ ' કહી પોકારવું પડે છે. પરંતુ જે માણુસથી આ માર્ગ સાધી શકાતો નથી, કિંવા જેને એ માર્ગ સાધવાની ઇચ્છાજ નથી, તેણે પોતાની દૃષ્ટિ આગળ એક અભિન્ન બ્રહ્મના સૃષ્ટિ, જીવ તથા એ ઉભયના પાલક સર્વવ્યાપી ઇશ્વર એ ત્રણુ ભેદો રાખવા જોઇએ. પ્રલ્હાદ જ્યારે સ્વત્વ (પોતાપણું) વિસરી ગયો ત્યારે તેને વિશ્વ અને તેનાં આદિકારણુની પણુ વિસ્મૃતિ થઇ. આ સ્થિતિમાં તેને નામ રૂપાદિ ભેદરહિત કેવળ અખંડ અનંત બ્રહ્મજ દેખાતા હતા. પણુ જ્યારે હું પ્રલ્હાદ છું એવી જ્યારે તેને સ્મૃતિ થઇ ત્યારે પુનઃ તેની દૃષ્ટિસમીપ સૃષ્ટિ અને ' અનેક સદ્‌ગુણુના નિધિરૂપ ' સૃષ્ટિકર્તા આવીને ઊભા રહ્યા. દિવ્ય પ્રસાદ પામેલી ગોપીઓની પણુ એજ સ્થિતિ હતી. તેઓ જ્યાં સુધી પોતાના દેહના ભાનરહિત રહેતી ત્યાં સુધી તેઓ કૃષ્ણુસ્વરૂપ બની જતી. પરંતુ જ્યારે તેઓ કૃષ્ણુની પૂજા કરવાની વાત મનમાં આણુતી ત્યારે તે પોતાનાં પૂર્વ સ્વરૂપને પ્રાપ્ત થતી (અર્થાત્ પુનઃ ગોપી બની જતી.) એમ થતાંજ

तासामाविरभूच्छौरिः स्मयमानमुखांबुजः ।
पीतांबरधरः स्त्रग्वी साक्षान्मन्मथमन्मथः ॥

કિંચિત્ હાસ્યની છટા કમળ જેનાં વદનપર ખીલી રહી છે; કંઠમાં પુષ્પમાળા શોભી રહી છે; કટિમાં પીળું પીતાંબર પરિધાન કરેલું છે; અને પ્રત્યક્ષ મદનને પણુ લજાવે એવું હૃદયંગમ સૌંદર્ય પ્રકાશી રહ્યું છે, એવા શ્રીકૃષ્ણુ ભગવાન સાક્ષાત્ તેમની સમક્ષ આવીને ઊભા રહેતા. (ભાગવત પુરાણુ)

હવે આપણે પુનઃ શંકરાચાર્ય પ્રતિ વળીશું. શ્રીમચ્છંકરાચાર્ય

કહે છે કે "જે માણસ સગુણ રૂપની પૂજા કરીને તે પ્રભુની સાથે એક્ય પ્રાપ્ત કરે છે અને પોતાનું વ્યક્તિત્વ પણ કાયમ રાખે છે તેના વૈભવનો કાંઇ પાર છે કે નહિ ?" આ પ્રશ્ન ઉદ્ભવતાં 'તેને પોતાનું રાજ્ય મળે છે.' 'તેની સર્વ દેવો પૂજા કરે છે' આવાં અનુકૂળ શ્રુતિપ્રમાણ આપવામાં આવે છે. આનો ઉત્તર આપતાં વ્યાસ કહે છે કે "વિશ્વચાલનશક્તિ શિવાયની શેષ સર્વ અણિમાદિ અષ્ટ સિદ્ધિ કિંવા શક્તિ મુક્તને પ્રાપ્ત થાય છે. પરંતુ વિશ્વચાલનશક્તિ તો માત્ર એક પૂર્ણ અખંડ પરબ્રહ્મમાંજ હોય છે. શ્રુતિએ વિશ્વોત્પત્તિ વિષે વર્ણન કરતાં વિશ્વનું કર્તૃત્વ ઇશ્વરને આરોપ્યું છે, મુક્તને નહિ. તે પ્રભુ સૃષ્ટિનો વ્યવહાર સુયંત્રિત રીતે ચલાવવાના કાર્યમાં સર્વદા ગુંથાયેલો રહે છે. સૃષ્ટિ સંબંધી વર્ણન જે જે વાક્યમાં આવે છે તે સર્વમાં સૃષ્ટિનું કર્તૃત્વ ઇશ્વરનેજ આપવામાં આવ્યું છે. વળી તેને 'સદા પૂર્ણ' વિશેષણ લગાડવામાં આવેલું જણાય છે. અણિમાદિ સિદ્ધિ આ ઇશ્વરનું ભજન કરવાથી અને તેની શોધ કરવાથી પ્રાપ્ત થાય છે, એમ પણ તેમાં કહેવામાં આવ્યું છે. આ પરથી વિશ્વનું નિયામકત્વ કોઇ પણ રીતે મુક્ત જીવને પ્રાપ્ત થવું સંભવતું નથી. વળી મુક્ત જીવોનું વ્યક્તિત્વ કાયમ રહેવાથી તેમની પૃથક્ પૃથક્ ઇચ્છાઓ પરસ્પર વિરોધી હોય એ સાહજિક છે. એટલે કોઇને ઉત્પત્તિની ઇચ્છા હોય તો કોઇને સંહારની ઇચ્છા શા માટે ન હોય ? પરંતુ સૃષ્ટિતો ચાલવીજ જોઇએ. ત્યારે આ વિરોધ હોવાથી તે કેવી રીતે ચાલશે ? માટે સર્વ ઇચ્છા કોઇ મુખ્ય ઇચ્છાની તાબેદાર હોવી જોઇએ. આ પરથી ફલિતાર્થ એ નીકળે છે કે મુક્તોની ઇચ્છા પ્રભુની ઇચ્છાપર અવલંબી રહેલી હોય છે.

ત્યારે, સગુણોપાસનાથી ભક્તિને બ્રહ્મ તરફ સહજ વાળી શકાશે. 'अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते' (જેનું મન નિર્ગુણ સ્વરૂપ પર આસક્ત હોય છે તેનો માર્ગ અત્યંત કઠિન હોય છે.) પોતાના સ્વાભાવિક પ્રવાહ પ્રમાણે સહજ વહ્યા જવું એનું નામ ભક્તિ છે. આ વાત ખરી છે કે જો આપણે બ્રહ્મ વિષે કલ્પના કરવા માંડીએ તો જ્યાં સુધી આપણે તેના પર માનવી ગુણોનો આરોપ કરીએ નહિ ત્યાં સુધી તેની કલ્પના આવી શકશે નહિ. પ્રત્યેક વસ્તુની કલ્પના કરતી વખતે આપણે એમજ કરીએ છીએ. સર્વશ્રેષ્ઠ—અજ્ઞાતપૂર્વ—અધ્યાત્મ જ્ઞાની કપિલમુનીએ અનેક શતક પૂર્વે સિદ્ધ કર્યું હતું કે અંતર્બાહ્ય પદાર્થો વિષેની આપણી કલ્પના અને તે વિષેનું આપણું સાક્ષાત્ જ્ઞાન એ આપણને પ્રાપ્ત થયેલા જ્ઞાન પરજ અવલંબિત છે. આપણાં શરીરથી લઇને ઠેઠ ઇશ્વરપર્યંતની આપણી સર્વ કલ્પના અને તે વિષેનો આપણો સર્વ અનુભવ એ આપણી જ્ઞાનશક્તિ અને પદાર્થની વાસ્તવ સ્થિતિનું મિશ્રણ છે, અને તેને આપણે તે પદાર્થનું સત્ય સ્વરૂપ સમજીએ છીએ અને આપણે આપણી જ્ઞાનશક્તિના પ્રમાણમાં તેનેજ સત્ય સ્વરૂપ માની લેવાના. માટે ઇશ્વર પર માનવી ગુણોનો આરોપ કરી શકાતો હોવાથી તેનું ખરૂં અસ્તિત્વ છેજ નહિ એમ માનવું એ કેવળ મૂર્ખતાજ છે. આબાદ પાશ્ચાત્ય દેશોના કલ્પનાવાદી તથા સત્યવાદી વચ્ચે ચાલતા વાગ્યુદ્ધનેજ ઘણે અંશે મળતો છે. આ ભયંકર જણાતા વાગ્યુદ્ધનો પાયો 'સત્ય' શબ્દ પરની મારામારી માત્રજ છે. 'સત્ય' શબ્દમાં જેટલી કલ્પના અને જેટલા અનુભવોનો સમાવેશ થાય છે તે સર્વના અર્થમાં ઇશ્વર સત્ય છે અને સૃષ્ટિમાંના કોઇ પણ પદાર્થ

જે અર્થમાં ખરો છે તેજ અર્થમાં ઇશ્વર પણ ખરો છે. સત્યનો અર્થ આથી વધુતે શો થવાનો હતો? અસ્તુ !

ઇશ્વર સંબંધી અમારો તત્વજ્ઞાનદૃષ્ટિએ વિચાર આ છે.

પ્રકરણ ૩ જું.

ભક્તિયોગનો ઉદ્દેશ અથવા પરમાત્મસાક્ષાત્કાર.

ભક્તને શુષ્ક તત્ત્વજ્ઞાનનો ઉપયોગ માત્ર તેની ઇચ્છા શક્તિ દૃઢ થવા પૂરતોજ છે તે ઉપરાંત આ સર્વ તત્ત્વોનો તેને કાંઈ પણ ઉપયોગ નથી. કારણ કે તે જે માર્ગે જાય છે તે થોડાજ વખતમાં તેને અંધકારમય અને અસ્વસ્થ બુદ્ધિસાગરને પેલેપાર સાક્ષાત્કાર સામ્રાજ્યમાં લઇ જાય છે. તે દયાનિધિની એકવાર ભક્તપર દયાર્દ્ર દૃષ્ટિ ફરી એટલે અહંમન્ય પરંતુ દુર્બળ બુદ્ધિ જ્યાં પહોચી શકતી નથી, તથા જ્યાં બુદ્ધિનું તેજ ફીકકું પડી જાય છે અને સાક્ષાત્ પ્રતીતિરૂપ ઉજ્વળ સૂર્ય પ્રકાશ દીપ્તિમાન થઇ રહે છે એવું અતિઉચું સ્થાન તેને એકદમ પ્રાપ્ત થાય છે. આ સ્થળે તેને બુદ્ધિ કિંવા વિશ્વાસ પર અવલંબી રહેવું પડતું નથી, પરંતુ ત્યાં તેને સાક્ષાત્ દર્શન થાય છે. પછી તેને ખરા ખોટાની તકરાર કરવાની રહેતી નથી; કારણ કે જે સત્ય નામની વસ્તુ છે તે તેની સામે હાથ જોડીને ઉભા રહે છે. આ રીતનું તે પરમાત્માનું દર્શન કિંવા તેની સાક્ષાત્ પ્રતીતિ તથા તે દ્વારા ઉપજતો આનંદ એથી ભક્તને જે કાંઇ સુખ

ઉત્પન્ન થાય છે તે બીજાં સર્વ સુખો કરતાં શ્રેષ્ઠ હોય છે. એટલુંજ નહિ પરંતુ કેટલાક ભકતો એવા પણ જોવામાં આવે છે કે તેમને આ સુખની આગળ પ્રત્યક્ષ મોક્ષ પણ વિસાત વગરનો લાગે છે, ત્યારે ત્રિભુવનમાં અનુપમ લાભ આજ નહિ તો બીજું શું ? જગતમાં કેટલાક—અરે પુષ્કળ લોકો એવા છે કે જેઓ વિષયોપભોગમાંજ સર્વસ્વ માને છે અને જેથી તે પ્રાપ્ત થાય તેજ ખરા ફાયદાની વાત એવીજ તેમની માન્યતા હોય છે; ધર્મને રસ્તે શા માટે ચાલવું? તો કહે ચારપૈસા મળે માટે; અથવા તો ઇન્દ્રિય સંબંધી સુખોપભોગ મળે માટે, તેમજ કીર્તન તથા ઇશ્વરભજન શા માટે કરવું ? તો કહે તેમાં ઇન્દ્રિય સંબંધી સુખ મેળવવાનાં સાધન છે માટે આવા લોકોને જે જે વસ્તુથી ઇંદ્રિયોની તૃષ્ણા તથા વિષયેચ્છા તૃપ્ત કરી શકાતી નથી તેતે કડવી ઝેર જેવી લાગે છે. તથાપિ, જુદાં જુદાં મગજ જુદી જુદી વસ્તુને ફાયદાકારક ગણે છે, અર્થાત્ જેને જે વસ્તુ પ્રિય હોય તે વસ્તુ મેળવવામાંજ તે ફાયદો સમજે છે. ખાવું, પીવું, સંતાનોત્પત્તિ કરવી અને મરવું એટલે સુધીજ જેની દૃષ્ટિ મર્યાદા પહોંચે છે તેને ઇંદ્રિયસુખમાંજ ફાયદો જણાય છે. ઇંદ્રિય સુખ કરતાં ઉચ્ચ પ્રકારનાં સુખોની માત્ર ઇચ્છાનો ઉદ્ભવ થવાને માટે તેને ઘણી ધીરજ ધારણ કરવી પડે છે અને અનેક જન્મોના ફેરા ખાવા પડે છે. પરંતુ જેમને આ આત્મપ્રાપ્તિના અગાધ સુખની કિમ્મત ક્ષણભંગુર ઐહિક સુખો કરતાં વિશેષ લાગે છે અને જેને વિષયસુખ માત્ર બાળકની રમત જેવું લાગે છે તેને ઇશ્વરચિંતન તથા ઇશ્વરભક્તિ એજ જન્મનું સાફલ્ય લાગે છે. આવા નરરત્નો દુનિયામાં અલ્પ સંખ્યામાં પણ પ્રાપ્ત થાય છે એ ઇશ્વરની કૃપા જ સમજવી જોઇએ.

પાછળ જણાવ્યા પ્રમાણે ભક્તિયોગના બે ભેદ કલ્પવામાં આવ્યા છે. ગૌણી (પ્રારંભની) ભક્તિ અને પરા (શ્રેષ્ઠ) ભક્તિ. આપણને આગળ ચાલતાં જણાશે કે ભક્તિના પ્રારંભના ક્રમમાં આપણને પ્રગતિ કરવાને માટે સાકાર કિંવા દૃશ્ય વસ્તુની આવશ્યકતા હોય છે. ધર્મના પૌરાણિક અને સાંકેતિક એવા જે બે સ્વાભાવિક ભેદ છે તે પ્રથમ મુમુક્ષુનાં ચિત્તને ભક્તિપર બરાબર ચોંટાડવાને માટે તેમજ ઇશ્વરપ્રાપ્તિનો માર્ગ ખુલ્લો કરી આપવાને માટે સાહાય્યભૂત થાય છે. પણ તેની સાથે આ વાત પણ બરાબર લક્ષમાં રાખવી જોઇએ કે જે ધર્મમાં સંજ્ઞા (સાંકેતો) તથા સુંદર પૌરાણિક કથાઓની રેલ છેલ હોય છે તેજ ધર્મમાં મોટા મોટા બ્રહ્મજ્ઞાનીઓ અવતર્યા છે. કેટલીક ધર્મશાખાઓ કાવ્યમય સુંદર અને મનને આલ્હાદ આપનાર જે જે વસ્તુઓ (કે જેનાથી પરમાર્થના માર્ગપર મંદગતિએ ચાલતા માણસને મક્કમ ટેકો મળે છે અને જેને ધર્મરૂપી ગૃહને સ્થંભ કહેતાં પણ હરકત નથી) ધર્મમાં હોય તેતે સર્વ કાઢી નાંખવાનો પ્રયત્ન કરે છે. આ શાખાના અનુયાયીઓ ધર્મરૂપી વૃક્ષને જીવન આપનાર જે જે વસ્તુ છે અને જેના યોગે વૃક્ષ નવ પલ્લવ થાય છે તે તે સર્વને પોતાની અજ્ઞાનના પડદાથી ઢંકાયેલી બુદ્ધિને અનુસરી, દુરાગ્રહથી સમૂળ ઉખેડી નાંખવાનો પ્રયાસ કરે છે. આ લોકોને થોડાજ વખતમાં જણાય છે કે જ્ઞાનનો પર્વત રસાતળમાં જઇ તેમના હાથમાં કેવળ પોકળ શબ્દાડંબરજ આવે છે, અથવા તો કહેવાતી સમાજસુધારણાનાં ફાંફાં તેમના હાથમાં શેષ રહે છે.

જે લોકોનો ધર્મ આવો હોય છે તે અસંખ્ય માણસો પ્રકટ કિંવા અપ્રકટ જડવાદીજ હોય છે. તેમની ઇહ અને પર લોકના

કર્તવ્યની સીમા તથા ઇષ્ટ વસ્તુ ઇન્દ્રિયના વિષયોપભોગજ હોય છે કે જેના વગર તેમને આ જન્મ નિષ્ફળ ગયેલો લાગે છે. આવા લોકોનેજ ઐહિક સુખ અને વૈભવ જેથી મળે તેવા ઝાડ વાવવાના અને રસ્તો સાફ કરવા જેવા કામમાંજ જન્મનું સાર્થક્ય ભાસે છે. આવા અજ્ઞાની અને ઉન્મત્ત લોકો પોતે પહેરેલાં સિંહચર્મો ફેંકી દઇને પોતાનાં ખરાં સ્વરૂપમાં જગતની સમક્ષ જેમ જલદી ઉભા રહેશે તેમ જગતનું વિશેષ કલ્યાણ થશે; કારણ કે આવા લોકો અને જડવાદી તથા નાસ્તિક લોકોમાં કાંઈ ભેદ હોતો નથી. મૂર્ખતા ભરેલા હજારો મત ધારણ કરી નકામો બકબકાટ કરવામાં શા ફાયદો છે? આધ્યાત્મિક સિદ્ધાંતનો અનુભવ અને સદ્વર્તનની એક રતી પણ આવા મૂર્ખતા ભરેલા મત અને બકબકાટની ખાંડી કરતાં વિશેષ વજનદાર હોય છે. આવા અજ્ઞાનથી ભરેલા ઉન્મત્ત લોકોમાંથી એક પણ મહાત્મા તો બતાવો. અને જો તે બતાવવાની તમારી છાતી ન હોય તો તમારું મુખ બંધ કરો, અને જ્ઞાનરૂપી સૂર્યનાં કિરણો પ્રવેશ કરી શકે એટલા માટે તમારાં અંતઃકરણનાં દ્વાર ખુલ્લાં મુકીદો અને ભરતખંડના જે રૂષીવર્યોએ અધ્યાત્મતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો છે તેમને ચરણે પડી તેમની પાસેથી એ વિદ્યા શીખો. ત્યારે. હવે તેઓ શું કહે છે તે સાંભળો.

પ્રકરણ ૪ થું.

ગુરૂની આવશ્યકતા.

પ્રત્યેક આત્મા પૂર્ણ દશાને પ્રાપ્ત થવાને નિર્માણ થયેલો છે અને અંતે પ્રત્યેક આત્મા પૂર્ણ દશાને પ્રાપ્ત થશેજ. હાલ આપણે જે સ્વરૂપમાં છીએ, તે પૂર્વસંચિત કર્મો અને વિચારોનો વિષયક છે અને ભવિષ્યમાં આપણી જે કોઇ દશા બદલાશે તે હાલના કર્મો અને વિચારોનાં ફળ રૂપેજ થશે. આ દૃષ્ટિથી જોતાં આપણે આપણાં નશીબના સંપૂર્ણ કર્ત્તા છીએ તોપણ તેથી આપણને બાહ્ય મદદ શિવાય ચાલશે એમ ધારવાનું કશું પ્રયોજન નથી. વિશેષ કહેવાથી શું ? ઘણા માણસોના સંબંધમાં આવી મદદ અત્યંત આવશ્યક છે. બાહ્ય મદદ મળતાં આપણા આત્માની જે કાંઇ ઉચ્ચ પ્રકારની અંતઃશક્તિ હોય છે તેને એક પ્રકારનો વેગ મળે છે. અને આપણા આત્માથી જે કાંઇ બની શકે એવું હોય તે કરવાનો ઉત્સાહ તેમાં પ્રકટે છે; તેમાં જાગૃતિ આવી તેની પ્રગતિને એક પ્રકારનું બળ મળે છે અને તે આંજે નહિ તો કાલે પવિત્ર અને પૂર્ણ દશાને પ્રાપ્ત થઇ જાય છે.

જેની મદદથી આ બળ મળવું જોઇએ તે કાંઇ પુસ્તકોનું વાંચન નથી. આત્માને આત્માદ્વારાજ બળ મળે છે, તે શિવાય બળની આશા રાખવી આકાશકુસુમવત્ છે. જો આપણે આંખણો આખો ભવ પુસ્તકો વાંચવામાં ગાળીએ તો માત્ર આપણી બુદ્ધિનો વિકાસ

થશે, પરંતુ આપણા આત્માની સ્થિતિ તો પૂર્વવતજ રહેશે. બુદ્ધિનો વિકાસ ગમે તેટલો થાય પણ તેથી આત્માનો વિકાસ જરા પણ થતો નથી.

પુસ્તકોના વાંચનથી આપણા આત્માનો વિકાસ થાય છે એમ આપણને ભ્રમથી કદિ કદિ લાગે છે; પરંતુ સત્યનો શોધ કરતાં આપણને એમ જણાઈ આવશે કે વાચનથી કાંઈ પણ ફાયદો થતો હોય તો તે ફક્ત " બુદ્ધિવિકાસનોજ ફાયદો છે, પરંતુ તેનાથી આપણા આત્મામાં લવલેશ પણ ફરક પડતો નથી. આપણામાંના ઘણા જનોને અધ્યાત્મિક વિષયપર છટાદાર ભાષણો કરતાં આવડે છે, પરંતુ બોલવા પ્રમાણે ચાલવાનો અર્થાત સાધુવૃત્તિ અને શુદ્ધાચરણથી રહેવાનો પ્રસંગ આવ્યો કે તેઓ તેમ કરી શકતા નથી, તેનું કારણ આજ છે. માટે આત્માને ગતિ મળવા સારૂ અન્ય પરિપૂર્ણ આત્માદ્વારાજ તેને ધક્કો કિંવા વેગ મળવો જોઇએ.

જે પવિત્ર આત્મા થકી આ વેગ મળે છે તેનેજ ગુરૂ કહેવામાં આવે છે, અને જેના આત્માને આ ગતિ મળે છે તેને શિષ્ય કહેવામાં આવે છે. આને માટે ગુરૂના અંગમાં અન્ય આત્માને વેગ આપવાનું સામર્થ્ય હોવું જોઇએ. બીજા પક્ષે જે આત્માને આ વેગ મળે તે તેને અંગીકાર કરવાને પૂર્ણ અધિકારી હોવો જોઇએ. 'પ્રથમ તો બીજ જીવંત હોવું જોઇએ. તેમજ ખેતર પણ ખેડાઇને તૈયાર થયેલું હોવું જોઇએ. આ બન્ને વસ્તુ સિદ્ધ થઇ હશે તોજ ધર્મવૃક્ષ ત્વરાથી વધતું જશે. ગુરૂ શિષ્યના અધિકાર' વિષે એવા શબ્દો છે કેઃ—

" आश्चर्यो वक्ता कुशलोऽस्य श्रोता " અર્થાત " જેપાસે ગુરૂ હોય તેના અંગમાં વિલક્ષણ પ્રકારનું સામર્થ્ય હોવું જોઇએ "

આ બન્ને પુરૂષો વિલક્ષણ પ્રકારના હશે તોજ હૃદયંગમ આત્મતત્ત્વ ઉગશે, નહિતો ઉગશે નહિ. ઉપર જણાવેલો ગુણ જે ગુરૂમાં હોય તેજ ખરો ગુરૂ છે અને ખરો શિષ્ય પણ ઉપર જણાવેલા પ્રકારનોજ હોઇ શકે છે. બાકીના સર્વે તો અધ્યાત્મ તત્ત્વની મશ્કરી કરે છે એમ કહીશું તો ચાલશે. તેમના મનમાં ધર્મ સંબંધી કિંચિત્ જિજ્ઞાસા ઉત્પન્ન થયેલી હોય છે, તેમની બુદ્ધિરૂપી જ્યોતિ કાંઇક પ્રદીપ્ત થયેલી હોય છે એ વાત ખરી પરંતુ તેઓની ગતિ કેવળ ધર્મની દૃષ્ટિ મર્યાદા સુધીનીજ હોય છે. હા! એ વાત ખરી કે તેમની કૃતિ કેવળ અર્થ વગરની છે એમ આપણે કહી શકીશું નહિ; કારણકે આજે નહિતો કાલે પણ તેમને ધાર્મિક જીવનની તૃષા લાગ્યા શિવાય રહેનાર નથી. સૃષ્ટિનો એક એવો વિલક્ષણ નિયમ છે કે ક્ષેત્ર ખેડાઇને તૈયાર થતાં બીજ ગમે ત્યાંથી આવીને પડે છેજ. એજ રીતે કોઇ આત્મા ધર્મનો ખરો અધિકારી થયો એટલે તેને ગમે ત્યાંથી પણ ગુરૂ આવી મળે છેજ. ધર્મ જિજ્ઞાસુ આત્માની ધર્મપ્રકાશને પોતાના અંતઃકરણમાં પ્રવેશ કરવા દેવાની શક્તિ જે પ્રમાણે વધતી જાય છે તે પ્રમાણે તેને પ્રકાશ આપનાર જે ગુરૂ તે પણ તેવાજ પ્રભાવવાળો આવી મળે છે.

તથાપિ આ માર્ગે પુષ્કળ સંકટો અને અડચણો છેજ. જુઓ! મનના ક્ષણિક તરંગને ધર્મ જિજ્ઞાસાનું ખરૂં સ્વરૂપ માની લઇ ઘણા શિષ્યો ફસાઇ પડે છે. આપણા પોતાના સંબંધમાં પણ તેમજ બનતું નજરે આવે છે. કોઇ વખત આપણો એકાદ અત્યંત પ્રિય સ્નેહી આ દુનિયા ત્યજી જાય છે તે વખત આપણાં મનને ધક્કો લાગે છે. નજર સન્મુખ જગતની ક્ષણભંગુરતા અને ઇશ્વરપણું તરત આવીને ઉભું

રહે છે; અને આપણને એમ લાગે છેકે આના કરતાં ઉચ્ચ પ્રતિના શાશ્વત જગતમાં જઇને વસીએ તો ઠીક. તે વખતે આપણાં મનની પ્રવૃત્તિ પારમાર્થિક દિશા તરફ વળે છે. પરંતુ આ સૌ સ્મશાન વૈરાગ્ય છે. થોડાજ દિવસમાં લાગણીનો પ્રવાહ વહી જાય છે અને આપણે પૂર્વે જ્યાં હતા ત્યાંના ત્યાંજ રહી જઇએ છીએ. આપણા-માંના ઘણા જણને મનનો આ ક્ષણિક તરંગ ધર્મ જિજ્ઞાસાનો દર્શક લાગે છે પરંતુ જ્યાં સુધી આપણે આ ક્ષણિક તરંગને ધર્મની ખરી અને અખંડ તૃષા માનીને ફસીશું ત્યાં સુધી આપણી બુદ્ધિપર પ્રકાશ પાડનાર અને આપણા આત્માને પ્રબુદ્ધ કરનાર ખરો ગુરૂ આપણને મળનાર નથી. સત્યની આપણા મનમાં જિજ્ઞાસા હોવા છતાં અને તેનો શોધ કરવા છતાં પણ આપણને કાંઇ સત્યનો અંશ પ્રાપ્ત થતો નથી, એવો બડબડાટ જ્યારે આપણું મન કરવા લાગે છે, ત્યારે આપણું પહેલું કર્તવ્ય એ છેકે આમ ફરવું બંધ કરીને આપણા અંતઃકરણની ખરી સ્થિતિ તપાસવી જોઇએ, તથા આપણા અંતઃકરણમાં સત્યની જિજ્ઞાસાનો જે અંકુર ફુટયો છે તે ખરો છે કે નહિ તે જોવું જોઇએ. આ શોધ કર્યા પછી આપણને એમ જણાઇ આવશે કે આપણી નજર સામેનાં અસંખ્ય ઉદાહરણોમાં આવા પ્રકારના લોકો સત્ય પ્રકાશની પ્રાપ્તિ કરવાને ખરેખરા પૂર્ણ અધિકારી નથી. અર્થાત્ ધર્મતૃષ્ણાનું—પારમાર્થિક જ્ઞાનનું—ખરૂં બીજ તેમના મનમાં દૃઢીભૂત થયું નથી.

પરંતુ ગુરૂના માર્ગમાં તો આથી પણ મહાન સંકટો હોય છે. આપણા પરિચયમાં એવા પુષ્કળ લોકો આવે છે કે જે સ્વતઃતો અજ્ઞાન સાગરમાં ડુબકીઓ ખાય છે પરંતુ અહંમન્યતાથી પોતાને

સર્વજ્ઞ સમજી પોતાની શેખી હાંકે છે, એટલુંજ નહિ પણ અન્ય-ને સત્ય માર્ગ દર્શાવવાનો દાવો કરી જાણે છે. પરિણામ એ આવે છે કે આંધળો માણસ આંધળાનો માર્ગ દર્શક બની પોતાની સાથે શિષ્યને પણ ખાડામાં નાંખે છે. કહ્યું છે કેઃ—

" अविद्यायामन्तरे वर्तमानाः
स्वयंधीराः पण्तिंमन्यमानाः ।
जङ्घन्यमानाः परियन्ति मूढा
अन्धेनैव नीयमाना यथान्धाः ॥

" અજ્ઞાની લોકો પોતાને પંડિતંમન્ય માની પોતાના શુષ્ક જ્ઞાનથી ફુલાઈ અજ્ઞાનાંધકારમાં ઠોકરખાતા પડેલા હોવા છતાં પણ આંધળાને દોરનાર આંધળા માણસની માફક ઠોકર ખાતા ખાતા અંધકારમાંજ આમથી તેમ અથડાય છે. "(कथोपनिषद् १-२-८)

આવા મૂર્ખ લોકોથી જગત કેટલું ઊભરાઇ ગયું છે ! પ્રત્યેક માણસને ગુરૂ બનવાની હોંસ હોય છે. પરંતુ જેમ એકાદ ભીખારી કરોડ રૂપીઆનું દાન કરવાની હોંસ ધરે તેના જેવીજ આ હોંસ હાસ્યાસ્પદ છે.

પ્રકરણ ૫ મું.

ગુરૂ શિષ્યનાં લક્ષણો.

ત્યારે સદ્‌ગુરૂ શી રીતે ઓળખવો ? અહો ! સૂર્ય જોવાને માટે મશાલની શી જરૂર હોય ! તે ઉગ્યો કે તરતજ આપણે તેને જોઈએ છીએ–ઓળખીએ છીએ, તેને કાંઇ બોલવું પડતું નથી. તેજ પ્રમાણે જ્યારે એકાદ સદ્‌ગુરૂ પતિતોનો ઉદ્ધાર કરવાને માટે આ મૃત્યુલોકમાં અવતરે છે ત્યારે આપણા આત્માને સ્વાભાવિક પ્રતીતિ (વિશ્વાસ) થાય છે કે મારાપર સત્ય જ્ઞાનનો પ્રકાશ પડવા લાગ્યો છે. સત્ય એ પ્રત્યક્ષ પ્રમાણ છે. તેને સિદ્ધ કરવાને માટે બાહ્ય પ્રમાણોની કાંઇ પણ આવશ્યકતા રહેતી નથી. એટલુંજ નહિ, પરંતુ તે સ્વયં પ્રકાશ છે. આપણા અંતરંગના ખુણા ખોચરા સુદ્ધામાં તેના કિરણો જઈ પહોંચે છે. આ પ્રમાણે આ વિશ્વપર એકવાર તેનો પ્રકાશ પડયો કે તરત જગત પોતાની અંધકારમય ગાઢ નિદ્રામાંથી ખળભળી ઉઠી જાગૃત થાય છે અને ‘ એજ તે સત્ય ’ ‘ એજ તે સત્ય ’ એમ કહી ડોલવા લાગે છે. ગુરૂનું જ્ઞાન અને સત્યનિષ્ઠ સૂર્યપ્રકાશની પેઠે પ્રકાશે છે. તે અતિ શ્રેષ્ઠ, વિશ્વવંદ્ય, જગદ્‌ગુરૂ થાય છે અને લોકો તેને દેવ પેઠે પુજે છે. પરંતુ આના કરતાં ઓછી શક્તિવાળા ગુરૂ પાસેથી પણ આપણને મદદ મળી શકશે. આપણામાં આપણા ગુરૂ કિંવા માર્ગદર્શકની બરાબર કસોટી કરવાની અને તે ખરો છે કે ખોટો તે સમજવાની શક્તિ હોતી નથી. આટલા માટે ગુરૂમાં કેટ-

લાંક વિશિષ્ટ લક્ષણો હોવાં જોઇએ કે જેથી આપણે તેની બરાબર પરીક્ષા કરી શકીએ. આજ કાયદો શિષ્યને પણ લાગુ પડે છે.

શિષ્યને નીચેનાં લક્ષણોની આવશ્યકતા છેઃ— શુદ્ધાચરણ, ખરી જ્ઞાન તૃષ્ણા, અને અડગ નિશ્ચય. અશુદ્ધાચરણ વાળા આત્માને પરમાર્થ જ્ઞાન કિંવા આત્માનુભવ પ્રાપ્ત થતો નથી. આચારશુદ્ધિ ત્રણ પ્રકારની છેઃ કાયિક, વાચિક અને માનસિક. મુમુક્ષુ કિંવા શિષ્યને આ ત્રણે પ્રકારની શુદ્ધિ અતિઆવશ્યક છે. જ્ઞાન તૃષ્ણા સંબંધે પરા પૂર્વથી જ એક અચળ નિયમ ચાલ્યો આવે છે કે " ઇચ્છા હશે ત્યાંજ પ્રભુ હાથ જોડીને ઊભું રહેશે. " જે લાભની આપણને ઇચ્છાજ ન હોય તે કદીપણ આપણને પ્રાપ્ત થશે નહિ. ખરી ધર્મ તૃષ્ણા જાગૃત થવી અતિ કઠિન છે. કારણ કે, આપણે તેને જેટલી સુલભ ધારીએ છીએ તેટલી સુલભ તો તે નથીજ. આપણે સદા પારમાર્થિક ભાષણો અને કથાપુરાણોનું શ્રવણ કરીએ છીએ, કિંવા તદ્વિષયક ગ્રંથો વાચીએ છીએ. આટલાથીજ ખરૂં પરમાર્થ જ્ઞાન અંતરમાં ચોંટયું એમ ધારશો નહિ. પરમાર્થજ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાનો ખરો અંકુર ન ફુટે તથા સ્વાભાવિક મનઃપ્રવૃત્તિ પર સંપૂર્ણ વિજય ન મળે ત્યાં સુધી તેની સાથે આપણે સતત યુદ્ધ કરવું જોઇએ. આ વિજય કાંઇ એક બે દિવસમાં કિંવા ચાર પાંચ વર્ષમાં સાધ્ય થઇ શકનાર નથી. એટલુંજ નહિ પરંતુ બે ચાર જન્મોમાં પણ સાધ્ય થશે કે નહિ તેની પણ શંકાજ છે. આ યુદ્ધ સેંકડો જન્મ સુધી ચાલે તોપણ હિમ્મત હારીને તે મુકી દેવું જોઇએ નહિ. પરંતુ આવી અનિશ્ચિત સ્થિતિમાં યુગોના યુગો સુધી શાંતિથી માર્ગની

રાહ જોવાને તૈયાર રહેવું જોઇએ. આવી અડગ શ્રદ્ધા અને આવી વિલક્ષણ હિમ્મતથી શિષ્ય જ્યારે અભ્યાસ કરવા લાગે ત્યારે અંતે તને વિજયમાળા અવશ્ય આરોપાશે અને તેને પરમાર્થ જ્ઞાન કિંવા આત્મજ્ઞાનનો અનુભવ લઇ તે પરમ પદને પ્રાપ્ત થશે.

હવે ગુરૂનું પ્રથમ લક્ષણ એ છે કે તેણે ધર્મ પુસ્તકોના સાથે એકજીવ થવું જોઇએ. આખી પૃથ્વીપર વેદ, કુરાન અને બાઇબલનું વાંચન ચાલે છે. પણ તે શાને માટે હોય છે ? કોઇ વ્યુત્પત્તિને માટે વાંચે છે; કોઇ ભાષાનો ઇતિહાસ શોધી કાઢવાને વાંચે છે; કોઇને તેમાંની ભાષાની રચના, શબ્દ સૌંદર્ય આદિ પ્રિય લાગે છે, તથા કોઇ વૈય્યાકરણી વાકયરચના જોઇનેજ સમાધાન પામે છે. કેટલાકો તો માત્ર શબ્દપાંડિત્યજ ગ્રહણ કરવા યોગ્ય હોય છે. આવા વાચળ શિક્ષકનાં વાકતાંડવથી મૂળ અર્થનો નાશ થાય છે. શાસ્ત્રનો ખરો અર્થ કિંવા તેનું રહસ્ય બરાબર સમજવું એ ગુરૂનું આદ્યલક્ષણ છે. માત્ર પુસ્તકોની શબ્દજાળ એ એક નિબિડ અરણ્ય છે. આ અરણ્યમાં એક વખત માનવી અંતઃકરણ ભુલું પડયું કે તે ચારે તરફ અથડાય છે અને તેમાંથી બહાર પડવાનો તેને એક પણ માર્ગ સુઝતો નથી. કહ્યું છે કે " **शब्दजालं महारण्यं चित्तभ्रमणकारणम्** શબ્દજાળ એ એક મોટું અરણ્ય છે, તેથી ચિત્ત ભ્રમણામાં ભૂલું પડે છે " નાના વિધ શબ્દોની રચના, જિવ્હાગ્રે સાક્ષાત્ સરસ્વતી વસી શ્રોતાઓને મુગ્ધ કરી નાંખનારૂં હૃદયંગમ વકતૃત્વ, નાના પ્રકારનાં શાસ્ત્રીય પ્રતિપાદન; ઇત્યાદિ વસ્તુઓ પંડિતોના વાદવિવાદમાં અતિ ઉપયોગી હોય છે પરંતુ તે માત્ર તેમના વિલાસને

માટેજ હોય છે. તેથી પારમાર્થિક જ્ઞાનમાં લવલેશ પણ વધારો થતો નથી. કહ્યું છે કે:—

वाग्वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ।
वैदुष्यं विदुषां तद्वत् भुक्तये नतु मुक्तये ॥

લોકોને ધર્મનો ઉપદેશ આપતાં જેઓ ઉપર જણાવેલી પદ્ધતિ સ્વિકારે છે તેમનો હેતુ લોકોને પોતાનું પાંડિત્ય દેખાડવાનોજ હોય છે કે જેથી લોકો તેમને મહા પંડિત ગણીને તેમની સ્તુતિ કરે. આ જગતમાં જે મહાન પુરૂષો થઇ ગયા છે તેમણે આ પદ્ધતિ કદિ પણ અંગીકાર કીધી નહોતી. તેઓ ધર્મશાસ્ત્રોમાંના સૂત્રોનો કદી પણ તાણી તોડીને અર્થ કરતા નહોતા. તેઓ કદિ પણ શબ્દાર્થ અથવા વ્યુત્પત્તિ સાથે સતત માથાફોડ કરતા નહોતા. તે છતાં પણ તેમણે લોકોને ઉદાત્ત ધર્મશિક્ષણ આપ્યું હતું. પરંતુ અન્ય કેટલાક લોકો એવા હોય છે કે જેમની પાસે નવીન શીખવવાનું તો કાંઇ પણ હોતું નથી, પણ આ બહાદુરો તો એક શબ્દને પકડીને તેનાં મૂળપર પ્રચંડ ગ્રંથો ચીતરી કાઢે છે. તેમાં દર્શાવેલા મુદ્દામાં તે શું માલ હોય ? હાથમાં લીધેલા શબ્દની ઉત્પત્તિ કેવી રીતે થઇ, પ્રથમ કોણે તેનો કેવી રીતે ઉપયોગ કીધો અને તેનો ઉપયોગ કરનાર માણસ શું ખાતો હતો કેટલું ઊંઘતો હતો એવી અતી મહત્વ (!) ની બાબત પર તેમાં પરિપૂર્ણ વિચાર કરવામાં આવે છે.

ભગવાન રામકૃષ્ણ એક એવી વાત કહેતા હતા કે, "કેટલાક લોકો એક વખત એક આંબાવાડીમાં ગયા, તેમાંના કેટલાક માણસો

આ વૃક્ષના પાંદડાં, તેની શાખાં, અને ઉપશાખાની ગણત્રી કરવા લાગ્યા; કોઈ તેનો રંગ તપાસવા લાગ્યા અને કોઈ તેના કદનું પ્રમાણ કાઢવા લાગ્યા અને આ પ્રમાણે સુક્ષ્મતા પૂર્વક નખશિખાનું નિરીક્ષણ થયા પછી આ ખુબીદાર (!) મુદ્દાપર ઉક્ત પંડિત મંડળમાં વાદવિવાદ થવા લાગ્યો. પરંતુ આ મંડળમાં એક ગૃહસ્થ હતો તેની વિદ્વત્તા કમી હતી, પરંતુ તેનું તત્ત્વજ્ઞાન ઉક્ત વિદ્વાનો કરતાં અધિક હતું, તેથી તેણે આ વાદવિવાદમાં ભાગ લેવાનું છોડી દઇ પાસે પડેલાં આ ફળનો રસાસ્વાદજ લેવા માંડ્યો! હવે આમાં વધારે ડહાપણવાળો કોણ? શું ફલનો ઉપભોગ લેનાર વિશેષ શાણો નહોતો?" આપણે પણ ડાળીઓ અને પાંદડાંઓ ગણવાનું કાર્ય પંડિતનેજ સોંપવું જોઇએ. આ કાર્ય તદન નિરૂપયોગી છે એમ ધારશો નહિ. પરંતુ અધ્યાત્મ સામ્રાજ્યમાં તેની એક કોડી પણ કિમ્મત નથી. ડાળી અને પાંદડાંનો હિસાબ કરનાર પૈકી એક પણ માણસ મહાત્મા થયેલો આપણને જણાશે નહિ. ધર્મ એ મનુષ્યનું ઉંચામાં ઉંચું લક્ષ્કર અને માનુષીના બુદ્ધિ વૈભવનું ચિન્હ છે. તેને પાંદડાના ગણિતની મશ્કરી તે શોભે કે? જો આપણે ખરા ભક્તજ બનવું હોય તો કૃષ્ણ મથુરામાં જન્મ્યા હતા કે વ્રજમાં? તે શું કરતા હતા! તેમણે ક્યા કાળમાં ગીતા રચી હતી! એ પ્રશ્નોનો વિચાર કરવાની શી આવશ્યકતા! આપણે જે જોઇએ છે તે એજ કે ગીતામાં જે તત્ત્વોનું નિદર્શન કરવામાં આવ્યું છે તેનો મર્મ બરાબર સમજી લેવો. આ કાર્ય કર્યું એટલે થયું. વળી વિશેષ પંચાતી શી! ગીતાનો કર્તા કોણ! તેનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો! આવા પ્રશ્નો એ માત્ર પંડિતોની મોજને ખાતર હોય છે. માટે ભક્તોએ

આ સર્વ વિષય પંડિતોને પ્રિય હોવાથી તેમનેજ સોંપી, તેમના વાદ પ્રત્યે " ૐ **શાંતિઃ શાંતિઃ શાંતિઃ** " ના ઉચ્ચાર સહિત દુર્લક્ષ કરી પોતાની સામે પડેલાં આમ્ર ફળ પરજ હાથ મારવાનો પ્રારંભ કરવો.

ગુરૂને માટે બીજો, જે ગુણ આવસ્યક છે તે પવિત્રાચરણ છે. " ગુરૂનાં આચરણ આપણે શા માટે જોવાં જોઇએ ? " એવો એક પ્રશ્ન વારંવાર આપણા સાંભળવામાં આવે છે. " ગુરૂ જે શિક્ષણ આપે છે તે સત્ય છે કે નહિ તેની ખાત્રી કરવી અને સત્ય હોય તો ગ્રહણ કરવું એજ માત્ર આપણું કામ છે. " એવા પણ ઉદ્ગારો વારંવાર આપણા કર્ણપટપર અથડાય છે. પરંતુ આમ કહેવું વાસ્તવિક નથી. રસાયનશાસ્ત્ર, ગતિ શાસ્ત્ર, (Dynamics) સૃષ્ટિશાસ્ત્ર ઇત્યાદિ શાસ્ત્રોનું શિક્ષણ આપનાર ગુરૂની વર્ત્તણુક ગમે તેવી હોય તે ચાલે; કારણ કે બુદ્ધિને વિસ્તારવી એજ તેનો મુખ્ય ઉદ્દેશ હોય છે. પરંતુ અધ્યાત્મ શાસ્ત્રની વાત એવી તદ્દન નિરાળીજ છે. તેમાં જેનો આત્મા વિશુદ્ધ હોતો નથી તેના દ્વારા આપણા આત્માની પ્રગતિ કરવી દુર્ઘટ છે. અશુદ્ધાચરણી મનુષ્ય અન્યને શું શિખવશે ? સ્વતઃ અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવાને માટે કિંવા અન્યને તેનો લાભ આપવાને માટે ચિત્તશુદ્ધિ—આત્મશુદ્ધિ—અતિ જરૂરની છે. આત્મશુદ્ધિ થયા વિના પરમાત્માનું દર્શન થવું કિંવા અનંતની ઝાંખી થવી અશક્ય છે. માટે ધર્મગુરૂનું પ્રથમ લક્ષણ એજ જાણવાનું છે કે તે કેવો છે ! એ જાણ્યા પછી તે શું કહે છે તેનો વિચાર કરવાનો છે. પ્રથમ સરત એજ કે તે પવિત્ર હોવો જોઇએ. તે પવિત્ર હોય તોજ તેના શબ્દની કાંઇ કિમ્મત હોય છે. જો તે શુદ્ધ અને પવિત્ર હોય તોજ તેને ભવસાગરમાંથી તારનાર ખરો નાવિક સમજવો. નહિતો, જે ગુરૂમાં પોતામાંજ આત્મશક્તિ ન હોય તે અન્યને તે શક્તિ શી રીતે

આપી શકે ? પ્રથમ ગુરૂનો આત્મા પરમપદને પામેલો હોવો જોઇએ; ત્યારેજ તેના સમાગમથી શિષ્યને ઉન્નત દશા પ્રાપ્ત થાય છે. ગુરૂનું મુખ્ય કામ આત્મોન્નતિ કરવાનું છે. શિષ્યમાં માત્ર જે વિદ્યમાન હોય તે બુદ્ધિને નવું વલણ આપવામાં ગુરૂનું મહત્ત્વ નથી પણ તેને કાંઇ નવીન અને સત્યજ્ઞાન આપવામાં તેની શ્રેષ્ઠતા છે; આટલા માટે ગુરૂએ પૂર્ણ પવિત્ર થવું જોઇએ.

ગુરૂનું ત્રીજું લક્ષણ એ છે કે તેનો હેતુ શુદ્ધ હોવો જોઇએ. તેનો જ્ઞાન આપવાનો હેતુ કાંઇ ઐહિક લાભ—દ્રવ્ય, કીર્તિ—પ્રાપ્ત કરવાનો હોવો જોઇએ નહિ. મનુષ્ય જાતિ પ્રત્યેના શુદ્ધ પ્રેમથીજ તેણે કાર્ય કરવું જોઇએ; અર્થાત્ તેણે પ્રેમની મૂર્તિજ બનવું જોઇએ. આધ્યાત્મિકશક્તિને પ્રવેશ કરાવાનું દ્વાર કેવળ પ્રેમજ છે. તેના મનમાં દ્રવ્યલોભ કિંવા કીર્તિલોભ ઉત્પન્ન થયો કે આ દ્વાર તરતજ બંધ થશે. ઇશ્વર પ્રેમસ્વરૂપ છે. આ પ્રેમસ્વરૂપનો જેને સાક્ષાત્કાર થયો હોય તેજ આધ્યાત્મિક વિષય અન્યને સારી પેઠે સમજાવી શકે છે અને તેજ પરમપદનો માર્ગ અન્યને બતાવી શકે છે.

પોતાના ગુરૂમાં આ સર્વ લક્ષણો પરિપૂર્ણ ભરેલાં છે, એવી તમારી ખાત્રી થયા પશ્ચાત્ તમને કાંઇ પણ ભીતિ રાખવાની હોતી નથી. પરંતુ જો આ વાતની ખાત્રી ન હોય તો તેનું શિષ્યત્વ સ્વિકારવું અતીભય ભરેલું છે. કારણ કે તેના સંસર્ગથી તમારા અંગમાં સાત્વિકતા પ્રવેશવાનું તો નામજ નહિ, પરંતુ ઉલટું દુષ્ટ બુદ્ધિનું બીજારોપણ થવાનો ભય ઉપસ્થિત થાય છે. આ ભયથી હમ્મેશાં સાવધ રહેવું જોઇએ. '**श्रोत्रियोऽवृजिनोऽकामहतो यो ब्रह्मवित्तमः**' અર્થાત્ ' જે જ્ઞાનથી પરિપૂર્ણ તથા આચરણથી નિષ્કલંક હોય અને જેનામાં વિષયનો લવલેશ પણ ન હોઇ તેને જ બ્રહ્મજ્ઞાની સમજવો. '

ઉક્ત પ્રકારના પ્રતિપાદનથી આપને જણાઇ ચૂક્યુંજ હશે કે કોઇ પણ મનુષ્યને કોઇ પણ સ્થળે ધર્મપર પ્રીતિ રાખતાં તેની કદર બુઝતાં અને ધર્મની સાથે તન્મય થતાં શિખવી શકાય નહિ."પત્થરમાં ભાષણો વાંચવા, વ્હેતા ઝરામાં પુસ્તકો કલ્પવા અને દરેકમાં શુભ જોવું" એ એક કાવ્ય તરિકે ઠીક છે પરંતુ જ્યાં સુધી એક માણુસમાં પોતામાં સત્યના અપૂર્ણ અંશો હોય છે ત્યાં સુધી તે અન્ય મનુષ્યને સત્યનો લવલેશ પણ અર્પી શકતો નથી. પત્થર અને ખળખળ વ્હેતી સરિતાદ્વારા પણ સત્યજ્ઞાન થાય છે, પણ કોને થાય છે ! જે મનુષ્યનું હ્રદયકમલ અંતઃકરણની પવિત્રતાને લીધે પ્રફુલ્લ થયું હોય તેનેજ. વારૂ ઠીક ! જે પ્રકાશથી હ્રદયકમલ પ્રફુલ્લિત થાય છે તે શું આપોઆપ આવે છે ? નહિજ ! તે પ્રકાશ સદ્‌ગુરૂરૂપી સૂર્યનાં અસ્તિત્વ વિના કદિ પણ આવનાર નથી. એક વેળા આ કમલ પ્રફુલ્લિત થયું તો પછી શું પૂછવું ? પછી પત્થર શું છે ને ઢેફાં શું ? નદી શું અને નાળાં શું ? સૂર્ય શું અને ચંદ્ર શું ? અને આ દૈવી સૃષ્ટિમાંની કોઇપણ વસ્તુ શું ? આ સર્વમાંથી ઉપદેશ પ્રાપ્ત કરવાને તે લાયક થાય છે. પરંતુ સદ્‌ગુરૂના પ્રકાશથી જેનું હ્રદયકમલ વિકાસ પામ્યું નથી તેને પત્થર તે પત્થર અને નાળું તે નાળુંજ લાગશે. એકાદ અંધ મનુષ્ય પ્રદર્શન જોવા જાય તો તેથી તેને શું ફાયદો ? પ્રથમતઃ દૃષ્ટિજ્ઞાન થવું જોઇએ. જો આ જ્ઞાન હશે તોજ પ્રદર્શનમાં શું શું વસ્તુઓ છે તેનું તેને ભાન થશે.

ગુરૂ શિષ્યને ઉક્ત પ્રકારની દૃષ્ટિ આપે છે. ગુરૂનો અને શિષ્યનો સંબંધ પૂર્વજ અને વંશજ વચ્ચેના સંબંધ જેવો છે. જો આપણાં મનમાં ગુરૂવિષે પૂજ્યભાવ કિંવા શ્રદ્ધા ઉત્પન્ન થાય નહિ અથવા આપણે તેમની સાથે નમ્રતાપૂર્વક વર્તીએ નહિં, તો ધર્મ બુદ્ધિની

વૃદ્ધિ થવી કેવળ અશક્ય છે. વળી એક બીજી વાત લક્ષમાં રાખવી જોઇએ, અને તે એ છે કે જ્યાં ગુરૂ શિષ્ય વચ્ચે વિલક્ષણ પ્રેમ હોય છે ત્યાંજ અતકર્ય શક્તિવાળા મહાત્મા ઉત્પન્ન થાય છે. પણ જે દેશમાં આ પ્રકારનો ગુરૂશિષ્ય સંબંધ અસ્ત પામી ગયો હોય છે ત્યાં ધર્મગુરૂ માત્ર ઉપદેશક બની ગયા હોય છે. ગુરૂને દશ પાંચ રૂપીઆની પેદાશ થાય છે અને શિષ્ય ગુરૂના શબ્દોથી પોતાનું મગજ ભરી દે છે, પછી આવા પરમહંસ અને આવા શિષ્ય મહોદયનો સંઘ પોતપોતાને માર્ગે ચાલ્યો જાય છે. આવી વસ્તુસ્થિતિમાં ખરૂં આધ્યાત્મિક જ્ઞાન લેશ પણ મનમાં પ્રવેશી શકતું નથી કારણ કે જેવા શિષ્ય અંધા તેવા ગુરૂ પાંગળા, હવે આવો સંઘ તે કાશી કેમ પહોંચે? આવી પરિસ્થિતિમાં ધર્મ એ માત્ર ધંધો બને છે અને પૈસા આપતાં તે ખરીદી શકાય છે એવી મુમુક્ષુ વીશેની કલ્પના હોય છે. પારમાર્થિક જ્ઞાન આવી સુલભ રીતે લોકોને મળે એવો કોઇ માર્ગ દર્શાવવા માટે મારી પણ ઇશ્વર પ્રત્યે પ્રાર્થના છે. પરંતુ દુર્દૈવવશાત વસ્તુ સ્થિતિ અનુકૂલ નથી માટે શો ઇલાજ ? ભાઇઓ ! ધર્મ એ જ્ઞાનનું સર્વોચ્ચ શિખર અને પરમાર્થનો ભંડાર છે. તે પૈસા આપી ખરીદી શકાય છે કિંવા ગ્રંથો વાંચવાથી પ્રાપ્ત થાય છે એવી સ્વપ્ને પણ આશા રાખશો મા. તમે જગતના સર્વ ખુણાખોચરા ઢુંઢી શકશો; તમે આલ્પ્સ, કૉકેસસ કે હિમાલયની ઉચ્ચ શિખરોની શોધ લાવી શકશો; તમે અગાધ રત્નાકરના ઉદરમાં પ્રવેશી શકશો; તમે ગોબીનું રણ, ટિબેટના ખુણાખોચરા જોઇ શકશો અને અન્ય ગમે તે કાર્ય કરી શકશો પરંતુ જ્યાં સુધી તમારૂં અંતઃકરણ પરમાત્મજ્ઞાન ઝીલવાને અધિકારી થયું નથી, કિંવા તમને સદ્ગુરૂ પ્રસાદ પ્રાપ્ત થયો નથી, ત્યાં સુધી તમને પરમાર્થ જ્ઞાન સમસ્ત બ્રહ્માંડમાંથી ક્યાંયે મળી શકશે નહિ. આવા દેવદત્ત સદ્ગુરૂની

પ્રાપ્તિ થયા પછી તેમની પિતૃભક્ત પુત્રની પેઠે સેવા કરો; તે જે જે શબ્દનો ઉચ્ચાર કરે તે તે શબ્દ ઝીલી લેવાને અંતઃકરણ પૂર્વક તૈયાર રહો; અને ગુરૂ એ ઇશ્વરની સગુણ મૂર્તિજ છે એમ સમજી તેમની પૂજા કરો. આવા પ્રેમરસથી અંતઃકરણ ઉભરાઈ ગયા પછી અને સન્માનથી રંગાઇ ગયા પછી જ્યારે આપણે સત્ય શોધનાર્થે તેમની પાસે જઇએ છીએ ત્યારે સત્યનો સાક્ષાત્ અવતાર જે ઇશ્વર તે પ્રત્યક્ષ સત્ય, સૌજન્ય અને સૌંદર્ય વિષેની અનેક અદ્‌ભુત વાતોનું જ્ઞાન આપે છે.

પ્રકરણ ૬ ઠું.

અવતારી પુરૂષ અને અવતાર

તે પ્રભુનાં નામનો જે જે સ્થળે ઘોષ ચાલે છે તે તે સ્થળો પવિત્રજ છે. તો પછી જેના મુખદ્વારા તે નામ સાંભળવાને મળે છે તેની પવિત્રતાની તો વાતજ શી કરવી ? જેના દ્વારા તે પ્રભુનું સત્યજ્ઞાન આપણને પ્રાપ્ત થાયછે તે સદ્‌ગુરૂ સંબંધે આપણા મનમાં કેટલો પૂજ્યભાવ હોવો જોઇએ ? આ ભૂમંડળપર આવા પરમાર્થજ્ઞાનના દાતા ખરેખર ઘણાજ થોડા હોય છે. પરંતુ બિલકુલ ન હોય એવી ઘટના કદિ પણ સંભવિત નથી. કારણ કે આ પૃથ્વીપર એક નિમિષ માત્ર પણ તેમનો વાસ ન હોય તો આ જગત ભયંકર નરકકુંડજ બની જાય. ગુરૂ એ નિરપેક્ષ, 'અહેતુક દયાસિંધુ' હોઇ માનવજાતરૂપી જીવિત વૃક્ષ ઉપર તે અતિસુંદર પુષ્પની પેઠે શોભે છે. ભગવાન શ્રીકૃષ્ણે ગી-

તામાં કહ્યુંજ છે કે "**आचार्य मां विजानीहि**" (હું જ તે ગુરૂછું એમ સમજ.)

આથી પણ શ્રેષ્ઠતર એવો એક ગુરૂનો વર્ગ છે. તે ગુરૂ સાક્ષાત ઇશ્વરી અવતારજ છે. આ ગુરૂ માત્ર એક સ્પર્શ કિંવા માત્ર ઇચ્છાથી પરમાર્થજ્ઞાન આપી શકે છે. તેઓ માત્ર પોતાનાં ઇચ્છા બળથી અધમાધમને પણ અર્ધક્ષણમાં સાધુ બનાવી દે છે. તેઓ સર્વ ગુરૂના ગુરૂ અને માનવી જાતમાં ઇશ્વરના અતી શ્રેષ્ઠ અંશ—વિભૂતિ—હોય છે. આપણે માત્ર તેમના દ્વારાજ પ્રભુસાક્ષાત્કાર કરી શકીએ છીએ. આપણાથી તેમની પુજા કર્યા શિવાય રહી શકાતું નથી. વસ્તુતઃ ભજન પૂજનને યોગ્ય પુરૂષો માત્ર તેઓજ છે.

ઇશ્વરનું દર્શન આવા દૈવી અંશો દ્વારાજ થઈ શકે છે. ઇતરથા કોઇ પણ અન્ય રીતે તેનો સાક્ષાત્કાર થઇ શકતો નથી. જો અન્ય રીતે આપણે ઇશ્વરને મળવાનો પ્રયત્ન કરીએ તો તેમનાં દર્શન તો દુરજ રહ્યાં પરંતુ તેને બદલે એકાદ મોટો સેતાન આપણને ભેટે છે. એક અજ્ઞાન માણસ પાસે એક વખત શિવની મૂર્ત્તિ ઘડવાનું કામ આવ્યું પરંતુ ઘણા દિવસના પરિશ્રમ પછી તેણે એક વાંદરાની પ્રતિમા ઘડી કાઢી. તેજ પ્રમાણે જ્યારે આપણે કૈવલ્યધામ સર્વ ગુણ સંપન્ન પ્રભુની કલ્પના કરવા માંડીએ છીએ ત્યારે બહુધા આપણને સંપુર્ણ નિષ્ફળતાજ મળે છે. કારણકે જ્યાં સુધી આપણો મનુષ્ય સ્વભાવ કાયમ છે ત્યાં સુધી માનવ કલ્પના જીતી પરમેશ્વરની કલ્પના આવવી અશક્ય છે. પરંતુ એકવાર એ કલ્પના આવે છે ત્યારે આપણે માનવ સ્વભાવાતીત સ્થિતિએ જઇ પહોંચીએ છીએ અને ઇશ્વરને તેના ખરા સ્વરૂપમાં જોઇ શકીએ છીએ. પરંતુ જ્યાં સુધી આપણે માત્ર મનુષ્યો છીએ ત્યાં સુધી તે

ઇશ્વરને માનવ સમાજમાંનો એક અતિશ્રેષ્ઠ માનવી કલ્પીને અ-
ર્થાત્ તેનાપર ઉત્કૃષ્ટ માનવી ગુણોનું આરોપણ કરીને તેનું ભજન
પૂજન કરવું જોઇએ. તમારે જોઇએ તેટલાં ભાષણો કરો પણ
માનવી ગુણ રહિત ઇશ્વરની કલ્પના તમારા મનમાં કદિ આવશે
જ નહિ. મોટાં મોટાં યુક્તિવાદથી ભરપૂર વ્યાખ્યાનો ઇશ્વર વિષે કિંવા
અન્ય ગમે તે કોઇ બાબત વિષે તમે કરી શકશો, તમે બુદ્ધિવાદી પણ
બનશો; અને મનુષ્યોની ઇશ્વરી અવતાર વિષે જે કલ્પના છે તે સર્વ
જૂઠી છે એમ પણ તમારાં મનનું સમાધાન કરશો. પરંતુ ક્ષણભર
વ્યાવહારિક દૃષ્ટિએ તો આપ જરા વિચાર કરી જુઓ કે એમાં સત્ય શું
મળ્યું ? શૂન્યજ કે બીજું કાંઇ ? ત્યારે બુદ્ધિવાદ એ વ્યર્થ બકબકાટ
નહિં તો બીજું શું ? જ્યારે આપ કોઇ સમયે એકાદ મનુષ્યને આ
સંબંધે ભાષણ આપતો સાંભળો ત્યારે તેને પકડીને ઇશ્વર, તેની શક્તિ
તેની સર્વ વ્યાપકતા, ઇત્યાદિ વિષયોની તેની કલ્પના માત્ર તે શબ્દોની
જોડણીનાં જ્ઞાન સિવાય કેટલી વધારે છે તે જરા પુછી જો જો. આ
પરથી તમને વિદિત થશે કે તેમનામાં માત્ર શાબ્દિક જ્ઞાન કરતાં વિ-
શેષ ભંડોળ કાંઇ નથી. માનવી સ્વભાવને અનુરૂપ જે કલ્પના હોય
તેની પેલીપારનો અર્થ આવા માણસો કરી શકતા નથી. મહો-
લ્લામાં રખડતા ભીખારીના જેવીજ આવા માણસોની સ્થિતિ હોય છે.
ફરક માત્ર એટલોજ કે મહોલ્લામાં ભમતો ભિખારી અભણ હોવાથી
બડબડ કરી જગની શાંતિનો ભંગ કરતો નથી, પરંતુ આવા મહાન
પંડિતો તો બડબડ કરીને લોકોની શાંતિમાં પણ વિઘ્ન નાંખે છે.
એકંદરે ધર્મ એ સત્યજ્ઞાન છે. માટે માત્ર મોઢાનો બકબકાટ અને
ખરેખરા આત્મજ્ઞાન વચ્ચે સૂક્ષ્મ દૃષ્ટિએ જમીન આસમાન જેટલો

ફરક છે. અંતઃકરણના સૌથી ઉંડા વિભાગમાં આપણે જે અનુભવ લઇએ છીએ એને સાક્ષાત્ પ્રતીતિ કહેવાય છે. જેને આપણે સાધારણ જ્ઞાન કહીએ છીએ તેના જેવી વિલક્ષણ કિંવા અસાધારણ આ બાબતના સંબંધમાં અન્ય કોઇ નથી.

હાલમાં આપણા મનની જે વિચારઘટના છે તે દ્વારા જોતાં, કિંવા તે વિચાર ઘટના જેવી છે તેવીજ ચલાવી લેતાં આપણને ઈશ્વર પર માનવી ગુણોનું આરોપણ કરવુંજ પડશે. કારણ કે આપણામાંનો પ્રત્યેક આદમી માનવી સ્વભાવનોજ ગુલામ બની રહ્યો છે. ધારો કે કાલે ઉઠીને કોઈ પાડાનેજ ઈશ્વર ભક્તિ કરવાનું વ્હેણું લાગ્યું, તો તેને પોતાના સ્વભાવનુસાર ઈશ્વર એ એક પ્રચંડ પાડો હશે એવીજ કલ્પના આવશે. તેજ પ્રમાણે એકાદ મત્સ્ય પોતાના મનોધર્માનુસાર ઈશ્વરને એકાદ મોટું મત્સ્યજ ધારી લેશે. મનુષ્યોની ગતિ પણ આજ છે. મનુષ્યને ઈશ્વર એટલે એક સર્વાંગ પરિપૂર્ણ મનુષ્ય એવોજ વિચાર આવશે. આ સિવાય તેની અન્ય ગતિ નથી. તથાપિ આ સર્વ કલ્પનાંને માત્ર મૃગજલવત્ ગણી કાઢશો નહિ. મનુષ્ય, પાડો, ગાય, બળદ, મત્સ્ય આદિ સર્વ પ્રથક્ પાત્રો છે. આ સર્વ પાત્રો પોતાના આકાર રૂપ જળનિધિ જે ઈશ્વર તેમાંથી પોતપોતાની ધારણ શક્તિ પ્રમાણે પાણી ભરી આણે છે. મનુષ્યરૂપી પાત્રમાંનું પાણી મનુષ્યના આકારનું, મહિષરૂપી પાત્રમાંનું પાણી મહિષના આકારનું અને મત્સ્યરૂપી પાત્રમાંનું પાણી મત્સ્યાકારનુજ હોય છે. હવે આ પાત્રોમાં પાણીનો આકાર ભિન્ન ભિન્ન કોટિનો અને એનો સંચય ભિન્ન ભિન્ન પ્રમાણમાં હોય છે, તો પણ પાણી તો બધે એક સરખું જ હોય છે, અર્થાત્ પાણી તો માત્ર એક ઈશ્વર રૂપી જલનિધિમાંથી જ આણેલું હોય છે. તેજ પ્રમાણે મનુષ્યના હૃદયમાંની ઇશ્વર સંબંધી

કલ્પના માનવીજ હોવી જોઇએ એમાં કાંઇ શંકા નથી અને ઇતર પ્રાણીઓમાં ઇશ્વર સંબંધી જો કાંઇ કલ્પના હોય તો તેમને પણ ઇશ્વર પોતાની જાત અને પોતાના આકારવાળોજ લાગવાનો. માટે આપણે ઇશ્વરને મનુષ્ય સિવાય બીજા કોઇ સ્વરૂપમાં જોઇ શકવાના નથીજ અને તેટલા માટે આપણે તેને મનુષ્ય તરિકે જ પૂજવો જોઇએ. એ શિવાય બીજો માર્ગ નથી.

હવે ઇશ્વર પર માનવી સ્વરૂપનો આરોપ કરી જે લોકો તેની પૂજા નથી કરતા તેમાં પણ બે પ્રકાર છે. પહેલો પ્રકાર ; '**साक्षात्‌ पशुः पुच्छविषाणहीनः**' એવા ધર્મ વિહીન મનુષ્યોનો છે અને બીજો પ્રકાર પરમ હંસોનો છે. પરમ હંસો મનુષ્ય સ્વભાવની કક્ષા અને તેને લગતા દોષ–વિકાર–ને પેલીપાર કુદી ગયા હોય છે. આ પરમ હંસો સર્વ સૃષ્ટિને પોતાનું સ્વરૂપજ જાણે છે, આવા માણસોજ ઇશ્વરને તેનાં ખરાં સ્વરૂપમાં પૂજી શકે છે. આ બન્ને વર્ગ પરસ્પર વિરોધી છે. એક એક છેડે તો બીજો બીજે છેડે, પરંતુ અહીં પણ અન્ય બાબતના સંબંધમાં બને છે તેમ બન્ને છેડા એક સ્થળે મળે છે. આ બન્ને વર્ગમાંનો એક વર્ગ અતી અજ્ઞાની અને બીજો મહા-જ્ઞાની હોય છે. આ બન્નેમાં એકવાત સાધારણ છે અને તે એ છે કે બન્ને સગુણોપાસના કરતા નથી. પરંતુ ઉપર જણાવેલા માનવી પશુ અજ્ઞાનને લીધે સગુણોપાસના કરતા નથી, અને જીવનમુકતો (પરમ હંસો) આ સકળ બ્રહ્માંડ ઇશ્વર સ્વરૂપજ છે એ પરમ કલ્પનાના અનુ-ભવને લીધે કરતા નથી. હવે આ બન્ને છેડાના મધ્યભાગમાં જેઓ છે તે પૈકી જો કોઇ એમ કહે કે "હું ઇશ્વરને મનુષ્ય સ્વરૂપ ગણી પૂજા કરતો નથી" તો કૃપા કરીને આવા માણસથી સાવધ રહેજો. તેને માટે આપણે તદ્દન મૃદુ શબ્દ વાપરીએ તો આજ આપણે

'યદ્વા તદ્વા બકનાર' કહેવા જોઇએ. આવા માણુસને ધર્મ બુદ્ધિહીન મૂર્ખોનં દાનેજ પસંદ પડી શકે.

ઇશ્વિર મનુષ્ય જાતીની અનિષ્ટ દશા જાણે છે અને તેના ઉદ્ધાર કરવાને માટે તેજ સ્વરૂપે ભૂતલપર અવતરે છે. શ્રીકૃષ્ણુ ભગવાન ગીતામાં કહે છે છે કેઃ—

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ १ ॥

"જ્યારે જ્યારે ધર્મનો નાથ થવા માંડે છે અને અધર્મના પ્રચાર થવા માંડે છે ત્યારે ત્યારે હું પૃથ્વીપર અવતાર ધારણુ કરૂં છું. ધર્મની સ્થાપના કરવાને માટે અને દુષ્કૃતોનો વિધ્વંસ કરવાને માટે હું યુગે યુગે જન્મ લઉં છું."

अवजानंति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानंतो मम भूतमहेश्वरम् ॥ २ ॥

"હું જગતનો સ્વામિ છું એ મારૂં ખરૂં સ્વરૂપ ન જાણુતાં હું મનુષ્યજ છું એમ સમજી જે મારો ઉપહાસ કરે છે તે મૂર્ખ છે" ભગવાન શ્રીરામકૃષ્ણુ કહે છે કે "એક મોટો સમુદ્ર તરંગ આવતાં નાનાં નાનાં નદી નાળાં સહજ કંઠાકંઠ ભરાઇ જાય છે તેજ પ્રમાણે જ્યારે એક ઇશ્વરાવતાર થાય છે ત્યારે જાણે આખી દુનિયા અધ્યાત્મ જ્ઞાનના તરંગથી ઉભરાઇ જાય છે અને લોકોને સર્વ વાતાવરણુ પરમાર્થ જ્ઞાનમય થઇ ગયેલું લાગે છે."

પ્રકરણ ૭ મું.

મંત્ર, ૐ, શબ્દ તથા જ્ઞાન.

પરંતુ હવે આપણે જે વિચાર કરીએ છીએ તે આ અવતારી મહાપુરૂષો સંબંધી નથી પણ ફક્ત સિદ્ધ ગુરૂ એટલે જે પરમાર્થ જ્ઞાનની સીમાએ પહોંચ્યા હોય તે સંબંધી છે. સાધારણ નિયમ એવો છે કે તેને મંત્રોપદેશની સહાયતાથી શિષ્યના મનમાં પરમાત્મ જ્ઞાનનું બીજ વાવવું પડે છે. હવે મંત્ર એટલે શું તે આપણે જોઇશું અખિલ વિશ્વનાં વ્યક્ત સ્વરૂપને નામ અને રૂપ હોય છે એવો આર્ય તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત છે. મનુષ્ય માત્રની આ નાની શી માનસ સૃષ્ટિમાં (ચિત્તવૃત્તીમાં) નામ અને રૂપના આધાર શિવાય એક પણ વિચાર લહરી જાગૃત થઇ શકતી નથી. વિશ્વની યોજના સર્વત્ર એક સરખી છે, એ વાત જો સત્ય હોય તો સર્વ વિશ્વ રચનાનો પાયો આ નામ રૂપનાજ આધાર પર રચવામાં આવ્યો છે એમ કહેવું જોઇએ. '**यथा एकेन मृत्पिण्डेन विज्ञातेन सर्वं विज्ञातं भवति**' (માટીનાં એક ઢેફાંનું જ્ઞાન થતાં સર્વ માટીનું જ્ઞાન થાય છે) માટે 'જે પિંડે તે બ્રહ્માંડે' એ ન્યાયે આપણી નાની મનઃ સૃષ્ટિનાં જ્ઞાનથી સકળ વિશ્વનું જ્ઞાન થવું જોઇએ. આ બ્રહ્માંડ રૂપી ફળની રૂપ કિંવા આકાર એ છોલ છે અને નામ કિંવા કલ્પના એ તે ફળનું તત્ત્વ છે; અથવા શરીર એ બાહ્યરૂપ છે અને મન કિંવા અંતઃકરણ એ નામ છે અર્થાત મનનું કલ્પનાંમક મૂળ કારણ છે. જે જે પ્રાણીઓને વાચા હોય છે તે તે સર્વ પ્રાણીઓમાં કલ્પના

કિંવા નામ અને શબ્દાક્ષર જોડાયેલાં હોય છે. વ્યકિત માત્ર તરફ દૃષ્ટિ ફેંકતાં એમ જણાય છે કે તેના ચિત્તમાં કિંવા મહત* તત્ત્વમાં વિચાર લહરી ઉત્પન્ન થઇ તે પ્રથમ શબ્દ રૂપે અને તત્પશ્ચાત્ અધિક વ્યક્ત સ્વરૂપે અર્થાત્ સ્થૂલ સ્વરૂપે પ્રકટ થાય છે.

બ્રહ્મ કિંવા હિરણ્યગર્ભ અથવા વિશ્વનું ચિત્તત્વ કે જેને મહત સંજ્ઞાથી ઓળખવામાં આવે છે તે પ્રથમના નામ (અર્થાત્ કલ્પના સૃષ્ટિ) અને તત્પશ્ચાત્ આકાર કિંવા રૂપ (બાહ્ય સૃષ્ટિ) આ ઉભય સ્વરૂપે વ્યક્ત થયું. આપણને જે આ ઇંદ્રિયગોચર બાહ્ય વિશ્વ સ્પષ્ટાકૃતિનું દેખાય છે તે સર્વ આકાર કિંવા રૂપમાંજ અંતર્ભાવ પામે છે અને તેનાં મૂળમાં અનાદિ તથા અવ્યક્ત એવી સ્ફોટ અર્થાત્ વ્યક્તિકરણ શક્તિ નામની એક શક્તિ કરવામાં આવી છે. ઉપર જણાવેલી અનાદિ સ્ફોટ નામની શક્તિ નામ અથવા કલ્પનાનું અનાદિ મૂળ દ્રવ્ય છે કે જે દ્વારા ઇશ્વર સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. અર્થાત્ તે પ્રથમતઃ સ્ફોટ રૂપ બને છે અને પછી ઇંદ્રિયગોચર વિશ્વરૂપે વ્યક્ત થાય છે. આ સ્ફોટ શક્તિ દર્શક એકજ શબ્દ સંભવે છે અને તેનેજ ૐકારની સંજ્ઞા મળેલી છે. પદાર્થોનું પૃથક્કરણ કરવાનાં નાના પ્રકારનાં સાધનો હશે પરંતુ મનુષ્યથી કલ્પના અને શબ્દનું પૃથક્કરણ કરી શકાતું નથી માટે ૐ અને પેલો અનાદિ સ્ફોટ એ બન્ને અભિન્ન હોવાં જોઇએ. સર્વ નામ રૂપના જનક અને સૌથી પવિત્ર ૐકારમાંથીજ સર્વ જગતની ઉત્પત્તિ થઇ છે એમ કહેવામાં કાંઇ અડચણ દેખાતી નથી. હવે કદાચ એવો આક્ષેપ કરવામાં આવશે કે શબ્દ અને તદ્વિષયક કલ્પનાનું પૃથક્કરણ કરી શકાતું નથી, તોપણ એકજ કલ્પના દર્શક

---

* મન જે વ્યક્ત બનેલું હોય છે તેને મહત્ કહેવામાં આવે છે.

અનેક શબ્દો પ્રચલિત છે માટે જે મૂળ વિચાર શક્તિમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થઇ તે શક્તિના દર્શક તરિકે કેવળ પ્રણવ મંત્ર હોવાનીજ તાદશ આવશ્યક્તા નથી. આ વિષે અમારૂં કથન એ છે કે મૂળ વિચાર શક્તિ–સ્ફોટ–માં જે જે વસ્તુઓનો અંતર્ભાવ હોવો જોઇએ તે તે વસ્તુઓનો સમાવેશ કરી શકે એવો શબ્દ માત્ર ૐજ છે. એના જેવો અન્ય શબ્દ મળવો કઠિન છે. ૐ સર્વ શબ્દોનું મૂળ છે. પરંતુ જેટલા વ્યક્ત અને પૂર્ણાવયવી શબ્દો છે તેમાંનો એક તે છે એમ કહી શકાશે નહિ. જે વિશિષ્ટ ભેદ–લક્ષણ–ને લીધે એક શબ્દ ઈતર શબ્દથી ભિન્ન છે એમ ત્વરિત ઓળખી શકાય છે તે ભેદ તેમાંથી કાઢી નાંખતાં જે અવશિષ્ટ રહે છે તેજ સ્ફોટ છે. માટે આ સ્ફોટને નાદ બ્રહ્મ કિંવા શબ્દ બ્રહ્મ કહેવામાં આવ્યો છે. આપરથી જણાશે કે કોઇપણ શબ્દમાં સ્ફોટનું એક વિશિષ્ટ લક્ષણજ દર્શાવવામાં આવે છે. આથી સ્ફોટનું સ્ફોટપણુંજ તે શબ્દમાં નષ્ટ થઇ જાય છે. માટે જે શબ્દમાં વિશેષ સ્વરૂપ ઓછું દર્શાવવામાં આવતું હોય અને તેનું ખરૂં સામાન્ય સ્વરૂપ અધિકાંશે પ્રકટ થતું હોય તેજ શબ્દને સ્ફોટનો દર્શક માનવો જોઇએ. અને આવો શબ્દ માત્ર ૐ છે. ૐ શબ્દ अ, उ અને म् એ ત્રણે અક્ષરો સર્વ ભિન્ન ભિન્ન અક્ષરોના સાર રૂપ કિંવા અંશ ભૂત છે. જેમાં સર્વ ધ્વનિનો સાર અંતર્ભૂત છે અને જે સર્વ અક્ષર તથા શબ્દમાં વિશિષ્ટ વિરહિત છે તેવો માત્ર તે સ્વરજ છે. માટેજ શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રી કૃષ્ણ કહે છે કે ' **अक्षराणां अकारोस्मि** " (સર્વ અક્ષરોમાં અકાર હુંજ છું). તદુપરાંત, આપણે જે જે ઉચ્ચારો કરીએ છીએ તે સર્વ આપણાં મુખમાં જીભના મૂળથી ઓષ્ઠ પર્યંત જે અવકાશ છે તેમાંથી ઉત્પન્ન થાય છે. अ

સ્વરની ઉત્પત્તિ જીભનાં મૂળ પાસેથી છે અને મની ઉત્પત્તિ ઓષ્ઠની પાસે છે અને જીભનાં મૂળથી ઓષ્ઠ પર્યંત શબ્દથી જે પ્રસરણ ક્રિયા થાય છે તેનો દર્શક ઉ છે. પ્રણવનો બરાબર ઉચ્ચાર કરતાં શબ્દોચ્ચારમાં જે ક્રિયા બને છે તે સર્વનો દર્શક ૐ છે. આ કામ ઇતર કોઇ પણ શબ્દથી થઇ શકશે નહિ. સ્ફોટ શક્તિનો યથાયોગ્ય દર્શક ૐ જ છે. અને ૐ નો ખરો અર્થ પણ સ્ફોટ શક્તિજ છે.

શબ્દ અને તેનાં દર્શક ચિન્હને ભિન્ન કરી શકાતાં નથી તેમજ ૐ અથે સ્ફોટને પૃથક્ કરી શકાતાં નથી. સ્ફોટ વિશ્વનું આદિ કારણ છે, ઇશ્વરની સાથે અતી સામ્ય ધરાવે છે અને ઇશ્વરનું મૂળ વ્યક્ત સ્વરૂપ છે માટે તેનું ચિન્હ છે. જે ૐ તે પણ ખરેખરૂં ઇશ્વરનુંજ ચિન્હ છે. જે પ્રમાણે કેવળ અખંડ અને સચ્ચિદાનંદ એવા બ્રહ્મની કલ્પના મનુષ્યનો અપૂર્ણ આત્મા એક વિશિષ્ટ દષ્ટિ બિંદુથીજ જુએ છે અને તેને તે કેટલાક વિશિષ્ટ ગુણોથી મંડિતજ દેખાય છે તે પ્રમાણે તે બ્રહ્મનાં શરીર–વિશ્વ–સંબંધી વિચાર પણ સૌએ પોતપોતાની વિચાર સરણી કિંવા મનઃ પ્રવૃત્તિ અનુસારજ કરવો જોઇએ.

ભક્તના મનની પ્રવૃત્તિ પ્રાધાન્યતઃ મનમાં રહેલાં તત્ત્વોની બનેલી હોય છે. આટલા માટે મનુષ્યના મનમાં જે તત્ત્વનું પ્રાધાન્ય હશે તે અનુસાર તેને ઇશ્વરની કલ્પના આવશે. એકને ઇશ્વર કેટલાક વિશિષ્ટ ગુણોથી મંડિત લાગશે અને બીજાને મન તે કોઇ અન્ય વિશિષ્ટ ગુણોથીજ વિભુષિત લાગશે આજ રીતે એકજ સૃષ્ટિ જુદાં જુદાં મનુષ્યોને જુદી જુદી ભાસે છે. જે પ્રમાણે વિશિષ્ટ લક્ષણ વિરહિત તથા સર્વ બ્રહ્મને લાગુ પડતાં ચિન્હ—ૐ—ના સંબંધમાં જોતાં વિચાર અને તદ્ દર્શક શબ્દ ચિન્હ અભેદ ભાવથી સંયુક્ત થયેલાં જણાય છે, તેજ

પ્રમાણે ઇશ્વર અને જગતના સંબંધમાં પણ તે ઉભય અભિન્ન ભાવે સંલગ્ન થયેલાં છે. માટે પ્રત્યેક ઇશ્વર કલ્પના તથા પ્રત્યેક જગત્ કલ્પનાને માટે પૃથક્ પૃથક્ શબ્દો યોજવામાં આવે છે. પૂર્વ કાળના ઋષીઓએ પોતાના અગાધ આધ્યાત્મિક અનુભવથી આ શબ્દ ચિન્હો શોધી કાઢ્યાં છે અને તેમાં બનતાં સુધી પ્રત્યેક ઇશ્વર કલ્પના અને જગત્ કલ્પનાનું સ્વરૂપ સ્પષ્ટ કરી બતાવવાની શક્તિ છે. ૐ એ અખંડ બ્રહ્મનો દર્શક છે તેજ પ્રમાણે ઉપર જણાવેલા શબ્દો તેજ બ્રહ્મનાં જુદાં જુદાં ખંડરૂપે કરી વિશિષ્ટ લક્ષણ યુક્ત સ્વરૂપો દર્શાવે છે. આ સર્વ નામો ઇશ્વરારાધના તથા સત્યજ્ઞાન પ્રાપ્તિના કાર્યમાં સાહાય્યકારી થાય છે.

પ્રકરણ ૮ મું.

મૂર્તિ પૂજા.

હવે વિચાર કરવા જેવો બીજો મુદ્દો એ છે કે ઇશ્વરને બદલે સ્થાપી શકાય એવી કોઇ બીજી વસ્તુ કિંવા પ્રતીક અને પ્રતિમાની પૂજા કરવી કે નહિ. ત્યારે હવે પ્રતીકનાં સાધનથી ઇશ્વર પૂજા કરવી એટલે શું ? આનો ઉત્તર એજ છે કે '**अब्रह्माणि ब्रह्मदृष्टयानुसंधानम्**' અર્થાત્ બ્રહ્મ ન હોય એવી એક વસ્તુમાં બ્રહ્મનો આવિર્ભાવ કરી તેમાં મનને સ્થિર કરવું એનું નામ પ્રતીમાદ્વારા ઇશ્વર પૂજન છે. ભગવાન રામાનુજ કહે છે કેઃ—" મનને બ્રહ્મ સમજી તેની પૂજા કરવી એનું નામ અંતરની ભક્તિ છે અને આકાશ પણ બ્રહ્મજ છે

પરંતુ તે ઇંદ્રિય દૃષ્ટિથી બ્રહ્મ છે." મનએ અંતઃપ્રતીક છે અને આકાશ એ બાહ્ય પ્રતીક છે. માટે ઇશ્વરને બદલે ઉક્ત ઉભયને ઇશ્વર કલ્પી તેની પૂજા કરની જોઇએ. તેજ પ્રમાણે—'સૂર્ય પણ બ્રહ્મરૂપજ છે એવો આદેશ છે'—'જે કોઇ નામનેજ બ્રહ્મ કલ્પી તેની પૂજા કરે છે'........ઇત્યાદિ ઇત્યાદિ વાક્યો પરથી પ્રતીક પૂજન વિષે શંકા ઉદ્‌ભવે છે એમ શંકરાચાર્ય જણાવે છે. પ્રતીક એટલે ઇચ્છિત પદાર્થ નિકટ જવું અને પ્રતીકપૂજન એવા પદાર્થનું હોવું જોઇએ કે જેના એક કિંવા અનેક ગુણ બ્રહ્મના વિશિષ્ટ સ્વરૂપને આબેહુબ મળતા આવે. પરંતુ એ પદાર્થ પ્રત્યક્ષ બ્રહ્મ ન હોવો જોઇએ. જે પ્રમાણે શ્રુતિમાં કેટલીક પ્રતીક વર્ણવવામાં આવી છે તે પ્રમાણે પુરાણ અને તંત્રમાં પણ કેટલી જાતના પ્રતીકનું વર્ણન મળી આવે છે. આ પ્રકારનાં પ્રતીક પૂજનમાં પિતૃપૂજા અને દેવપૂજાનો અંતર્ભાવ થાય છે.

પરંતુ માત્ર ઇશ્વરારાધનાનેજ ભક્તિ કહી શકાશે. દેવ, પિતૃ અથવા એવી બીજી કોઇ પણ વ્યક્તિની પૂજાને ભક્તિ મુદ્દલ કહી શકાશે નહિ. વિશિષ્ટ દેવતાની કેટલાક પ્રકારથી પૂજા કરવાની આજ્ઞા સર્વ મંત્ર તંત્રોમાં જણાય છે અને આ રીતના કર્મો કરનારને સ્વર્ગ સુખાદિરૂપી વિશિષ્ટ ફળ માત્ર મળે છે. પરંતુ તેમને ભક્તિ કિંવા મોક્ષનો લાભ મળતો નથી.

પરંતુ એક વાત ચોક્કસ લક્ષમાં રાખવી જોઇએ કે અત્યુચ્ચ તત્ત્વજ્ઞાને શોધી કાઢેલો પરબ્રહ્મ શ્રુતી પૂજામાંનો પ્રતીક છે અને પ્રતીક એટલે પૂજકનો સ્વતઃનો આત્મા, એવી જે કેટલાક પુજકોની ભાવના હોય છે તે ભુલ ભરેલી છે; કારણ કે કોઇ પણ પ્રતીક પૂજકના સત્ય આત્મ તત્ત્વની બરાબરી કરી શકતો નથી. પરંતુ જ્યાં કેવળ

બ્રહ્મજ ભક્તિનો વિષય થાય છે અને પ્રતીક માત્ર કલ્પનાને આધાર-ભૂત હોય છે અર્થાત્ જ્યાં પ્રતીક રૂપી સાધનથી બ્રહ્મની પૂજા કરવામાં આવે છે—જ્યાં પ્રતીકને બદલે તેનાં આદિકારણ બ્રહ્મને કલ્પનાથી ગ્રહણ કરવામાં આવે છે—ત્યાં આ પ્રકારની પૂજા ઘણી લાભકારી થાય છે, એટલુંજ નહિ પરંતુ જ્યાં સુધી પૂજા પ્રકરણની પહેલી પાયરી ઓળંગી જવામાં ન આવે ત્યાં સુધી પ્રતીકપૂજન સર્વ મનુષ્યોને અતી આવશ્યક છે. એટલા માટે જ્યારે ઇતર દેવતાની પુજા કરવામાં આવે છે ત્યારે તે માત્ર તાંત્રિક કર્મ કહેવાય છે. શાસ્ત્રદૃષ્ટિથી જોતાં આપણને વિદ્યાનું ફળ મળે છે. પરંતુ જ્યારે દેવતા બ્રહ્મતરિકે ગણીને તેની પૂજા કરવામાં આવે છે ત્યારે ઇશ્વર પૂજનનુંજ ફળ મળે છે. શ્રુતિ સ્મૃતિમાં ઘણી વેળા એકાદ રૂપી કિંવા દેવની એટલી બધી સ્તુતિ કરેલી જણાય છે કે તે રૂપી કિંવા દેવના ગુણો બાજુએ રહી જાય છે અને તેનાપર ઇશ્વરનાજ ગુણોનો આરોપ થાય છે તથા તેની પૂજા થાય છે. માટે અદ્વૈતવાદી પુછે છે કેઃ—"પ્રતીક પદાર્થમાંથી નામ અને રૂપ કાઢી નાંખતાં શેષ બ્રહ્મજ રહે છે ને?" અને "ઇશ્વર સર્વનો અંતરાત્મા નથી કે?" એવો પ્રશ્ન વિશિષ્ટાદ્વૈત પૂછે છે. **फलम् आदित्याद्युपासनेषु ब्रह्मैव दास्यति सर्वाध्यक्षत्वात्** (આદિત્ય વગેરે દેવતાની ઉપાસનાનું ફળ પણ બ્રહ્મજ આપે છે કારણ કે સર્વ જગતનો નિયામક તેજ છે) તેજ પ્રમાણે શંકર પોતાનાં બ્રહ્મસૂત્ર ભાષ્યમાં કહે છે કેઃ—

"ईदृशं चात्र ब्रह्मणः उपास्यत्वं यतः प्रतीकेषु तद्दृष्ट्या-ध्यारोपणं प्रतिमादिषु इव विष्ण्वादीनां"

આ પ્રમાણે આ જગતમાં બ્રહ્મ ઉપાસ્ય વિષય થઇ રહે છે. કારણ કે બ્રહ્મ અથવા પરમાત્માનો પ્રતીક પર આરોપ કરવામાં આવેલો હોય છે. વિષ્ણુ ઇત્યાદિ દેવતાની જે પ્રમાણે પુજા કરી શકાય છે તે પ્રમાણે બ્રહ્મની પણ પૂજા કરી શકાય છે. -

પ્રતીક પૂજાના મૂળમાં જે કલ્પના હોય છે તેજ પ્રતિમા પૂજાને પણ લાગુ પડે છે, અર્થાત તે પ્રતિમા જો કોઇ સાધુ કિંવા નાના સરખા વિશિષ્ટ દેવતાની હશે તો તે ઉપાસનાને ભક્તિ કહી શકાશે નહિ અને તેથી મુક્તિ પણ થશે નહિ. પરંતુ તેજ પ્રતિમાપર જો પરમેશ્વર કલ્પનાનો આરોપ કરવામાં આવશે તો ભક્તિ અને મુક્તિ એ બન્નેનો લાભ મળશે. જગતના મુખ્ય મુખ્ય ધર્મો પૈકી વેદાંતી, બૌદ્ધ અને ખીસ્તી ધર્મની અમુક શાખાઓ પ્રતિમાનો છૂટથી ઉપયોગ કરે છે. માત્ર ખ્રીસ્તી ધર્મનો પ્રોટેસ્ટંટ પંથ અને ઇસ્લામી ધર્મ એ બન્ને મૂર્તિ પૂજાનો સર્વાંશે નિષેધ કરે છે. તથાપિ મુસલમાન લોકો પોતાના ઓળીઆઓની અને ધર્મવીરોની જે કબરો બાંધે છે તે પ્રાયઃ પ્રતિમાનું સ્વરૂપજ છે. અને પ્રોટેસ્ટંટ મતની તો વાતજ મૂકો. ધર્મને મજબુતી આપનારી કોઇ પણ વસ્તુનો ત્યાગ કરવાની તેની પ્રથા હોવાથી વર્ષાનુવર્ષ ખરા આધ્યાત્મિક જ્ઞાનથી વંચિત થતો જાય છે અને હમણાં હમણાં તો આગળ વધેલા પ્રોટેસ્ટંટો અને ઑગસ્ટ* કૉમ્ટેના અનુયાયી (અર્થાત્ નિરીશ્વરવાદી કે જે માત્ર નીતિ શાસ્ત્રપર શ્રદ્ધા રાખે છે) વચ્ચે કાંઇ ભેદ રહ્યો નથી. વળી ઇસ્લામી ધર્મ અને પ્રોટેસ્ટંટ પંથના લોકો એકજ પ્રકારની મૂર્તિપૂજાથી અભિજ્ઞ છે અને તે એ

*આ એક અર્વાચીન ફ્રેંચ તત્ત્વવેત્તા થઇ ગયો છે. એક પક્કો અજ્ઞાતવાદી હતો.

છે કે મૂર્તિનેજ ઈશ્વર સમજીને તેની પૂજા કરવી. પરંતુ દ્રષ્ટિ સૌકર્ય નામનો પૂજાનો જે એક પ્રકાર છે તે તેઓ બિલકુલ જાણતા નથી. દ્રષ્ટિ સૌકર્ય પ્રકાર એવો છે કે તેમાં ઇશ્વરનું દર્શન થવા માટે પ્રતીક કિંવા પ્રતિમાને સાહાય્ય અથવા સાધનભૂત ગણીને તેની પૂજા કરવામાં આવે છે. આ પ્રકારની પૂજા તાંત્રિક કર્મ જેવી હોવાથી તેથી ભક્તિ કિંવા મુક્તિનો માર્ગ મળતો નથી. આ પ્રકારની પૂજામાં ઈશ્વર સિવાયના અન્ય આત્માઓને પણ પ્રભુત્વ અર્પણ કરવામાં આવે છે માટે પ્રતીક કિંવા કબરો, મંદિરો, દેવળો, મસ્જીદો, ઇત્યાદિ સર્વ વસ્તુતઃ મૂર્તિ પૂજાનાજ દર્શકો છે. તેથી મૂર્તિપૂજા સદંતર દોષયુક્ત કિંવા ઘાતક છે એમ માનશો નહિ. તે એક પ્રકારનું કર્મ કિંવા વિધી છે અને ઉપાસના કરનારને તેનું ફળ મળ્યા વિના રહેતું નથી.

પ્રકરણ ૯ મું.

ઈષ્ટ દેવતા અથવા ધ્યેય સ્વરૂપ.

હવે ઈષ્ટનિષ્ઠા એટલે શું તે સંબંધે વિચાર કરીશું. જેણે ભક્ત થવું હોય તેણે જાણવું જોઇએ કે ભિન્ન ભિન્ન મતો એ પૃથક્ પૃથક્ માર્ગો છે અને ઇશ્વર પાસે પહોંચવાના જે પૃથક્ પૃથક્ ધર્મોના જે પૃથક્ પૃથક્ પંથો છે તે સર્વ એકજ ઇશ્વરના માહાત્મ્યનાં ભિન્ન ભિન્ન વ્યક્ત સ્વરૂપોજ છે. " હે ઇશ્વર ! સર્વે જણ તને જુદાં જુદાં નામથી બોલાવે છે, તે જાણે જુદાં જુદાં નામથી. તારા વિભાગ કરે

છે, પરંતુ તારી સર્વવ્યાપકતા જ્યાં ત્યાં દૃગ્ગોચર થાય છે. મનુષ્ય કોઇ પણ પ્રકારે તારી ઉપાસના કરે તો તે તને પામે છે અને જીવ જો તારા ભાવનો ભુખ્યો હોય તો કાળનો પણ તેને કશો બાધ નથી. જો તારાપર મારો પ્રેમ ન ચોંટે તો મારૂં "દુર્દૈવજ સમજવું." એટલુંજ નહિ પણ ભકતે જુદા જુદા ધર્મોની જે મહાત્માઓએ સ્થાપના કરી છે તેની નિંદા કે તિરસ્કાર કરવો નહિ અને અન્ય કોઇ તેની નિંદા કરતો હોય તો તે શ્રવણ પણ કરવું નહિ. જેના હૃદયમાં સ્વમતનું ખરેખરૂં અભિમાન હોય, જેના હૃદયમાં પ્રેમ રસ ઉભરાઇ જતો હોય, અન્ય મત પ્રત્યે જે સહાનુભુતિ ધરાવતા હોય અને ઇતર મતમાં જે ઇષ્ટ હોય તેને નીરક્ષીર ન્યાયવત્ એકદમ ઊંચકી લેવાનું જેનામાં ચાતુર્ય હોય એવા લોકો ઘણાજ થોડા મળી આવે છે. સામાન્યતઃ એવો નિયમ છે કે જેઓ અન્ય ધર્મો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે તેઓની સાધર્મપરની પ્રીતિ મોળી પડી ગયેલી હોય છે. આવા માણુસના હાથમાં જો ધર્મ જાય તો તે પતિત થઇને એકાદ રાજદ્વારી મંડળ બની જાય છે અથવા તો સમાજ સુધારક મંડળ બની બેસે છે. અન્ય પક્ષે કેટલાક મંડળોને પોતાના ધ્યેયપર પ્રશંસનીય પ્રેમ હોય છે, પરંતુ આવાં મંડળો ધર્મઘેલાં હોય છે અને તેમનું સ્વધર્માભિમાનપર ધર્મ દ્વેષથી દૃઢ થયેલું હોય છે. મારી તો ઇશ્વર પ્રત્યે એજ પ્રાર્થના છે કે હે પ્રભો! ધર્મઘેલાં માણસોના જેટલો નીસ્સીમ સ્વધર્મ પ્રેમ હોવા છતાં પણ સર્વ ઇતર ધર્મો પર પણ સ્વધર્મ જેટલીજ સમદૃષ્ટિ રાખનાર મહાત્માઓથી આ જગતને ભરી કાઢો. પરંતુ આવાં લોકો ઘણાજ થોડા અને કવચિતજ મળી આવે છે તથાપિ તે પરથી સિદ્ધ થાય છે કે સુક્ષ્મ સર્વગત અંતઃપ્રેમથી ભરેલી કલ્પના અસંખ્ય લોકોના મનપર સ્થાપન કરી શકાય એ[illegible]રો. અને તેમ કરવાનો માર્ગ એકજ છે. આ માર્ગ

ઇષ્ટનિષ્ઠા કિંવા ઇષ્ટ દેવતા અથવા અનેક ધ્યેય સ્વરૂપમાંથી ચુંટી કાઢેલું આપણું ધ્યેય સ્વરૂપ છે. ધર્મની કોઇ પણ શાખા માનવીઓને પોતાનું એક ધ્યેય સ્વરૂપ દર્શાવે છે, પરંતુ સનાતન વૈદિક ધર્મ પરમેશ્વર સન્નિધ જવાના હજારો માર્ગો બતાવે છે, અર્થાત તે જગત-સમક્ષ અસંખ્ય ધ્યેય સ્વરૂપો મુકે છે. આ પ્રત્યેક સ્વરૂપ સચ્ચિદાનંદ પરમાત્માનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોમાંનું એક સ્વરૂપ હોય છે. ભક્તિ માર્ગે ચાલતાં સ્ત્રી પુરૂષોને આ ધર્મ દયાર્દ્ર હૃદયથી અસંખ્ય રાજ માર્ગો બતાવી દે છે. મનુષ્ય જીવનક્રમમાં અનુભવરૂપી જે મોટા મોટા ખડકો આવે છે તે સર્વ ખડકો ઇશ્વરે સ્વતઃ અવતાર લઇને વા વિભૂતિઓ ઊપજાવીને પૂર્વે વિનષ્ટ કરીને અનેક રસ્તાઓ આપણે માટે ખુલ્લા મુકી દીધા છે અને હજી પણ તે કામ ચાલુજ છે. વેદાંતની પાસે જે જે જાય તેને પોતાના બાહુ પ્રસારીને આલિંગન દેવાને સદૈવ તે તૈયાર હોય છે. આજે જેઓ વિદ્યમાન છે તેમનેજ માત્ર નહિ પરંતુ ભવિષ્યમાં જે પેદા થશે તેમનો પણ આદર સહિત સ્વિકાર કરવાને તે ઉત્સુક છે. જે સત્ય અને આનંદસાગરમાં ડુબકી મારવાથી મનુષ્ય માયાજાળમાંથી મુક્ત થાય છે તથા પૂર્ણ સ્વતંત્ર થઇ અક્ષય્ય સુખમાં મહાલવા લાગે છે તે સત્ય અને આનંદના નિવાસગૃહમાં મનુષ્યને પ્હોચાડવાની વેદાંતે કમ્મર કસી છે.

મોક્ષપ્રાપ્તિના જે ભિન્ન ભિન્ન માર્ગો દર્શાવવામાં આવ્યાં છે તેની નિંદા કરશો નહિ, વા તે ખોટા છે એમ કહેશો નહિ એવી અનુલક્ષનીય આજ્ઞા ભક્તિ યોગમાં નિર્દિષ્ટ કરેલી છે. તથાપિ વૃદ્ધિ પામતા રોપાની ચારે બાજુએ જ્યાં સુધી તે વધીને વૃક્ષ થાય ત્યાં સુધી વાડ કરવીજ જોઇએ. અધ્યાત્મજ્ઞાનના કુમળા છોડને જો યોગ્ય

સમય પૂર્વે વિચાર અને ધ્યેય સ્વરૂપનાં સતત પરિવર્તને સન્મુખ ખુલ્લો મુકી દેવામાં આવશે તો તે મૃત્યુ પામશે. કેટલાક લોકો ધર્મ સ્વાતંત્ર્યના નામ હેઠળ એક પછી એક ધ્યેય સ્વરૂપ બદલ્યા જાય છે અને માત્ર જિજ્ઞાસા તૃપ્ત કરવાને માટેજ તેમ કરવામાં આવે છે. તેમને નવી વાતો સાંભળવાનો એક પ્રકારનો હ્રદય રોગજ થયેલો હોય છે, તેમને એક પ્રકારની ધર્મ પિપાસાજ લાગેલી હોય છે, તેમને નવીન વાત સાંભળી એક પ્રકારનો નીશો કરવાની ટેવ પડેલી હોય છે અને જ્યારે આ નીશો ઉતરી જાય છે ત્યારે વળી નવીન વાતો સાંભળવાનો તેમને શોખ થાય છે. આ લોકોને માટે ધર્મ એ એક પ્રકારનો નિસો છે એ શિવાય ધર્મ વિષે ઈતર કલ્પના તેમના મનમાં ઉદ્‌ભવતી નથી. ભગવાન રામ કૃષ્ણ કહે છે કેઃ—"કેટલાક લોકો મોતીની શીપ જેવા હોય છે. સ્વાતી નક્ષત્રને કાળે વર્ષાદના થોડા બિંદુ ગ્રહણ કરવાને માટે તે સમુદ્ર તળનું પોતાનું રહેઠાણ છોડીને સપાટીપર આવે છે અને પોતાનું અંગ ઉઘાડું રાખીને સપાટીપર તર્યા કરે છે. વર્ષાનું એકાદ બિંદુ અંદર પડતાંજ તે નીચે ડુબકી મારી જાય છે અને તે બીંદુમાંથી સુંદર મોતી બને ત્યાં સુધી તે ત્યાંજ રહે છે."

આ નાના સરખા ઉદાહરણમાં સૌથી વધુ રસ ભરિત અને જોર દાર ભાષામાં ઇષ્ટનિષ્ઠા પ્રતિપાદન કરવામાં આવી છે. આ એક-નિષ્ઠા કિંવા ઇષ્ટ દેવતાની ભક્તિજ નવા શિખાઉને ભક્તિનો અભ્યાસ કરતાં અત્યંત આવશ્યક છે. તેણે મહા ભક્ત હનુમાનની પેઠે "નિત્ય કહેવું જોઇએ કે "જો કે હું જાણું છું કે શ્રી અને સીતાનો પ એકજ ઇશ્વરનો અવતાર કિંવા વ્યક્ત સ્વરૂપ છે તોપણ મારૂં સર્વસ્વ કેવળ કમળમુખ રામજ છે"' કિંવા મહા ભગવદ્ ભક્ત તુલસી

દાસની પેઠે તેણે કહેવું જોઇએ કે " સર્વમાંથી મિષ્ટતા જમો સર્વ-ની પાસે બેસો, સર્વનાં નામ લો, સદા હા હા કહી મસ્તક ધુણાવો, પરંતુ તમારૂં પોતાનું આસન અડગ રાખો " આમ કરતાં કરતાં ભક્ત જ્યારે મનઃપૂર્વક પ્રેમ રાખશે ત્યારે આટલાં નાનાં બીજમાંથી પ્રચંડ વૃક્ષ થઇ વડ વૃક્ષની પેટે તેની શાખા ઉપશાખા અને મુળ સર્વ બાજુએ પ્રસરી સર્વ ધર્મ ક્ષેત્રને તે પોતાના કબજામાં લઇ લેશે. આ પ્રમાણે ખરા ભક્તાને પ્રત્યક્ષ થશે કે જુદાં જુદાં નામ અને જુદાં જુદાં સ્વરૂપ તથા જુદા જુદા ધ્યેય સ્વરૂપથી ધર્મની આ ભિન્ન ભિન્ન શાખાઓ જે ઇશ્વર પર તેની ઇષ્ટ નિષ્ઠા છે તેનીજ પૂજા કરે છે.

પ્રકરણ ૧૦ મું.

ભક્તિયોગનાં સાધનો અને પ્રવૃત્તિઓ.

ભક્તિયોગનાં સાધનો અને તેને સિદ્ધ કરવાની પદ્ધતિ સંબંધે ભગવાન રામાનુજ પોતાની વેદાંત સૂત્ર પરની ટીકામાં લખે છે. કેઃ— " વિવેક, મનોવિકારનું દમન, અભ્યાસ, યજ્ઞકર્મ, મનઃશુદ્ધિ. બળ તથા અતિ હર્ષનો નિરોધ ઇત્યાદિ સાધનોથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. ' રામાનુજના મત પ્રમાણે શુદ્ધ આહાર કયો અને અશુદ્ધ આહાર કયો એ તથા એવાજ બીજા વિષયો સંબંધે જે દૂરો વિચાર કરી શકાય છે તેનું નામ વિવેક છે. તેમના કહેવા પ્રમાણે ત્રણ

પ્રકારે આહાર અશુદ્ધ થાય છેઃ (૧) ખોરાકના અંગમાં રહેલા ગુણથી, જેમકે કાંદા લસણ ઇત્યાદિ; (૨) દુષ્ટ કિંવા અનાચારી મનુષ્યની પાસેથી આવેલો હોવાથી અને (૩) વાળ, ધુળ ઇત્યાદિ બાહ્ય વસ્તુઓ દ્વારા ઉપજતાં ખરાબ પરિણામને લીધે. શ્રુતિમાં કહ્યું છે કે આહાર જ્યારે શુદ્ધ હોય છે ત્યારે આપણાં શરીરનું સત્વ શુદ્ધ રહે છે અને તેના સંબંધથી સ્મરણ શક્તિ તીવ્ર થાય છે" આ શ્રુતિ વાક્ય રામાનુજાચાર્યે છાંદોગ્ય ઉપનિષદ્‌માંથી લીધેલું છે.

આ આહારનો પ્રશ્ન ભક્તોને માટે સદૈવ અતી મહત્વનો છે. કેટલીક શાખાના લોકોએ તેનો અતિરેક કીધો છે. તે છતાં પણ આહાર સંબંધી પ્રશ્નમાં એક અતિ મહત્વની વાત માલમ પડે છે. સાંખ્ય તત્ત્વજ્ઞાનાનુસાર સત્વ, રજ અને તમ એક ત્રણ ગુણ પ્રકૃતિનો ધર્મ અને પ્રકૃતિનું દ્રવ્ય ઉભય છે. આ ત્રણે ગુણો જ્યારે સમતોલ હોય છે ત્યારે પ્રકૃતિ પોતાની મૂળ સ્થિતિમાં હોય છે અને તેની સ્થિતિ ચલવિચલ થતાં તેમાંથી જગતની ઉત્પત્તિ થાય છે. આ પરથી સ્પષ્ટ સમજાશે કે પ્રત્યેક મનુષ્યનો દેહ આ ત્રણ તત્ત્વોનો બનેલો છે. આધ્યાત્મિક જ્ઞાનમાં ગતિ કરવાને માટે એમાં 'સત્વ' નામનું જે તત્વ છે તેનું જ મુખ્યતઃ શરીરમાં પ્રાધાન્ય હોવું જોઇએ. અન્નદ્વારા આપણને જે શરીર પોષક દ્રવ્ય મળે છે તેમાં જે ગુણ કિંવા તત્ત્વ પ્રધાન હશે તદનુસારજ આપણી મનઃપ્રવૃત્તિ બને છે. આપણે આટલા માટેજ અન્નનું સેવન કાળજીપૂર્વક કરવું જોઇએ. તથાપિ કેટલાક શિષ્યો જે અતિરેક કરે છે હદબહાર ખેંચી જાય છે તે તેમની પોતાનીજ ઘેલછા છે, તેનો દોષ ગુરૂનાં શીરપર કદિ પણ

સાદવો જોઇએ નહિ.

ઉપર અન્નનું આટલું બધું મહત્વ વર્ણવવામાં આવ્યું છે તો પણ તે જરા ગૌણજ છે. કારણ કે ઉપર જણાવેલાં ઉપનિષદનાં વાક્યોનો અર્થ શ્રીમચ્છંકરાચાર્યે પોતાના ભાષ્યમાં જુદોજ કર્યો છે. આહારનો અર્થ સદૈવ અન્ન સમજવામાં આવે છે. પરંતુ શંકરાચાર્યે તેનો અર્થ એવો કર્યો છે કેઃ—

" અંતર્ભાગમાં (હૃદયમાં) આપણે જેનો જેનો સંગ્રહ કરીએ છીએ તે તે આહાર છે. આપણે આપણા આત્માના ઉપભોગને અર્થે ઇંદ્રિયવિષયક જ્ઞાનનો સંગ્રહ કરીએ છીએ તે આહાર છે. આ ઇંદ્રિયવિષયક જ્ઞાનની શુદ્ધિનું નામ આહાર શુદ્ધિ જ છે. આહાર શુદ્ધિ શબ્દનો અર્થ ઇંદ્રિય જ્ઞાનની પ્રાપ્તિ એવો થાય છે. પરંતુ તે જ્ઞાન આસક્તિ, લોભ અને મોહથી અલિપ્ત (અર્થાત્ શુદ્ધ) હોવું જોઇએ. આવી રીતના આહારથી અર્થાત્ આવા પ્રકારની જ્ઞાનશુદ્ધિના યોગથી જે સત્વથી અંતઃકરણ બનેલું છે તે સત્વ—દ્રવ્ય શુદ્ધ થશે અને તેથી ઈશ્વર—અનંતના સત્ય સ્વરૂપનું અખંડ ચિંતન સ્વાભાવિક થઇ શકશે. "

હવે ઉપર જે ઉપનિષદના વાક્યપર બે જુદી જુદી ટીકા આપી છે તે બહારથી પરસ્પર તદ્દન વિરૂદ્ધ ભાસે છે તોપણ તે ઉભયમાં સત્ય હોવાથી નવા શિખાઉને બન્નેની માહિતી હોવી આવશ્યક છે. આપણા આ માંસમય સ્થૂલ શરીર કરતાં આપણાં સૂક્ષ્મ શરીર અર્થાત્ મનનો નિરોધ કરવો અને સન્માર્ગ તરફ તેની પ્રવૃત્તિ કરવી એ વિશેષ મહત્વનું છે. પરંતુ સૂક્ષ્મ શરીરનો નિરોધ કરવાને માટે સ્થૂલ શરીરને પ્રથમ વશ કરવાની આવશ્યકતા છે. માટે પ્રાય-

મિક ભક્તને તો પરંપરાગત ગુરૂના મુખમાંથી બહાર પડેલા આહાર વિષયક નિયમોના પાલન પ્રત્યે વિશેષ લક્ષ આપવું જોઇએ. પરંતુ આ આહાર સંબંધે કેટલીક શાખાના ભકતો વિલક્ષણ ધર્મઘેલછા બતાવે છે. આથી સત્ય ધર્મનો લય થઇ માત્ર ચુલ્લિકા ધર્મનો આવિર્ભાવ થાય છે. આવી ધર્મ ઘેછલાથી આધ્યાત્મિક જ્ઞાન લેશ પણ પ્રાપ્ત થતું નથી. આવા પ્રકારની ધર્મઘેલછા એક પ્રકારનો જડવાદજ છે. એમાં નથી જ્ઞાન, નથી ભક્તિ કે નથી કર્મ; એનાથી કોઇ પણ માર્ગ સાધ્ય થતો નથી. એને એક પ્રકારનું ગાંડપણજ કહેવું જોઇએ. એથી કદિ પણ બ્રહ્મલોકની પ્રાપ્તિ થતી નથી, પરંતુ ગાંડાની હોસ્પિટલની પ્રાપ્તિ થવાનો વિશેષ સંભવ છે. તોપણ મનની અત્યુચ્ચ (સાત્વિક) સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે આહારની પસંદગી કરવામાં વિવેક વાપરવો એ અતિ આવશ્યક છે. એમ કહેવું સયુક્તિક છે અને આહારશુદ્ધિ વિના મનની સાત્વિક સ્થિતિ સાધ્ય કરવી દુષ્કર છે.

હવે પ્રાથમિક ભકતોનું દ્વિતીય કર્તવ્ય મનોવિકારનું નિયમન કરવું એ છે. મનને ઇંદ્રિય વિષયથી પરાઙ્મુખ કરવું, ઇંદ્રિયોપર સત્તા મેળવવી અને મનને પોતાની ઇચ્છાનો દાસ બનાવી દેવું એ ધર્મ શિક્ષણનો પ્રથમ પાઠ છે. હવે અભ્યાસ પરત્વે બે શબ્દો કહીશ. મુમુક્ષુએ અંગતોડી અભ્યાસ કર્યા વગર અને લીલી સુકી જોયા શિવાય દૈવી સાક્ષાત્કાર આદિ અનુભવ આત્માને ત્રણકાળમાં પણ પ્રાપ્ત થતો નથી. " મનથી સદા ઇશ્વરનું ધ્યાન કરતા રહેવું જોઇએ." પ્રથમ ઇશ્વરનું ધ્યાન કરવા તરફ મનની પ્રવૃત્તી વાળવી અતિ કઠિન થઇ પડશે. પરંતુ પ્રયત્ન કરવા માંડતાં પ્રત્યેક નવા પ્રયત્નની સાથે આપણું સામર્થ્ય દ્વિગુણ વધતું જશે. " હે કુંતિપુત્ર ! અભ્યાસ અને સંન્યાસથી તેની-મનની-સિદ્ધિ થાય છે " એમ ગીતામાં શ્રી કૃષ્ણ

બોલ્યા છે. તેજ પ્રમાણે ઉપર જે યજ્ઞ કર્મનો નિર્દેશ કરવામાં આવ્યો છે તેનો અર્થ એવોજ સમજવો કે હમ્મેશની પેઠે પંચમહાયજ્ઞ કરવા.

માનસિક અને શારિરિક શુદ્ધિ ભક્તિરૂપી ઇમારતનો પાયો કિંવા તેની ફરસબંધી છે. આહારનો વિવેક અને બાહ્યશરીરની શુદ્ધિ એ ઉભય કાર્યો સહજ છે. પરંતુ અંતઃકરણની શુદ્ધિ કિંવા નિર્મળતા વિના બાહ્યશુદ્ધિની કિમ્મત એક કોડીની પણ નથી. જે ગુણોના યોગથી આ શુદ્ધિ પ્રાપ્ત થાય છે તેની નામાવલિ રામાનુજે આપી છે અને તે આ પ્રમાણે છેઃ—(૧) સત્ય કિંવા પ્રમાણિકતા; (૨) આર્જવ કિંવા સરલતા; (૩) દયા કિંવા નિઃસ્વાર્થ બુદ્ધિથી કરેલો ઉપકાર; (૪) અહિંસા અર્થાત્ મન વચન અને કર્મથી અન્યને કષ્ટ ન આપવું. (૫) અભિધ્યા એટલે નિર્લોભતા તેમજ વ્યર્થ વિચાર તથા અન્ય તરફથી થયેલાં કષ્ટના વિચારનું દમન, આ નામાવલિમાં વિશેષ લક્ષમાં રાખવા યોગ્ય ગુણ અહિંસા છે. આ અહિંસા ધર્મ સર્વ પ્રાણીઓ પ્રત્યે બતાવવો જોઇએ. કેટલાક લોકો એમ સમજે છે કે માત્ર મનુષ્યોને પીડા ન આપી એટલે પત્યું. બાકી હલકાં પ્રાણીઓની સાથે નિર્દયતા ભરેલી વર્તણુંક રાખવામાં કાંઇ હરકત નથી. કેટલાક લોકો એક તરફ કુતરાં અને બિલાડાં પાળે છે, કીડીને ખાંડ ખવરાવે છે અને બીજી તરફ પોતાના માનવી બંધુઓની સાથે ગમે તેવી ભયંકર વર્તણુંક રાખવાને પોતે મુખત્યાર છે એમ સમજે છે. જગતમાં આ એક વિલક્ષણ નિયમ છે કે ગમે તેવી સુકલ્પના અને ગમે તેવો સદ્હેતુ હોય તોપણ તેને હદ બહાર લેઇ જવામાં આવે કે તેથી અનિષ્ટ પરિણામજ આવવાનું. કોઇ પણ સારા રિવાજનો અતિરેક કરવાથી અને શબ્દશઃ અર્થને ધરી બેસવાથી તેમાંથી અનર્થની ઉત્પત્તિ થાય છે. કેટલાક પંથોના સાધુઓ જંતુ મરી જશે એવા ભયથી સ્નાન-

જ કરતા નથી. પરંતુ પોતાની આવી મૂર્ખતાને લીધે તેઓ પોતાના માનવી બંધુઓ પર આપત્તિ લાવવામાં અને રોગના બીજ વાવવામાં કેવા કારણભૂત થાય છે તે તેઓ જરા પણ સમજતા નથી. આપણે તો એટલુંજ સમાધાન લેવાનું છે કે આવા પંથોને વેદ સાથે કાંઇ પણ સંબંધ નથી.

દ્વેષનો સમૂળો નાશ એજ અહિંસાનું મુખ્ય લક્ષણ છે. ક્ષણભર લાગણી થવાથી, કિંવા કોઇ ધર્માચાર્યના આગ્રહથી, અથવા વહેમ તથા ભોળપણથી મનુષ્ય કોઇવાર એકાદ સત્કૃત્ય કરી નાંખે અથવા દાન દઇ નાંખે તે વાત જુદી છે! પરંતુ મનુષ્યજાતીનો ખરો પ્રેમ તો તેજ કે જેનામાં મત્સર બીલકુલ ન હોય! આપણે હાલમાં જેમને જગતના આગેવાન પુરુષો ગણીએ છીએ તે સર્વ એકાદ નાની સરખા પદવીને માટે, થોડીશી કીર્તિ પ્રાપ્ત કરવાને માટે અથવા થોડું સુવર્ણ પ્રાપ્ત કરવાને માટે એક બીજાની ઇર્ષા કરતા દૃષ્ટિએ પડે છે. જ્યાં સુધી અંતઃકરણમાં મત્સરરૂપી પિશાચની બાધા છે ત્યાં સુધી ખરી અહિંસાનું નામ લેશો નહિ. ગાય તથા મેંઢી કદિ માંસ ખાતી નથી. પરંતુ તેટલા માટેજ તે મહાન્ અહિંસક યોગીની કક્ષામાં આવે છે એમ કહેવાશે કે? એક માણસ અમુક ખાય કે અમુક ન. ખાય તે પરથી શું તેની કિમ્મત થશે? કોઇપણ મૂર્ખ અમુક પદાર્થ ન ખાવાનું વ્રત લઇ શકે એ સંભવિત છે, પરંતુ તેથી તે વનસ્પત્યાહારી પશુ. કરતાં ઊચ્ચ ગણાઇ શકે નહિ. કોઇ માણસ કદાચ માત્ર ઘાસ ખાઇને રહે, પરંતુ બીજી તરફ બાપડી નિરાધાર વિધવાઓને અને અનાથ બાળકોને પૈસાના લોભથી ફસાવે તો તે શું સાધુ કહેવાશે કે? ના, તે તો પશુ, કિંબહુના મહા પશુજ કહેવાશે. જેના અંતઃકરણમાં કોઇપણ પ્રાણીને દુઃખ દેવાનો વિચાર સુદ્ધાં આવતો નથી, જે પોતાના કટ્ટા દુશ્મનનો વૈભવ જોઇને પણ મુદિત થાય છે તેજ

ખરો યોગી છે અને તેજ સર્વનો ગુરૂ છે. પછી તે આખો જન્મ ડુક્કરનું માંસ ખાઇને જીવે તો તેની ફિકર નથી. માટે આપણે સદા લક્ષમાં રાખવું જોઇએ કે બાહ્યશુદ્ધિ એ કેવળ અંતઃકરણની શુદ્ધિની પોષક છે એમ સમજીનેજ તેનું પાલન કરવું જોઇએ. જ્યારે બાહ્યશુદ્ધિ કેટલાંક કારણોને લઇને અસાધ્ય થાય ત્યારે અંતઃશુદ્ધિથીજ સંતોષ માનવો જોઇએ. પરંતુ જે પ્રજા કિંવા જે વ્યક્તિ ધર્મના પ્રાણરૂપી અંતઃશુદ્ધિને વિસરશે અને આ બાહ્ય તંત્ર કિંવા બાહ્યાચારનેજ દાંત પીસીને વળગી રહેશે તે પ્રજા કિંવા વ્યક્તિની કેવી દુર્દશા થશે તેનું વર્ણન કરવું પણ કઠિન છે. આ બાહ્યાચાર આંતર આધ્યાત્મિક જીવનનો ઘાતક હોવાથી તેને એટલું મહત્વ આપવામાં આવે છે, પરંતુ તે આંતરજીવનને સુપ્રકાશિત કરતો નથી એમ જ્યારે લાગે ત્યારે બેલાશક તેને નિર્દયતા પૂર્વક તેમનો ત્યાગ કરો. ભક્તિયોગની સિદ્ધિ કરવાનું એક સાધન અવસાદ કિંવા બળ છે. શ્રુતિ કહે છે કે 'આ આત્માની પ્રાપ્તિ દુર્બલ મનનો માણસ કરી શકતો નથી; આ વાકયમાં શારીરિક અને માનસિક ઉભય પ્રતિનાં દૌર્બલ્યનો અંતર્ભાવ થાય છે. 'મનથી પણ ધટ્ટ અને શરીરથી ધટ્ટ' એવો જે માણુસ હોય તેજ શિષ્ય થવાને પાત્ર છે ક્ષુદ્ર, ક્ષુલ્લક, બલહીન માણસો શું કરી શકવાનાં હતાં! શરીરની અદૃશ્ય શક્તિઓ પૈકી એકાદ શક્તિ આવા માણસોનાં શરીરમાં યોગના અભ્યાસથી થોડે અંશે પ્રકટ થાય: તો પણ શીઘ્ર તેનો નાશ થવાનો! 'તરૂણ, નિરોગી અને સુદૃઢ' લોકોને વિજયમાળ આરોપાશે. આટલા માટે શારીરબલ અત્યંત આવશ્યક છે. ઇંદ્રિયનિરોધ કરતાં પ્રતિક્રિયા થઇને ધકકો લાગે છે તે સહન કરવાને માટે દૃઢ શરીરની જરૂર છે. જેણે ભક્ત થવું હોય તેનું શરીર સુદૃઢ અને નિરોગી હોવું જોઇએ. આ યોગો પૈકી

એકાદ યોગ કોઇ અશક્ત મનુષ્ય સાધ્ય કરવાને ઉદ્યત થાય છે ત્યારે તેને એકાદ દુઃસાધ્ય રોગ થાય છે કિંવા તેના મનને ક્ષીણતા પ્રાપ્ત થાય છે. માટે જાણી બુજીને શરીરબલની હાનિ કરવી એ નિ:સંશય અધ્યાત્મજ્ઞાનનું અનુપાન નથી. તેજ પ્રમાણે મનથી જે ક્ષીણ હોય છે તેને પણ આત્મપ્રાપ્તિ થતી નથી. જેણે ભક્ત થવું હોય તેણે સદા આનંદમાં રહેવું જોઇએ. પાશ્ચાત્ય દેશમાં જેને કદિ હસવું આવતું નથી તેને મોટો ધાર્મિક પુરૂષ ગણવામાં આવે છે. વર્ષારૂતુના ઘનતિમિરના જેવી તેની ચર્યા હોવી જોઇએ, તેનો ચ્હેરો ચાઠીઓ હોવો જોઇએ અને તેના હોઠ વચ્ચે બહુ અંતર ન હોવું જોઇએ. એવી ધાર્મિક મનુષ્ય વિષેની કલ્પના તે દેશમાં હોય છે. આવા માણસો વૈદ્યોને માટે વિશેષ ઉપયોગી છે, બાકી તેમને યોગી તો કહી શકાય નહિ. જેનું મન પ્રસન્ન હોય છે તેજ કોઇ પણ કાર્ય સિદ્ધ કરી શકે છે. આવા મનઃસ્થૈર્યથીજ અસંખ્ય સંકટોમાંથી માણસ પોતાનો માર્ગ ખુલ્લો કરી શકે છે. આ માયાજાળમાંથી પોતાનો માર્ગ શોધી કાઢવો એ અતિશય કઠિન કાર્ય છે અને તે અગાધ ઇચ્છા સામર્થ્ય વિના કદિ પણ સિદ્ધ થઇ શકતું નથી.

તથાપિ અનુદ્ધર્ષ કિંવા હર્ષાતિરેકનો પણ ત્યાગ કરવો જોઇએ. અતિ હર્ષને લીધે આપણે ખરો વિચાર કરવાને અયોગ્ય કરીએ છીએ. વળી તેથી આપણી મનઃ શક્તિનો પણ ઘણીવાર વ્યર્થ વ્યય થાય છે. જેમ જેમ આપણી ઇચ્છા શક્તિ બળવત્તર થતી જશે તેમ તેમ આપણે મનોવિકારની સત્તાને ઓછા આધીન રહેતા થઇશું. અતિહર્ષની પેઠે અતિગાંભિર્ય પણ ઉપયુક્ત નથી. જે વખતે મન સ્થિર શાંત અને સમતોલ હોય છે તે વખતેજ આધ્યાત્મિક અનુભવ થવાનો સંભવ છે."

આ રીતે ભક્તે, ઇશ્વર પ્રેમ કરતાં શીખવું જોઇએ.

ભક્તિ યોગ.

ઉત્તરાર્ધ.

પ્રકરણ ૧ લું.

પરાભક્તિ.

સર્વ સંગ પરિત્યાગ.

અહિંઆં સુધી હલકા પ્રકારની જે ગૌણી ભક્તિ છે તે સંબંધે વિવેચન કરવામાં આવ્યું. હવે પરાભક્તિ અર્થાત્ ઊચ્ચ પ્રતિની ભક્તિ તરફ આપણે વળીશું. આ પરાભક્તિનો અભ્યાસ કરવાને માટે પ્રથમ થોડી તૈયારીની આવશ્યકતા છે. આ વિષે બે શબ્દો બોલીશ. આ તૈયારી માત્રં આત્મશુદ્ધિને માટેજ કરવાની હોય છે. નામનો ઉચ્ચાર કરવાથી તથા નાનાવિધ વિધિ કરવાથી આત્માની શુદ્ધિ થાય છે. પરંતુ આત્મશુદ્ધિના સાધનો પૈકી સર્વોચ્ચ સાધન કે જેનાવિના પરાભક્તિની પ્રાપ્તિ થઇ શક્તી નથી તે એકજ છે. આ સાધન સર્વસંગ પરિત્યાગ છે. આ પરિત્યાગનું નામ સાંભળતાંજ ઘણા માણસોના હૃદયમાં ભયનો સંચાર થાય છે. પરંતુ આ સાધન શિવાય આત્માની પ્રગતિ થઇ શક્તી નથી. સર્વ યોગોમાં સર્વસંગ પરિત્યાગજ મુખ્ય સાધન

ગણવામાં આવ્યું છે. પરિત્યાગ એ ધર્મરૂપી મહેલમાં પ્રવેશ કરવાનું પ્રથમ પગથીઉં છે, કિંવા ધર્મરૂપી ચક્રનું કેન્દ્ર છે અથવા ધર્મનો પ્રાણ છે. વધારે શું કહીએ ? પરિત્યાગ એ ધર્મની કેવળ પ્રતિમાજ છે. જ્યારે આપણો આત્મા ઐહિક વસ્તુઓથી નિવૃત્ત થઇને અંતરમાં વધારે ઉંડો ઉતરે છે; જ્યારે જડ અને સ્થૂલ વસ્તુનો વિચાર કરતાં કરતાં અને તેની સાથે બોલતાં બોલતાં આપણે સ્વતઃ જડમય બનીને નાશ પામવાની અણીપર આવી લાગ્યા છીએ એમ આપણા આત્માને જણાય છે અને તેથી તે જ્યારે જડ સૃષ્ટિથી પરાંગમુખ થવાય છે, ત્યારેજ પરિત્યાગ એશી વસ્તુ છે તેનો આપણને અનુભવ થાય છે અને ત્યારેજ ખરા ધર્મની જાગૃતિ થાય છે. કર્મયોગી ફળની આશા છોડી સંન્યાસ સાધ્ય કરે છે. તે પોતાના શ્રમનાં ફળની આસક્તિ કદિ પણ રાખતો નથી. તે ઇહલોક પરલોકમાં કોઈ પણ ફળની ઇચ્છા રાખતો નથી. સર્વ સૃષ્ટિ આત્માના અનુભવને માટે રચવામાં આવી છે અને આત્મા એ અનાદિકાળથી સૃષ્ટિથી તદ્દન અલિપ્ત છે એ તત્ત્વની પ્રતિતિ થવી એ આત્માના સર્વ અનુભવનું ફળ છે, એમ રાજયોગી જાણે છે. હું આત્મતત્ત્વજ છું એમ માનવી આત્માએ સમજવું જોઈએ અને તેનું પ્રત્યક્ષ જ્ઞાન પણ તેને થવું જોઇએ. તેમજ જડ તત્ત્વોની સાથે આપણો સંબંધ થોડા કાળ પર્યંતજ છે અને થોડા કાળ સુધીજ હોઇ શકે એ વાત પણ તેણે જાણવી જોઇએ. રાજયોગીને તો સૃષ્ટિના અનુભવ દ્વારાજ સંન્યાસની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનયોગીને સર્વથી ઉગ્ર સંન્યાસમાંથી પસાર થવું પડે છે, કારણ કે તેને પ્રારંભથીજ સૃષ્ટિ એ કેવળ ભ્રમ છે એમ માનવું પડે છે. તેની માન્યતા એવી હોય છે કે સૃષ્ટિમાં જે જે શક્તિ વ્યક્ત થાય છે તે સર્વ એક આત્માનીજ શક્તિ હોય છે, પ્રકૃતિને તે સાથે કાંઈ સંબંધ નથી.

વળી તે પ્રારંભથીજ એમ માને છે કે આત્માજ સર્વ જ્ઞાન અને અનુભવનો ભંડાર છે, સૃષ્ટિને તે સાથે કાંઇ સંબંધ નથી. આથી તેને સૃષ્ટિજન્ય સર્વ બંધનોમાંથી માત્ર નિશ્ચયબળને આધારે એકદમ નિવૃત્ત થવું પડે છે. તે પોતાના મનોગૃહમાંથી આ મૃગજળવત્ સૃષ્ટિ અને તેવાજ સર્વ સ્પષ્ટ પદાર્થોના આસનોને દૂર ફેંકી દેછે અને તે નષ્ટ પ્રાયઃ થતાં તેને સ્થાને પોતેજ બેસી જવાનો પ્રયત્ન કરે છે.

સર્વ પરિત્યાગમાં માત્ર ભક્તિયોગે દર્શાવેલો પરિત્યાગ અતિ સહજ અને સુલભ છે. અહીંઆં જોરજુલમનું કાંઇ કામ પડતું નથી. અહીંઆં કોઇ પણ વસ્તુનો ત્યાગ કરવો પડતો નથી. તેમજ પોતાના અંગથી કાંઇ દૂર કરવું પડતું નથી, અથવા કોઇ પણ વસ્તુથી બળાત્કારે અલિપ્ત રહેવું પડતું નથી. ભક્તનો પરિત્યાગ સહજ, સુલભ અને આસપાસની વસ્તુઓના જેવો સ્વાભાવિક હોય છે. આવાં ભકતોના પરિત્યાગનાં ઉદાહરણો આપણા નિત્યવ્યવહારમાં આપણને દૃષ્ટિગોચર થાય છે, જો કે થોડેઘણે અંશે તેના સ્વરૂપમાં ન્યૂનાધિક્તા હોય છે. એક પુરૂષ એક સ્ત્રીને ચ્હાય છે. થોડા દિવસ પશ્ચાત્ તેજ પુરૂષનો પ્રેમ અન્ય સ્ત્રીપર ચોંટે છે અને તે આગલી સ્ત્રીનો પરિત્યાગ કરે છે. આ સ્ત્રીપરનો પ્રેમ ધીમે ધીમે આપો આપજ અદૃશ્ય થાય છે. અને પછી તેને તેનું સ્મરણ સુદ્ધાં રહેતું નથી. તેજ પ્રમાણે એકાદ સ્ત્રી કોઈ પુરૂષ પર પ્રીતિ કરે છે, પછી કાળાંતરે તે અન્ય પુરૂષને ચ્હાવા માગે છે અને તેને અનાયાસેજ આગલા પુરૂષનું વિસ્મરણ થાય છે. કોઇ માણસને પોતાનાં શહેરપર પ્રેમ ચોંટે છે, પછી જ્યારે તે સ્વદેશાભિમાની બને છે ત્યારે આપોઆપજ તેનો શહેર પ્રત્યેનો પ્રેમ લુપ્ત થાય છે. તેજ પ્રમાણે કેટલાક મહાત્માઓ જગતપર પ્રેમ ધરે છે ત્યારે તેમને કોઇપણ પ્રકારે દઃખ ન થતાં

અને કોઇ પણ વિશિષ્ટ પ્રકારની ખટપટ ન પડતાં, તેમની સ્વદેશ ભક્તિ અને તેમના સ્વદેશાભિમાનની પરાકાષ્ઠા આપોઆપ નષ્ટ થાય છે. અજ્ઞાનમાણસો વિષય સુખપર અત્યંત આસક્ત હોય છે, આ લોકોને જેમ જેમ જ્ઞાન મળતું જાય છે, તેમ તેમ તેમને બુદ્ધિ વિષયક સુખ પ્રિય લાગતું જાય છે અને વિષય સુખેચ્છા ઉત્તરોત્તર મંદ થતી જાય છે. એકાદ વરૂ અથવા કુતરો પોતાનો ભક્ષ જે અકરાંતીઆ-પણાંથી ખાય છે અને તેથી તેને જે સુખ અને આનંદ થાય છે તેવું અકરાંતીઆંપણું, તેવું સુખ અને તેવો આનંદ મનુષ્ય ષડ્રસયુક્ત અન્ન પ્રાપ્ત થતાં પણ પ્રદર્શિત કરતો નથી. પરંતુ મનુષ્યને બુદ્ધિ-વિષયક અનુભવ અને સિદ્ધિથી જે આનંદ થાય છે તેની કલ્પના આવાં પ્રાણીઓને સ્વપ્ન સુદ્ધાંમાં આવતી નથી. પ્રથમતઃ આનંદ હલકા પ્રકારના ઇંદ્રિય સુખદ્વારા પ્રાપ્ત થાય છે. પરંતુ પ્રાણી માત્ર જેમ જેમ ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત થતાં જાય છે, તેમ તેમ હલકા પ્રકારના સુખો પરની તેમની આસક્તિ ઓછી થતી જાય છે. મનુષ્ય પશુકોટિની જે-ટલો નિકટ હોય છે તેટલી તેના મનમાં વિષય સુખેચ્છા પ્રબળ હોય છે. પરંતુ તે જેટલો સુશિક્ષિત અને ઉચ્ચકોટિનો હશે તેટલો તે માનસિક અને બૌદ્ધિક ઉપભોગ તરફ વિશેષ વળશે. જ્યારે મનુષ્ય બુદ્ધિ અને વિચારની કક્ષા ઓળંગીને ઉચ્ચતર પદે પહોંચે છે ત્યારે તેને ખરા આધ્યાત્મિક જ્ઞાન અને ઇશ્વર સાક્ષાત્કારની પ્રાપ્તિ થાય છે. અહીંઆં તેને કાંઇ એવો તો આનંદ મળે છે કે તેની આગળ વિષય સુખો અને બુદ્ધિ વિષયક સુખો પણ નિસ્તેજ લાગે છે. ચંદ્ર જ્યારે પૂર્ણ પ્રકાશિત થાય છે ત્યારે તારાઓ તેજહીન ભાસે છે, પરંતુ સૂર્યનો ઉદય થવા દો, એટલે ચંદ્ર પણ ઝાંખો પડી જશે, [illegible] સાધવાને માટેજ મહિમામાંની [illegible] લેવી પડે છે કે કોઇ પણ

વસ્તુનો નાશ કરીને નહિં પરંતુ સ્વાભાવિક રીતે જ સાધ્ય થઇ શકે છે. જે પ્રમાણે જળહળ પ્રકાશની સામે ઝાંખો પ્રકાશ ઉત્તરોત્તર ન્યૂન થતાં થતાં અંતે તદ્દન લુપ્ત થઇ જાય છે, તદ્વત આપણો સમસ્ત પ્રેમ ભંડાર ઈશ્વર પરજ ખાલી કરવાથી ઇંદ્રિય સુખો તથા બુદ્ધિ વિષયક સુખો કોણ જાણે કયાં ગેપ થઇ જાય છે તેનો પત્તાજ લાગતો નથી ! આ ઇશ્વર પ્રેમ વૃદ્ધિગત થતાં થતાં અંતે પરા ભક્તિનાં ઉચ્ચ સ્વરૂપ સમીપ ભક્ત પહોંચે છે. પરાભક્તિ એટલે ઉત્તમ ભક્તિ. એ ભક્તિનો પ્રારંભ થતાંજ કનિષ્ઠ પ્રકારના પુજન પ્રકાર ઝટ નાશ પામે છે. આ પ્રકારની ઇશ્વર ભક્તિ જેના અંગમાં ઉત્પન્ન થાય છે તેની પાસેથી પુજા અર્ચા પોત પોતાનાં ગાંસડા પોટલાં બાંધી ચાલતાં થાય છે. ગ્રંથોની આવશ્યકતા રહેતી નથી; પ્રતિક, મંદિર, ધર્મ, પંથ, દેશાભિમાન, આદિ ભક્તિની પ્રથમ ભૂમિકામાં જણાતાં નાનાં નાનાં બંધનો અને મર્યાદાઓ અદૃશ્ય થાય છે. તેમને સ્વતંત્રતા (પ્રેમ) ની આડે આવનાર કોઇ પણ વસ્તુ લાગતી નથી. જે પ્રમાણે એકાદ જહાજ લોહ ચુંબકના ખડક પાસે આવી લાગતાં તેમાંના લોખંડી ખીલા અને કાંબીઓ લોહચુંબકનાં આકર્ષણથી ખેંચાઇ છૂટા પડી, ઉખડી સ્વચ્છંદે પાણીપર તરતા રહે છે તે પ્રમાણે તે દયાધનની કૃપાથી આત્માના સર્વ ખીલા અને બંધનો તડાતડ છૂટાં પડી પૂર્ણ સ્વચ્છંદે પ્રેમ સાગરમાં તરવા લાગે છે ! તેજ પ્રમાણે ભક્તિની સિદ્ધિને અર્થે જે પરિત્યાગ આવશ્યક છે તેમાં કઠોરતા, શુષ્કતા, દબાણ, વ્યર્થ મહેનત આદિનો અંતર્ભાવ હોતો નથી. ભક્તને પોતાનાં અંતઃકરણની એક પણ ભાવનાનો નિરોધ કરવો પડતો નથી, તેને માત્ર એટલુંજ કરવું પડે છે, કે પોતાની ભાવનાનો વેગ અતિશય વધારી, તેને ઇશ્વર તરફ વાળવી પડે છે.

પ્રકરણ ૨ જું.

—:o:—

ભક્તિદ્વારાજ ઔદાસીન્ય (સર્વ સંગ પરિત્યાગ) નો ઉદ્ભવ થાય છે.

આ જગતમાં આપણને પ્રેમનો પ્રભાવ પદે પદે જણાઇ આવે છે. સમાજમાં જે કાંઇ ઇષ્ટ, મહત્તા ભરેલું અને ઉદાત્ત વિચારયુક્ત ઘટના દેખાય છે તે સર્વે પ્રેમના પ્રભાવનાંજ ફળ છે, એટલુંજ નહિ, પરંતુ જે જે કાંઇ ખરાબ, કિંબહુના બિલકુલ અંધાર, ઘટના દેખાય છે તે પણ આ પ્રેમ પ્રભાવનાંજ ફળ છે. ફરક માત્ર એટલોજ છે કે પાછલી ઘટનામાં પ્રેમની દિશા વિપરીત હોય છે. પતિ પત્નિ વચ્ચે જે શુદ્ધ પ્રેમ દેખાય છે તે પણ તેજ છે અને કનિષ્ઠ પ્રકારના ઇંદ્રિય સુખમાં જે પ્રેમ દૃગ્ગોચર થાય છે તે પણ તેનું એક સ્વરૂપજ છે. ભાવનાનું મૂળ એકજ છે, પરંતુ વિવિધ ઉપાધિથી તેને નાના પ્રકારનાં સ્વરૂપો પ્રાપ્ત થયાં હોય છે. કોઇ મનુષ્યને અન્યનું કલ્યાણ કરવાની ઇચ્છા થાય છે; પોતાની પાસે જે કાંઇ હોય તે ગરીબ ગરબાંને આપી દેવાની ઇચ્છા થાય છે અને કોઈ માણસને લોકોનાં ગળાં રેંસી તેની સર્વ મિલકતપર આક્રમણ કરવાની પ્રવૃત્તિ ગમે છે. પરંતુ આ સારી અને બુરી પ્રવૃત્તિના મૂળમાં પ્રેરણાતો પ્રેમનીજ હોય છે. અંતર એટલોજ છે કે પહેલા મનુષ્યને જેટલો પ્રેમ અન્યપર હોય છે તેટલો પ્રેમ બીજાને પોતાની જાતપર હોય છે. પહેલાની દિશા ખરી છે અને બીજાની ભૂલભરેલી છે. અગ્નીની સાહાય્યથી આપણે સ્વયંપાક કરી શકીએ છીએ, પરંતુ તેજ અગ્નીથી બાલકનો હાથ દાઝે છે. તથાપિ એ કાંઇ અગ્નિનો દોષ નથી. દોષ તો તેનો

ખરાબ ઉપયોગ કરનારનોજ હોય છે. પ્રેમ અથવા પરસ્પર હળીમળીને વર્તવાની ઉત્કંઠ ઇચ્છા—દ્વૈતભાવનો હ્રાસ કરી અદ્વૈત થવાની ઇચ્છા—એ હલકા કિંવા શ્રેષ્ઠ સ્વરૂપે જ્યાં ત્યાં વ્યક્ત થાય છે. ભક્તિયોગ એ ઉચ્ચ પ્રતિનું પ્રેમ શાસ્ત્ર છે. પ્રેમ ભાવનાને કેવું વલણ આપવું, તેને આપણા કાબુમાં શી રીતે રાખવી, તેને શી રીતે ગતિ આપવી, તેનો ઉપયોગ કેવો કરવો, તેને ઉચ્ચ વિષયો તરફ કેવી રીતે ફેરવવી, તેમાંથી ઉત્તમ અને દિવ્ય ફળની પ્રાપ્તિ કેવી રીતે કરવી," અને આખરે પરમાનંદમાં કેવી રીતે સંયુક્ત કરી દેવી તે સર્વ આ યોગ બતાવી આપે છે. ' આ છોડી દો ' કે ' પેલું છોડી દો ' એવી આજ્ઞા પ્રેમ કરતો નથી. ' અહો ! પ્રેમ—પ્રેમ—ઇશ્વર વિષયક પ્રેમ ધારણ કરો ' એમજ તે કહે છે અને જે માણસને મહાપ્રભુ પ્રત્યે પ્રેમ ધારણ કરે છે તેના મનમાં ઇતર નશ્વર પદાર્થોની કલ્પના સુદ્ધાં પ્રવેશ કરતી નથી.

" હે પ્રેમ સ્વરૂપ ! તું કેવળ પ્રેમનો અવતારજ છે. આ ઉપરાંત તારી સ્તુતિ કરવાને અમારી શ્રુતિ અસમર્થ છે. તું સૌંદર્યનો ભંડાર છે. હે વિભો ! તું લાવણ્યનો ભંડાર અને મૂર્તિમંત સૌંદર્ય છે." ખરેખર ! આપણે આ જગત્માં આવીને જે કાંઇ કરવાનું છે તે માત્ર એટલુંજ કે આપણે જે સૌંદર્ય લાલસાથી આ જગતમાં આટલો ઉદ્યમ કરીએ છીએ તે સૌંદર્ય લાલસાને, ઇશ્વરજ સૌંદર્યની પ્રત્યક્ષ મૂર્તિ છે એમ માની, તેના તરફજ વાળવી જોઇએ. સુંદર સ્ત્રીના મુખમાં, કિંવા ગગનમાં આવેલા ચંદ્રમાં, અને તારાઓમાં સૌંદર્ય આવ્યું ક્યાંથી ? ખરેખર ! એતો સર્વ વ્યાપી દિવ્ય સૌંદર્યનો માત્ર નાનો સરખો અંશજ છે. "' તે સ્વયં તેજથી ઝળકે છે ' તેથીજ સર્વ વસ્તુઓ

પ્રકાશમય બની છે. તેનાજ તેજથી પ્રકાશિત થઇ છે. "આ જે ભકિતની ઉચ્ચ સ્થિતિ છે તે પ્રાપ્ત થતાંની સાથેજ તમારૂં અર્ધઘડીનું વ્યકિત સામ્રાજ્ય વિસ્મૃતિ સાગરમાં લુપ્ત થઈ જાય છે. આ વિષય સૃષ્ટિની સ્વાર્થપણાની આસકિતનો ત્યાગ કરો: મનુષ્ય જાતીનું કલ્યાણ થવાને માટે મનુષ્યજ મધ્યબિંદુ છે એમ ધારશો નહિ. પ્રેક્ષક કિંવા અભ્યાસીની પેઠે જગતથી અલિપ્ત રહી સૃષ્ટિ ચમત્કારોનું અવલોકન કરો. જો કોઇપણ મનુષ્યપર તમને વ્યકિત વિષયક આસકિત હોય તો તેનો ત્યાગ કરો અને સર્વ પર સમદૃષ્ટિ રાખો. પછી આ પ્રબળ પ્રેમના પ્રભાવથી જગતમાં કેવા અવનવા ચમત્કાર બને છે તે જુઓ. કોઇ કોઇ વખત આ પ્રમાણે કરતાં થોડું ઘર્ષણ થાય છે, પરંતુ તે શાને લીધે? તો કહીશકે માત્ર અત્યુચ્ચ પ્રેમને મેળવવાના પ્રયત્નના માર્ગમાંજ ઝટાપટી થાય છે તેને લીધેજ તે ઘર્ષણ ઉત્પન્ન થાય છે. કોઇ કોઇ વખત થોડી ઘણી ટક્કર પણ ઝીલવી પડે છે, અને એકાદ વખત ઠોકર પણ ખાવી પડે છે, પરંતુ એ સર્વ ભકિતના માર્ગપર સ્થિર થવાને માટેજ સહન કરવાનું હોય છે. આપણે આ તોફાનોથી અલિપ્ત રહેવું અને સંકટોને પોતાનો માર્ગ લેવા દેવો. આપણે જ્યાં સુધી જગત્ ક્રમણના ચક્રમાં ફસાયેલા છીએ ત્યાં સુધી આ સર્વ ઝટાપટી ચાલવાનીજ. પરંતુ જ્યારે આપણે માત્ર પ્રેક્ષક કિંવા અભ્યાસી તરીકે આ જગતથી અલિપ્ત થઇ વિશ્વનું નિરીક્ષણ કરવા લાગીએ છીએ ત્યારે તે મહાપ્રભુ પ્રેમસ્વરૂપે જુદા જુદા અસંખ્ય માર્ગોમાં વ્યક્ત થઇ આપણી સન્મુખ ઊભો રહે છે.

"જ્યાં જ્યાં સુખનો યત્કિંચિત લેશ પણ પ્રાપ્ત થાય છે—પછી તે ઇંદ્રિય સુખ હોય તો શું થયું?—ત્યાં ત્યાં તે આનંદ સ્વરૂપનો

અંશ અવશ્ય હોય છેજ. "મનનું આકર્ષણ કરનારાં તદ્દન કનિષ્ઠ (હલકી) પ્રતીના સુખમાં પણ તે આનંદ સ્વરૂપનો નાનો સરખો અંશ હોય છેજ. સંસ્કૃતમાં ઇશ્વરનાં જે અનેક નામો છે તે પૈકી એક નામ હરી છે કે જેનો અર્થ એવો થાય છે કે તે સર્વ વસ્તુઓને સ્વયંપ્રતિ આકર્ષે છે. મનુષ્યોનાં અંતઃકરણો ભેદી નાંખવાની શકિત માત્ર એક પરમાત્મામાંજ છે. આત્મતત્ત્વને આકર્ષવાની શકિત માત્ર પરમાત્મામાંજ છે. આ જડ નાશવંત પદાર્થ તેનું આકર્ષણ કરી શકશે કે? છટ! છટ, એવી વાતજ કરશો નહિ. આજપર્યંત તો એવી ઘટના બની નથી અને ભવિષ્યમાં પણ બનનાર નથી. જો કોઇ માણુસ કોઇ મનહર કાંતિપર મોહીને તેની પાછળ પાછળ ફરતો હોય તો શું તમે એમ ધારો છો કે આ નાશવંત જડ દ્રવ્યના મૂઠીભર અણુઓ પ્રતિ તે આકર્ષાય છે? કદિપણ એમ ધારશોજ નહિ. આ જડ દ્રવ્યથી શ્રેષ્ઠ શ્રેણીઓ ઇશ્વરી પ્રેમ અને તેની આકર્ષણ શકિતઓનોજ આ ખેલ છે. અજ્ઞાની લોકો આ વાત સમજી શકતા નથી. તે છતાં પણ જ્ઞાન કિંવા અજ્ઞાન રીતે કોઇપણ વસ્તુથી તેમનાં ચિત્ત વિંધાઇ જાય છે તે પણ આ પ્રભુની શકિતને લીધેજ. સર્વથી નિકૃષ્ટ પ્રતીની ચિત્તવેધકતા પણ ઇશ્વરનોજ અંશ છે. 'હે લાડકાંવીરા! પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ પર જે નિસ્સીમ પ્રેમ રાખે છે તે કેવળ પતિને ખાતરજ નથી. આ સર્વ પ્રેમ પેલા પતિના અંતરમાં રહેલા પ્રભુને ખાતરજ હોય છે.' ભલે પતિવ્રતા સ્ત્રી આ વાત જાણુતી હોય કે ન હોય પરંતુ સત્યવાત તો આજ છે. 'હે મારા પ્રિય બંધુ! કોઇપણ પુરૂષ પોતાની સ્ત્રીપર તેને ખાતરજ પ્રેમ કરતો નથી, પરંતુ તેના અંતરમાં જે આત્મા વસે છે તેને ખાતરજ તેને ચ્હાય છે.' તેજ પ્રમાણે સંતતિ કિંવા જગતમાંની ઇતર કોઇપણ

વસ્તુ આપણને અત્યંત પ્રિય લાગે છે તેનું કારણ તેમાં વાસ કરનારો આત્મા છે, બીજી કોઇપણ વસ્તુ નથી. ઇશ્વર એક મહત લોહચુંબક સમુદાયજ છે અને આપણે સર્વે લોહ સમાન છીએ. તે આપણામાંના સર્વેને એકસરખી રીતે આકર્ષે છે. આપણે આ જગતમાં જે મહાન પરિશ્રમ કરીએ છીએ તે આ લોહચુંબક સમુદાયને જઇને ભેટવાને માટેજ હોય છે. ખરેખર! આપણે જગતમાં જે આટલી બધી ખટપટ કરીએ છીએ તે માત્ર આપણા હિતને માટે થોડીજ હોય છે! મૂર્ખ લોકોને તો પોતે શું કરે છે તે બિલકુલ સમજાતુંજ નથી. પરંતુ ખરી રીતે ઉપર જણાવેલ સર્વવ્યાપી લોહચુંબકને જઇને જોવાને માટેજ તેમનાં સર્વ આયુષ્યનો વ્યય થાય છે. આપણાં આ અલ્પ આયુષ્યમાં જે સર્વ ઝટાપટી અને પ્રચંડ ખટપટ આવી રહી છે તે સર્વેનું વલણ અંતે પરમાત્મામાં જઇ મળવું અને તેમાં તદ્રુપ થવું એ તરફજ હોય છે.

પરંતુ ભક્ત જીવન કલહનો અર્થ સારી પેઠે સમજે છે. તે આવી હજારો ખટપટોમાંથી પસાર થયો હોય છે અને તેનું હાર્દ તે સારી પેઠે જાણે છે તથા તેના ઘર્ષણમાંથી મુક્ત થવાને માટે તે અતિ આતુર હોય છે. તે સર્વનો ત્યાગ કરી પોતાના હરીને મળવા માગે છે. તે વિરાટ સ્વરૂપ જગદ આકર્ષક પ્રભૂની આકર્ષણ શક્તિથી ભક્ત એટલો તો ખેંચાય છે, કે અન્ય કોઇપણ વસ્તુ તેને આકર્ષી શકતીજ નથી. તેના અંતઃકરણમાં આ પ્રેમસાગરનો એવો અગાધ અને અમર્યાદ પ્રવાહ પ્રવેશ કરે છે કે ઇતર ક્ષુદ્ર અને અલ્પ ઐહિક સુખોને તો તેમાં જગ્યા પણ મળતી નથી. ભક્તનો પરિત્યાગ એ એક એવો વૈરાગ્ય છે કે જેથી ઇશ્વરપ્રત્યેના અનુરાગ (નિસ્સીમ પ્રેમ) ને લીધે ઇતર પદાર્થોપરથી આસક્તિજ ઊઠી જાય છે. "

ભક્તિ સાધ્ય કરવાની અંતિમ ભૂમિકા આજ છે. એક વખત આવો વૈરાગ્ય અંગમાં પેદા થયો એટલે પરાભક્તિ નામની ભક્તિની સર્વોચ્ચ ભૂમિકાએ પહોંચવાને આત્માને માટે સર્વ સાધનોનાં દ્વાર ખુલ્લી જાય છે. જે મનુષ્ય આ પરાભક્તિના અંતઃપુરમાં પ્રવેશ કરે છે તેનેજ એમ બોલવાનો અધિકાર મળે છે કે ભક્તિના ભિન્ન ભિન્ન પ્રકારો, ભક્તિને સાધનભૂત એવાં ચિન્હો, લક્ષણો આદિ આધ્યાત્મિક અનુભવને માટે લેશ પણ ઉપયુક્ત નથી. સર્વભૂતો પ્રત્યે જો પ્રેમ કિંવા બંધુપ્રેમ નામનો એક અત્યુચ્ચ પ્રેમ હોય છે તે પરાભક્તિની સ્થિતિએ પહોંચેલા ભક્તમાંજ ફક્ત હોય છે અન્યની તો માત્ર કલ્પનાજ હોય છે. પરાભક્તિની સ્થિતિએ પહોંચેલો ભક્ત ભેદ અથવા આપપરભાવ તો જાણતોજ નથી. પ્રેમથી તેમનું મનપાત્ર એટલું તો ઊભરાઇ જાય છે કે તે મનુષ્યને કેવળ મનુષ્યજ ગણતો નથી પરંતુ પોતાના પ્રાણાધાર હરિજ ગણે છે. ચંદ્રપ્રકાશ અને સૂર્યપ્રકાશ એ ઊભય તેને હરિનાજ પ્રકાશ લાગે છે. જ્યાં જ્યાં સૌંદર્ય અને ભવ્યતા દૃગ્ગોચર થાય છે ત્યાં ત્યાં ભક્તને ઇશ્વરનો વાસ લાગે છે. આ પ્રકારની ભક્તિ અદ્યાપિ જગતમાં વિદ્યમાન છે અને કોઇપણ કાળમાં તેનો નાશ થનાર નથી. આવા ભક્તને જો સર્પ દંશ કરે તો તે એમજ માને છે કે હરિ પાસેથી એ દૂત આવ્યો હતો. ખરેખર ! ઉપર જણાવેલું માનવ જાતીનું બંધુત્વ પ્રતિપાદન કરવાનો અધિકાર આવા લોકોને હોય છે. આ ભક્તોએ ક્રોધને જીત્યો હોય છે અને દ્વેષ કિંવા મત્સરનો તો સ્પર્શ સુદ્ધાં તેમને થતો નથી. બાહ્ય, જડ અને ઇન્દ્રિય જગતની કલ્પના તેમના સ્વપ્ન સુદ્ધાંમાં આવતી નથી. તેમના મનમાં ક્રોધનો સંચાર કદિપણ થતો નથી. કારણ કે જગદ્રુપી નાટકના પડદા પાછળ રહેલું ખરું તત્ત્વ પોતાના ઉચ્ચ પ્રેમનાં પ્રભાવથી જોવાને તેઓ સમર્થ હોય છે.

પ્રકરણ ૩ જું

भक्तियोगनो राजमार्ग तथा तेनी मुख्य चावी

અર્જુન શ્રીકૃષ્ણને પુછે છેઃ*—" કોઇ ચિત્તૈક્ય વૃત્તીથી નિરં

---

* ભગવદ્‌ગીતાનો બારમો અધ્યાય જુઓ:—

अर्जुन उवाचः—

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
येचाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ १ ॥

આનો ઉત્તર આપતાં શ્રી કૃષ્ણ ભગવાન કહે છેઃ—

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमाः मताः ॥ १ ॥
ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिंत्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ २ ॥
संनियम्येंद्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवंति मामेव सर्वभूतहिते रताः ॥ ३ ॥
क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिदुःखं देहवद्भिरवाप्यते ॥ ४ ॥
येतु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः
अनन्येनैव योगेन मां ध्यायंत उपासते ॥ ५ ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥ ६ ॥

તર તારૂં ભજન કરે છે; અને કોઇ અભેદ બ્રહ્મનું ચિંતન કરે છે ત્યારે આ ઉભય પૈકી શ્રેષ્ઠ યોગી કોણ ? " આનો ઉત્તર આપતાં શ્રી કૃષ્ણ કહે છેઃ—" જે મારામાં પોતાનું ચિત્ત એકાગ્ર કરીને મારી નિરંતર પૂજા કરે છે. તથા જે ઉચ્ચ પ્રકારની ભક્તિથી પરિપૂર્ણ હોય છે તેજ મારા ખરા ઉપાસકો છે, તેઓજ સૌથી શ્રેષ્ઠ અર્થાત્ યોગીંદ્ર છે. જેઓ ઇંદ્રિયોનો નિરોધ કરી, સર્વત્ર સમદ્રષ્ટિ રાખી, સર્વ ભૂતો પ્રત્યે દયા રાખી, અચિંત્ય, અચલ, અવર્ણનીય, નિરાકાર, સર્વ વ્યાપી, તથા નિત્ય એવા બ્રહ્મની ઉપાસના કરે છે, તેઓ પણ મનેજ પ્રાપ્ત કરે છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી અવ્યક્ત પરબ્રહ્મના ઉપાસકોનો માર્ગ અતિ વિકટ હોય છે. તેમના માર્ગમાં અનેક સંકટો આવે છે. કારણ કે શરીર ધારણ ન કરનારા નિરાકાર બ્રહ્મને પ્રાપ્ત કરવાનો માર્ગ હાથ લાગવો તથા તે માર્ગે જવું એ કાર્ય અતિ કઠિન છે. પરંતુ જે મારાપર સર્વ બોજો નાંખી, પોતાનાં સર્વ કર્મો મનેજ અર્પણ કરે છે તથા મારૂં ધ્યાન ધરીને મારી પૂજા કરે છે—જે ઇતર સર્વ ફલોની આસક્તિ છોડી મારી ઉપાસના કરે છે, તેનો હાથ ધરી હું સ્વતઃ તેને જન્મ મૃત્યુના ચક્રમાંથી મુક્ત કરૂં છું. કારણ કે તેનું મન સર્વથા મારામાંજ લાગેલું હોય છે. " આમાં જ્ઞાનયોગ અને ભક્તિયોગ એ ઉભયનો ઉલ્લેખ છે. આ અવતરણમાં બન્ને માર્ગની કક્ષા નિશ્ચિત કરવામાં આવી છે એમ કહેવામાં જરાપણ અડચણ નથી.

જ્ઞાનયોગ ઉદાત્ત, ગહન અને અપરંપાર છે. પરંતુ કૌતુકતો જુઓ ! પ્રાયઃ પ્રત્યેક મનુષ્ય એમ ધારે છે કે આપણે જે જે વસ્તુ પ્રાપ્ત કરવા યોગ્ય છે તે તે સર્વ તત્ત્વજ્ઞાનથી સાધ્ય થઇ શકશે. પરંતુ વાસ્તવિક વિચાર કરતાં એમ જણાય છે કે. માત્ર તત્ત્વજ્ઞાનનાજ

માનસિક આહારથી જીવવું એ અતિ કઠિન કાર્ય છે. માત્ર તત્ત્વ-જ્ઞાનનીજ સાહાય્યથી આયુઃક્રમણ કરતાં સહસ્ર સંકટો આવી પડવાનો ઘણો સંભવ છે. જગતમાં બે પ્રકારની વ્યક્તિઓ દૃષ્ટિગોચર થાય છે. કેટલીક દૈવી સ્વભાવની અને કેટલીક આસુરી સ્વભાવની. આસુરી સ્વભાવવાળા લોકોને પોતાના શરીરની સંભાળ લેવી એજ જીવિત સર્વસ્વ લાગે છે. અને દૈવી સ્વભાવના માણસો એમ ધારે છે કે દેહ એ તો કેવળ આત્માની સુધારણા કરવાનું સાધન છે. આસુરી લોકો પોતાના મતની પુષ્ટિને અર્થે વેદનાં પ્રમાણ આપી શકે છે અને ખરે-ખર તેઓ તેમ કરે છે. જ્ઞાન મનુષ્યની ઉત્તમ પ્રવૃત્તિ જે પ્રમાણે સારૂં વલણ આપે છે તેજ પ્રમાણે મનુષ્યનાં ખરાબ કામોને માટે પણ તે પ્રમાણભૂત થઇ પડે છે. ×જ્ઞાનયોગ ને આજ એક મોટો

× આ સંબંધે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ એક ઠગનું છે. કર્નલ સ્લીમન એક વખત એક ઠગના સંસર્ગમાં આવ્યા હતા, તે વખતે પેલો ઠગ પોતાની આંગળી વતી એક જગ્યા બતાવી કર્નલ સાહેબને કહેવા લાગ્યોઃ—

"સાહેબ આ સ્થળે ૩૦૦ માણસોને મારીને મેં દાટયાં છે."

કર્નલ સાહેબે આશ્ચર્યચકિત થઇ પૂછ્યુંઃ—"અરે ! આટલાં માણસોના જીવ લેવાથી તને અઘોર પાતક લાગ્યું છે તેની તો તને ખબરજ નથી કે ?"

ઠગે ઉત્તર આપ્યોઃ

"સાહેબ ! કોણ કોને મારે છે ?

उभौ तौ न विजानीतोनायं हन्ति न हन्यते" આ ભગવ-દ્વચન પ્રમાણે ઠગે તત્ત્વજ્ઞાન પ્રતિપાદન કીધું હતું.

ભય છે. ભક્તિયોગ સાદો, શાંત અને રમણીય છે. જ્ઞાનયોગીની પેઠે ભક્ત મોટા મોટા કુદકા મારતો નથી અને તેથી કદિ પણ અતી ઉંડા ખાડામાં પડતો નથી. આત્માનાં બંધનો જ્યાં સુધી તુટી જતાં નથી ત્યાં સુધી તે સ્વતંત્ર થતો નથી, પછી તે ધાર્મિક મનુષ્યે ભલે ને ગમે તે માર્ગ ગ્રહણ કર્યો હોય.

પરમેશ્વરની ભક્તિથી પાવન થયેલ ગોપીજનોનાં સદસદ્રૂપી આત્મ બંધનો કેવી રીતે તુટીને છિન્ન વિચ્છિન્ન થઈ ગયાં હતાં તે નીચે બતાવેલ ઉદાહરણ પરથી સમજાશે. " ઇશ્વર ચિંતન કરતાં કરતાં તેમને જે આનંદાતિરેક થયો તેથી તેમનાં સત્કર્મોનાં બંધનકારક ફળોથી તેઓ મુક્ત થયાં. આ કર્મોનાં ફળ નષ્ટ થયાં તે છતાં ગોપીને હરિ પ્રાપ્ત થતા નહોતા. આ કારણથી તેમના અંતરાત્મામાં જે વિરહાગ્નિ સળગ્યો, તેથી તેમનાં મનમાં જે અસત્કર્મો બીજરૂપે વાસ કરતાં હતાં તે બળીને ભસ્મીભૂત થઇ ગયાં." આ રીતે તેઓ મુક્ત થયાં.

" तच्चिन्ता विपुलाल्हादक्षीणपुण्या च या तथा । तदप्राप्तिमहादुःखविलीनाशेषपातका ॥ निरुच्छ्वासतया मुक्तिं गतान्या गोपकन्यका: । "

ભક્તિયોગની મુખ્ય ચાવી મનુષ્યનાં અંતઃકરણની જુદી જુદી ભાવનાઓ, મનોવિકાર અને પ્રકૃતિ મૂળમાં ખરાબ નથી એ જાણવું એ છે. માત્ર તેને કાળજીપૂર્વક તાબામાં આણવાં જોઇએ. તેજ પ્રમાણે તેને ઉચ્ચપથ દર્શાવવો જોઇએ, કે જેથી શ્રેષ્ઠતાની સોથી ઉચ્ચ સ્થિતિએ મનોવિકાર કિંવા ભાવના પહોંચી શકે. ઇશ્વર સંબંધ

જઇ પહોંચવાનો માર્ગજ સૌથી ઉચ્ચ માર્ગ છે. આપણાં આયુષ્યમાં સુખ તથા દુઃખ એ તદ્દન સાધારણ ઘટના તથા પુનઃ પુનઃ ઉત્પન્ન થતી ભાવનાઓ છે, મનુષ્યને જ્યારે ધન કિંવા એવીજ એકાદ ઐહિક વસ્તુ ન મળવા માટે દુઃખ થાય છે ત્યારે તે પોતાની તે ભાવનાને અનિષ્ટ માર્ગે વાળે છે એમ સમજવું. તથાપિ દુઃખો પણ ઉપયોગી છે. મનુષ્યને જ્યારે ઇશ્વરપ્રાપ્તિ કિંવા ઇશ્વર દર્શન થવાથી દુઃખ થાય છે ત્યારે તે દુઃખજ તેને મોક્ષ પદની પ્રાપ્તિ કરાવી આપશે. આપણને જ્યારે મૂઠીભર મહોરો મળતાં આનંદ થાય છે ત્યારે આપણે આપણા આનંદને ભુલભરેલી દિશાએ વાળીએ છીએ. માટે આ વલણ બદલી તેને અન્ય ઉત્તમ વલણ આપવી જોઇએ. એકાદ અત્યુત્તમ હેતુ તરફ તેનો મોર્ચો ફેરવવો જોઇએ. આવી રીતના સદ્ હેતુ તરફ લક્ષ વળવાથી આપણને જે સુખ થાય છે તેનેજ ઉત્તમ પ્રકારનો આનંદ માનવો જોઇએ. આજ પ્રમાણે ઇતર મનોવિકારના સંબંધમાં પણ સમજવું. ભક્તની દૃષ્ટિમાં આ માનોવિકારો ભુલભરેલા નથી. તેથી તે સર્વેને એકઃ કરી ઇશ્વર સન્નિધ પહોંચવાના અચૂક માર્ગ બતાવે છે.

પ્રકરણ ૪ થું.

ભક્તિનાં વ્યક્ત સ્વરૂપો.

પ્રેમના—ભક્તિના ભિન્ન ભિન્ન સ્વરૂપો હોય છે. પૂજ્યભાવ એ પહેલું સ્વરૂપ છે. દેવળ કિંવા એકાદ પવિત્ર તિર્થને માટે લોકોના મનમાં પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે તેનું કારણ શું ? કારણ કે ત્યાં દેવની પૂજા કરવામાં આવે છે અને આવાં તીર્થમાં દેવ હોય છેજ એવી લોકોની કલ્પના હોય છે. કોઇપણ દેશના લોકો ધર્મગુરૂને પવિત્ર શા માટે માનતા હશે વારૂ ? તેનો પ્રત્યુત્તર એજ છે કે તેમના પ્રત્યે પૂજ્યભાવ હોવો સાહજિક જ છે, કારણ કે તેઓ ઇશ્વર સંબંધીજ ઉપદેશ આપે છે. મૂળમાં જોતાં જણાય છે. કે પૂજ્યભાવ પ્રેમમાંથીજ ઉત્પન્ન થાય છે. જેને માટે આપણાં મનમાં પ્રેમ હોતો નથી તેને માટે આપણા મનમાં કદિ પણ પૂજ્યભાવ ઉત્પન્ન થતો નથી. પ્રેમનું બીજું સ્વરૂપ પ્રીતિ—ઇશ્વર ચિંતનથી ઉત્પન્ન થતો આનંદ છે. મનુષ્ય પ્રાણીઓને ઇંદ્રિયોપભોગમાં કેટલું બધું સુખ થાય છે વારૂ ? તે નહિ જવા યોગ્ય જગ્યાએ જાય છે અને અનેક સંકટો સામે હુન્નર ઝીલવાને તત્પર થાય છે કારણ કે પોતાની અભીષ્ટ વસ્તુ—ઇંદ્રિયો જેના પર આસક્ત છે એવી વસ્તુ પ્રાપ્ત કરવાનો તે ઉદ્દેશ ધરાવે છે. હવે ભક્ત બનવાને માટે જે કોઇ વસ્તુ જોઇએ છે તે એ કે આ આસક્તિ—આ પ્રેમને ઇશ્વર તરફ વાળવો જોઇએ.

પ્રેમનું ત્રીજું સ્વરૂપ વિરહ છે. આ વિરહ—દુઃખમાં એક પ્રકારનું અપ્રતિમ માધુર્ય હોય છે. કારણ કે, વિરહ એ પ્રિય વસ્તુનો

એકાએક લોપ થવાથી ઉત્પન્ન થતું દુઃખ છે. કોઇ મનુષ્યને ઇશ્વર પ્રાપ્તિ ન થવાને લીધે કિંવા અખિલ વિશ્વમાં જાણવાને યોગ્ય એવી વસ્તુનું જ્ઞાન ન થવાને લીધે અત્યંત દુઃખ થાય છે. મનની આવી સ્થિતિનેજ વિરહ કહેવામાં આવે છે; ઇતર ગમે તેટલી વસ્તુઓ નજર સન્મુખ હોય પણ પરંતુ પોતાની અત્યંત પ્રિય વસ્તુ ન હોવાને લીધે મનુષ્યને જે વિરહ ઉત્પન્ન થાય છે તે કોઇ પણ ઉપાયથી મટતો નથી. એવી આ કાળે મનઃ સ્થિતિ હોય છે (**एकान्ततद्विचिकित्सा**) નિત્ય વ્યવહારમાં આપણે કેટલીયે વખત આવો અનુભવ લઇએ છીએ. જ્યારે એક પુરૂષ એકાદ સ્ત્રીને પૂર્ણ પ્રેમથી ચ્હાય છે કિંવા એક સ્ત્રીને એકાદ પુરૂષ પ્રત્યે અત્યંત પ્રીતિ રાખે છે ત્યારે તે ઉભયને પોતાની પ્રિય વસ્તુ શિવાય ઇતર કોઇપણ વસ્તુ નજર સામે આવતાં તે પ્રત્યે સાહજિકજ તિરસ્કાર ઉત્પન્ન થાય છે. પરાભક્તિની પરાકાષ્ઠાએ પહોંચ્યા પછી પ્રિયવસ્તુ વિરહિત અન્ય વસ્તુને વિષે મનમાં એક પ્રકારનું ઔદાસિન્ય ઉત્પન્ન થાય છે. ઇશ્વરેતર કોઇ પણ વસ્તુ વિષે વાર્ત્તાલાપ કરવાનો કંટાળો આવે છે. " તેનુંજ ચિંતન કરો માત્ર તેનુંજ ચિંતન કરો અને ઇતર નિરર્થક શબ્દોનો સર્વથા પરિત્યાગ કરો; (**अन्यां वाचं विमुंचथ,**) જે મનુષ્ય ઇશ્વરનીજ વાતો નિરંતર કરે છે તેની સાથેજ ભક્તો પરિચય પાડે છે, જો કોઇ મનુષ્ય ઇતર ગમે તે વાત કરે તો તે ભક્તને દુઃસહ થઇ પડે છે.

હવે પછીની ભક્તિની સ્થિતિ પ્રિય વસ્તુને માટેજ આપણું જીવન છે એવી ભાવના એ છે. પ્રિય વસ્તુનું ચિંતન થાય ત્યારેજ ભક્તને પોતાનું જીવન સુખાવહ લાગે છે. (**तदर्थ प्राणस्थान**) પ્રિય વસ્તુના ચિંતન વિના ભક્ત એક પળ પણ જીવતો નથી. પ્રિય વસ્તુનું

સ્મરણ કરી શકાય છે એટલા માટેજ તેને જીવિત મધુર લાગે છે. આ પ્રકારે ભક્તિની પરિપૂર્ણતા સાધ્ય થઈ એવી તદ્રુપતા (**तदीयता**) પ્રાપ્ત થાય છે. જ્યારે ભક્તના ઇપ્સિત મનોરથ સિદ્ધ થવાથી તેને જીવન સાફલ્ય લાગે છે, અર્થાત્ જ્યારે તેને પરમાત્મા વશ થાય છે, અર્થાત્ જ્યારે તે તેના સંસર્ગમાં આવે છે, ત્યારે તેનો સ્વભાવજ બદલાઇ જાય છે અને શુદ્ધ થઇ જાય છે તથા તેનાં જીવનનું સાફલ્ય થાય છે, તથાપિ આવા ભક્તો સુદ્ધાં આયુષ્યક્રમણ કરે છે જ. *પરંતુ તેમ કરવામાં તેમનો હેતુ કેવળ ઇશ્વરાધીન અને લોકોપકાર કરવાનો જ હોય છે. ઇશ્વરને તો તે સુખનો નિધિજ ગણે છે. તે ઇશ્વરાનંદમાંથી કદિ પણ પરાવૃત્ત થતો નથી. " હે રાજા ! તે હરિનો એક એક ગુણ એવો ચમત્કારિક છે કે જેમની આ લોકમાં સર્વ કામના પરિતૃપ્ત થયેલી હોય છે, જેમની સદસત્પ્રવૃત્તિ રૂપ સર્વ ગ્રંથીઓ તુટી ગઇ હોય છે તે સુદ્ધાં આ એક ઇશ્વરને તેના પ્રત્યેના પ્રેમને લીધેજ ચ્હાય છે. " તે પ્રભુ એવો છે કે સર્વ દેવો તેનું પૂજન કરે છે અને સર્વ મુમુક્ષુ તથા બ્રહ્મજ્ઞાનીઓ તેની આરાધના કરે છે. " **यं सर्वे देवाः नमस्यन्ति। मुमुक्षवो ब्रह्मवादिनश्चेति** આવો આ પ્રેમનો પ્રભાવ છે. જ્યારે મનુષ્ય પોતાનું સ્વત્વ વિસરી જાય છે અને તેનું અંધ મમત્વ નષ્ટ થાય છે ત્યારે જ તેને તદ્રુપતા પ્રાપ્ત થાય છે. પછી તેને સર્વ વસ્તુ ઇશ્વર કૃત હોવાથી પવિત્ર લાગવા માંડે છે. ઐહિક પ્રેમના સંબંધમાં સુદ્ધાં એમ બને છે પ્રેમીને પ્રેમપાત્રની પ્રત્યેક વસ્તુ

---

* પ્રસિદ્ધ ભગવદ્ ભક્ત તુકારામ જીવનમુક્ત હતા. તેઓ પોતે કહે છે. " તુકા મ્હણે આતાં રાહિલોં ઉપકારા પુરતા (તુકારામ કહે છે કે હવે હું ઉપકારાર્થેજ જીવું છું) ". (ભા૦ ૬૦)

પ્રિય લાગે છે. પોતાની હૃદય સ્વામિનીનાં કપડાંનો એકાદ ટુકડો પણ પ્રેમીને વ્હાલો લાગે છે. આ રીતે જ્યારે એક મનુષ્ય ઇશ્વરભક્તિ કરવા લાગે છે ત્યારે તેને આ તેણે રચેલી સૃષ્ટિ પોતાના પ્રાણ સમાન પ્રિય લાગે છે.

પ્રકરણ ૫ મું.

સર્વભૂતો પ્રત્યેનો પ્રેમ અને તે પ્રેમ દ્વારા આત્મામાં તલ્લિનતા.

સમષ્ટિ કિંવા સર્વ સાધારણ તત્ત્વપર પ્રથમ પ્રેમ કર્યા શિવાય સર્વ સાધારણ તત્ત્વની જે વ્યષ્ટિ અર્થાત્ વિશિષ્ટ વસ્તુ તે પર શી રીતે પ્રેમ કરી શકાય ? પરમેશ્વર એ સમષ્ટિ કિંવા વિશ્વનું સર્વ સાધારણ તથા તેનાથી ભિન્ન એવું એક તત્ત્વ છે અને સર્વ દ્રસ્ય વ્યષ્ટિ કિંવા વિશિષ્ટ વસ્તુ છે. માટે જ્યારે સમષ્ટિ પર આપણો પ્રેમ ચોંટશે ત્યારેજ વિશ્વ આપણા પ્રેમનું પાત્ર બનશે. કારણ કે વિશ્વ એ નાની નાની લાખો વસ્તુઓનો સમુચ્ચય છે. હિંદુસ્થાનના તત્ત્વજ્ઞાનીઓ વિશિષ્ટ વસ્તુ સંબંધેજ વિચાર કરીને બેસી રહેતા નથી, પરંતુ વિશિષ્ટ વસ્તુ તરફ એક શીઘ્ર દૃષ્ટિ નાંખીને જે સર્વ સાધારણ તત્ત્વમાં સર્વ વિશિષ્ટ વસ્તુઓનો અંતર્ભાવ થાય છે તેને પણ શોધી કાઢે છે. સર્વ સાધારણ તત્ત્વને શોધી કાઢવું એજ હિંદનાં તત્ત્વજ્ઞાન અને ધર્મની પ્રવૃત્તિ છે. જ્ઞાની લોકો સર્વ વસ્તુઓનું ઐક્ય શોધી કાઢવામાં ગુંથાયેલા હોય છે; કારણ કે સર્વ સાધારણ અને વિશ્વનું એકજ તત્ત્વ જાણવાથી સર્વ વસ્તુનું જ્ઞાન થાય છે. વળી ભક્તોના માર્ગ કાંઇક ઓરજ હોય છે. જે એક વ્યક્તિપર પ્રેમ ચોંટવાથી આ સર્વ વિષજ પ્રેમમય થઇ

જાય છે, તે એક સર્વ સાધારણ, સર્વના મૂળ પુરૂષને ભક્ત શોધી કાઢે છે. જગત્માં સર્વ શક્તિનું સર્વ સાધારણ મૂળ સ્વરૂપ જે કાંઇ છે કે જે શક્તિસ્વરૂપને સાધ્ય કરી લેવાથી સર્વ જગત્ પર પણ સત્તા ચલાવી શકાય છે, તેને શોધી કાઢવામાં યોગી તલ્લીન થઇ ગયેલો હોય છે. હિંદુસ્તાનના લોકોનું સર્વ ચિત્ત તે સાધારણ તત્ત્વનેજ શોધી કાઢવામાં લીન થયેલું હોય છે. તે દેશની કોઇ પણ બાબત લ્યો—અધ્યાત્મ શાસ્ત્ર લ્યો, ધર્મશાસ્ત્ર લ્યો, કિંવા તત્ત્વજ્ઞાન લ્યો, તે દેશનો સમસ્ત ઇતિહાસ તપાસી જુઓ તો તમને જણાશે કે સર્વ બાબતમાં હિંદુલોકો આ સર્વ સાધારણ તત્ત્વનેજ પ્રાધાન્ય આપે છે. ભક્તાની દષ્ટિથી એવો નિર્ણય થાય છે કે આપણે આ જગતની એક પછી એક વ્યક્તિ લઇને તે પર આપણા પ્રેમની સ્થાપના કરવા માંડીએ અને એ રીતે સતત પ્રેમની ધારા છોડતાં છોડતાં આપણાં કોટયવધિ વર્ષો વ્યતીત થઇ જાય અને યુગોના યુગો ચાલ્યા જાય તો પણ સમસ્ત વિશ્વના એક લક્ષાંશ જેટલા ભાગપર પણ આપણે આપણો પ્રેમ જડવાને સમર્થ થઇ શકીશું નહિ. પરંતુ જ્યારે મુખ્ય કલ્પનાનું સામીપ્ય થાય છે અર્થાત્ આ જગતની સર્વ પ્રેમ શક્તિનું એકજ મૂર્તિમંત પૂતળું માત્ર ઇશ્વરજ છે, કિંવા તેજ જગતમાંનાં સ્વતંત્ર અથવા મુક્ત, બંધનયુક્ત કિંવા મુમુક્ષુ એવાં સર્વ આત્મતત્ત્વોનું એકીકરણ છે એવી જ્યારે પ્રતીતિ થાય છે ત્યારેજ સમપ્રેમ કિંવા સર્વભૂતો પ્રત્યેનો પ્રેમ જાગૃત થઇ શકે છે. ઇશ્વર એ સમષ્ટિ છે અને સર્વ વિશ્વ એ તે ઇશ્વરનું ભેદ વિશિષ્ટ સ્વરૂપ છે. આ સમષ્ટીપર આપણો પ્રેમ ચોંટવા લાગે છે કે તરતજ તેમાં વસ્તુ પ્રત્યેનો પ્રેમ અંતર્ભૂત થાય છે જ અને પછી સર્વ જગત્પર સમ દ્રષ્ટિથી પ્રેમ રાખવો તથા પરોપકારાર્થે દેહ સમર્પિત કરવો એ સર્વ ઘટનાઓ આપોઆપ

બને છે; નહિતર, જગતપર ઉપકાર કરવો એ કાંઇ ઠઠ્ઠા નથી. આવી ઉપકાર કરવાની બુદ્ધિ પરમેશ્વરપર અવર્ણનીય પ્રેમ જડાયા શિવાય કદિ પણ ઉત્પન્ન થતી નથી. “ પ્રત્યેક વસ્તુ પરમેશ્વરની છે, અને તે-તો મારો પ્રાણુ પ્રિયજ છે. મારો વિલક્ષણ પ્રેમ તેનાપર ચોંટયો છે” આવાં વચનો ભક્તનાં મુખમાંથી નીકળે છે. આ રીતે સર્વ વસ્તુ પર-મેશ્વરનીજ હોવાથી તેને (ભક્તને) પ્રત્યેક વસ્તુ પવિત્ર અને પ્રિય-કર લાગે છે. સર્વ પ્રાણીઓ તેની સંતતિ કિંવા તેનાં અંગો અથવા તેનાં વ્યક્ત સ્વરૂપો છે. તો પછી આપણે તેનાપર પ્રેમજ રાખવો જોઇએ અને કોઇને પણ દુઃખ દેવું જોઇએ નહિ, એમ શું સિદ્ધ નથી થતું કે ? ઇશ્વરપર પ્રેમ થતાંની સાથેજ જગતમાંની પ્રત્યેક વસ્તુ મનુષ્યને પ્રિય લાગે છે. આપણે જેમ જેમ તેની નિકટ જવા લાગીએ છીએ તેમ તેમ સર્વ વસ્તુઓ તેમાંજ સમાવિષ્ટ થયેલી છે એવો પ્રબલતર નિશ્ચય થતો જાય છે. જેમ જેમ પરાભક્તિ સાધ્ય થતી જાય છે તેમ તેમ ભક્તને સર્વત્ર ઇશ્વરનુંજ દર્શન થતું જાય છે. આ પ્રમાણે તેનું અંતઃકરણ પ્રેમનો એક અખંડ ઝરોજ બની જાય છે અને પ્રેમ કરતાં પણ ઉચ્ચતર સ્થિતિએ તે પહોંચી જાય છે. ત્યારે જગતના અને વસ્તુના નાના નાના ભેદો સત્વર નિવૃત્ત થઇ જાય છે. તે વખતે મનુષ્ય મનુષ્ય તરીકે દ્રષ્ટિગોચર થતો નથી, પરંતુ ઇશ્વર તરીકે દ્રષ્ટિગોચર થાય છે. પ્રાણી પ્રાણીતવત્ ભાસતું નથી; વાઘ જો-તાંની સાથે ઇશ્વરજ વ્યાઘ્રના સ્વરૂપમાં આવ્યો છે એમ જણાવવા લાગે છે. આ પ્રમાણે ભક્તિ જ્યાર તેની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે પ્રત્યેક વસ્તુ, પ્રત્યેક જીવ અને પ્રત્યેક આત્માનીજ પૂજા શરૂ થાય છે—

एवं सर्वेषु भूतेषु भक्तिरव्यभिचारिणी ।
कर्तव्या पंडितैर्ज्ञात्वा सर्वभूतमयं हरिम् ॥

અર્થાત્ " હરિ પ્રત્યેક પ્રાણીમાં વાસ કરે છે, એમ જાણી પંડિતોએ સર્વ ભૂતો પ્રત્યે અહેતુક પ્રેમ ધારણ કરવો " આવો અગાધ અનન્ય પ્રેમ અંગમાં પ્રાદુર્ભૂત થતાંની સાથે અહંતાનો લેશ પણ અવશિષ્ટ રહેતો નથી અને ગમે તે ઘટના બને તે સર્વ હિતકારક જ લાગે છે તથા એવો નિશ્ચય થાય છે કે આપણા અકલ્યાણને માટે (અપ્રતિકૂળ) કોઇ પણ ઘટના બનતીજ નથી. પછી ભક્તનો આત્મા પોતાની સમક્ષ દુઃખ મૂર્તિમંત આવીને ઉભું રહે તોપણ તેથી ક્ષોભ પામતો નથી પરંતુ ઉલટો તેની આગતાસ્વાગતા કરે છે, દુઃખનો ડુંગર પોતાના પર તુટી પડે તોપણ તે એમજ કહે છે કે " આવ સંકટ, ! ભલે આવ ! તું પણ તે પ્રેમસાગરમાંથી જ આવ્યું હશે ! " સાપ આવે તો તે કહે છે કે " આવ, સર્પ દેવતા ! ભલે આવ ! " આવો ભક્ત મૃત્યુને પણ પ્રસન્ન વદનથી ભેટવાને જાય છે. " તે સર્વ મને મળવાને આવે છે એ પણ મારૂં સુભાગ્યજ છે. તે સર્વનો હું આદર કરૂં છું. " ભક્ત પોતાની આ નિરહંકાર પૂર્ણ સ્થિતિ કે જે પરમાત્માએ જેટલી જેટલી વસ્તુ નિર્માણ કરી છે તે સર્વપર અને સ્વતઃ નિર્માણ કર્ત્તાપર પ્રેમ રાખવાથી પ્રાપ્ત થાય છે તે સ્થિતિમાં સુખદુઃખ વિષે સર્વથૈવ કાળજી રહિત હોય છે. તે કદિ પણ દુઃખ વિષે બડબડાટ કરતો નથી. અને આ પ્રકારે પ્રેમસાગર પ્રભુની ઇચ્છાપર સર્વાંશે અવલંબીને રહેવું એ સ્થિતિ મહાન બહાદુરી ભરેલા પરાક્રમો કરતાં પણ વિશેષ શ્રેયસ્કર છે.

સાધારણતઃ મનુષ્યને પોતાનું શરીર એજ સર્વસ્વ એમ લાગે છે. સર્વ વિશ્વ તે તેનું શરીર છે. અને સુખની કલ્પનાની મર્યાદા ઇંદ્રિય સુખના જેવડીજ છે. આ ઇંદ્રિયો અને વિષયની પૂજા રૂપી પિશાચિણી આદુ ખાઇને તેમની પુઠેજ લાગેલી હોય છે. આપણે વાગ્બાણમાં ગમે તેવા કુશળ હોઇએ અને આપણું જ્ઞાનરૂપી પક્ષી નભો મડળમાં ગમે તેટલે ઉંચે ઉડી શકતું હોય તોપણ આપણે જો માત્ર ઇંદ્રિય અને વિષયની તૃપ્તિને અર્થેજ જીવતા હોઇએ તો આપણી સ્થિતિ ગીધના કરતાં જરા પણ ઉચ્ચતર નથી. અર્થાત્ આપણું મન જમીન પર પડેલા એકાદ માંસના ટુકડાપર ચોટેલું હોય છે. આપણે વ્યાઘ્રના પંજામાંથી આપણા શરીરનું સંરક્ષણ શા માટે કરીએ છીએ ? આપણે વાઘને તે શા માટે ખાવા દેતા નથી ? ખાવા દઇશું તો વાઘને તો સંતોષ થશે ! અને આપણું આ કૃત્ય ખરા આત્મત્યાગ તથા ખરી ઇશ્વર ભક્તિથી કાંઇ દુર રહેશે નહિ, ઉપર જણાવેલી સ્થિતિ કે જે કેવળ કાલ્પનિક આત્મત્યાગની મર્યાદા છે તે આપણને પ્રત્યક્ષતઃ પ્રાપ્ત થશે કે ? એ પ્રેમમય ધર્મનું કેવળ શિખર છે. એટલા માટે જ તેની ઉંચાઇ એટલી ગગનચુંબિત છે કે ત્યાંથી નીચે જોતાં આપણી આંખમાં ઝાંઝવા આવી જશે. આ જગતમાંના ઘણાજ થોડા પુરૂષો આટલી ઉંચાઇએ પહોંચ્યા હોય છે. પરંતુ એ ઉંચાઇએ પહોંચવા પૂર્ણ ભક્તની પદ્વીએ પહોંચવું જોઇએ. ગમે તે પ્રકારનો આત્મત્યાગ કરવાને જ્યારે તત્પર થઇએ—માત્ર તત્પર જ નહિ, પરંતુ સર્વદા એક પગે ખડા હોઇએ ત્યારેજ પૂર્ણ ભક્ત થઇ શકીએ છીએ. નહિતર તેનું નામ પણ ઉચ્ચારવાનો આપણને અધિકાર નથી. આપણું શરીર ઉત્તમ કિંવા સાધારણ સ્થિતિમાં, દીર્ઘ કિંવા સ્વલ્પ સમય સુધી આપણે રાખી શકીએ છીએ; તથાપિ અંતે તો તે જવાનું

છેજ. તે કાંઈ શાશ્વત નથી. માટે, જેનું શરીર પરોપકારાર્થે ખર્ચાઈ જાય છે તેને ધન્ય છે ! ' સાધુજનો ધન કિંવા પ્રત્યક્ષ પ્રાણ સુદ્ધાં પરોપકારાર્થે ખર્ચવાને તૈયાર હોય છે. આ જગતમાં મરણના જેવી નિશ્ચિત માનનારી અન્ય કોઈ પણ ઘટના નથી. માટે તે જવાનું તો છેજ તો પછી તે સત્ય કાર્યાર્થે જાય તો શું ખોટું ? ' બહુ થાય તો આપણે પચાસ કે જેમ તેમ કરીને સો વર્ષ જીવી શકીએ છીએ. પરંતુ તે પછી ? સંયોગવશાત્ જેની જેની ઉત્પત્તિ થઇ છે તેનો લય પણ થવાનોજ. સૂક્ષ્મતત્ત્વોનું બનેલું જે આપણું શરીર તેનું આજે નહિ તો કાલે પણ પૃથક્કરણ તો થવું જ જોઇએ. 'ઇશુ ખ્રિસ્ત, મહમદ અને બુદ્ધ એ પણ તેજ પંથે ગયા હતા. તેમજ જગતના અન્ય અન્ય મહાત્માઓ પણ એજ રસ્તે ગયા હતા. ' આ નશ્વર જગતમાં પ્રત્યેક વસ્તુના કપાળમાં નાશ તો લખેલોજ છે. માટે આપણું કર્તવ્ય એટલુંજ છે કે જેટલો કાળ આપણા હસ્તમાં વસ્તુ હોય તેટલા વખતમાંજ તેનો અત્યુત્તમ લાભ આપણે લઇ લેવો જોઇએ ' એમ ભક્ત કહે છે. તેમજ, જન્મનું ખરું સાર્થક પ્રાણીમાત્રના લાભને માટે આપણો દેહ સમર્પણ કરવો એજ છે. આ જગતમાં જે સ્વાર્થ દ્રષ્ટિગોચર થાય છે તેની ઉત્પત્તિ, શરીર એટલે આપણે પોતેજ એવી જે ભયંકર કલ્પના સર્વના મનમાં હોય છે, તેમાંથીજ થાય છે. જેનાપર આપણું સ્વામિત્વ છે, એવું જે આ શરીર તેજ આપણે પોતે છીએ અને તેજ આપણું સર્વસ્વ છે એવી ભ્રાન્તિમય સમજને લીધે આપણને એમ લાગે છે કે આ દેહનું જતન કરવામાં અને તેને સંતોષવામાં બને તેટલા ઉપાયોવડે પ્રવૃત્ત થવું એજ જીવનની ઇતિ કર્તવ્યતા છે. આપણે આ શરીરથી પૃથક્ છીએ એ તત્ત્વ જો આપણે બરાબર રીતે સમજીએ તો પછી લડવા

ઝઘડવાનું કોની સાથે રહે ? આવી સ્થિતિ પ્રાપ્ત થતાં અન્ય સ્વાર્થીપણાના સર્વ વિચારો નષ્ટ થઇ જાય છે. માટે ભક્ત કહે છે કે જગતમાં જાણે સર્વ વસ્તુ વિદ્યમાનજ નથી એવી કલ્પના કરીને વર્તવું એજ ખરો આત્મ ત્યાગ છે. જેમ થાય તેમ થવા દો. 'તારી ઇચ્છા પ્રમાણે જ થવા દે.' (Thy will be done.) બાઇબલમાંનાં પ્રસ્તુત વાક્યનો અર્થ આજ છે. આપણું માનસિક દૌર્બલ્ય અને મનની ઇંદ્રિય સુખોમાં પ્રવૃત્તિ આ સર્વ ઇશ્વરેચ્છાજ છે, એમ જાણી સર્વ જગતના કલહ અને પ્રવૃત્તિનો પ્રતિરોધ કરવાની કોઇ આવશ્યકતા નથી, વસ્તુતઃ આપણી સ્વાર્થતામાંથી પણ ઉત્તમ નિષ્પન્ન થવાનો સંભવ હોય છે. પરંતુ એનું કારણ ઇશ્વર દૂરદર્શી છે એજ છે. એમ સમજી પૂર્ણાવસ્થાએ પહોંચેલો ભક્ત પોતાની ઇચ્છા અનુરૂપ કોઈ પણ સ્વતંત્ર કાર્ય કરવાની કામના ધારણ કરતો નથી. " હે પ્રભો ! કોઈ તારે નામે ઉચ્ચ ઉચ્ચ દેવાલયો બાંધે છે. કોઇ તારે નામે મોટાં મોટાં દાનો આપે છે. પરંતુ હું તો દરિદ્રી છું—સર્વથૈવ અકિંચન સ્વલ્પ, ક્ષુદ્ર જંતુ છું, માટે આટલું મારૂં શરીર તારા ચરણોમાં સમર્પિત કરૂં છું. માટે, હે પ્રભો ! શરણાગતનો અનાદર કરીશ મા." ખરા ભક્તના અંતકરણના ગર્ભમાંથી આવીજ પ્રાર્થના બહાર પડે છે. જેની અંતઃકરણવૃત્તિ ઉપર જણાવ્યા પ્રમાણે ભક્તિ રસથી રંગાઇ રહી છે, તેને પ્રભુના ચરણારવિંદમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરવામાંજ સર્વ સંપત્તિ તથા અધિકાર અને કીર્તિ તથા ઉપભોગ કરતાં શતગુણિત વિશેષ લાભ પ્રતીતિગોચર થાય છે. પ્રભુને સર્વસ્વ અર્પણ કરનાર ભક્તની શાંતિ સર્વથૈવ અનુપમેય અને આપણી બુદ્ધિને માટે અગમ્ય હોય છે. ઉપર જે અપ્રાતિકૂલ્ય નામક સ્થિતિ વર્ણવી છે, તે સ્થિતિમાં તેને પોતાનાં હિતાહિત પ્રત્યે ઔદાસીન્ય

હોય છે અને સહગત્યાજ તેના માર્ગમાં કોઇ વિઘ્ન નડતું નથી. આ ઉત્તમોત્તમ આત્મત્યાગની સ્થિતિમાં આસક્તિનું સર્વાંશે ક્ષાલન થઇ જાય છે. પછી તે ગમે તે પ્રકારની હોય તો શું થયું ? જેના હાથથી સર્વ વસ્તુની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તે પ્રભુ પ્રત્યેનો અનન્ય પ્રેમ માત્ર તે ભક્તના હૃદયમાં અવશિષ્ટ રહે છે. આ જે ઇશ્વર વિષયક પ્રેમ છે તે આત્માને બંધન કરતો નથી, પરંતુ સર્વ પાશોને તોડીને છિન્ન ભિન્ન કરી નાંખે છે.

પ્રકરણ ૬ ઠું.

ભક્ત શ્રેષ્ટ જ્ઞાન અને ઉચ્ચપ્રતિની ભક્તિને સમાનજ ગણે છે.

ઉપનિષદ્‌માં પર જ્ઞાન અને અપરજ્ઞાન એવા જ્ઞાનના બે ભેદ કલ્પવામાં આવ્યા છે, અને ભક્તની દ્રષ્ટિથી જોતાં પરજ્ઞાન અને પરા ભક્તિમાં લેશ પણ ભેદ નથી, માંડુકયોપનિષદ્‌માં એવો નિર્દેશ છે કેઃ—

“ द्वे विद्ये वेदितव्ये इति ह स्म यद् ब्रह्मविदो वदन्ति परा चैवापरा च । तत्रापरा ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेदः शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छंदो ज्योतिषमिति अथ परा यया तदक्षरमधिगम्यते ॥

“ બ્રહ્મજ્ઞાની લોક એમ સ્થાપન કરે છે કે પરા વિદ્યા અને અપરાવિદ્યા એવા જ્ઞાનના બે ભેદ છે. તેમાંની અપરાવિદ્યામાં ઋગ્વેદ, યજુ-

વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા અથવા સારોચ્ચાર શાસ્ત્ર, કલ્પ અથવા કર્મવિધિ વ્યાકરણ, નિરુકત અથવા વ્યુત્પત્તિ, છંદઃશાસ્ત્ર તથા જ્યોતિષ શાસ્ત્ર ઇત્યાદિકનો સમાવેશ થાય છે. અને પરા વિદ્યા તે છે કે જેના યોગે પ્રભુની પ્રતીતિ થાય છે." આ પરથી બ્રહ્મજ્ઞાન એજ શ્રેષ્ઠ જ્ઞાન છે એમ સુચવાય છે. હવે, દેવી ભાગવતમાં પરા ભકિતની વ્યાખ્યા આપવામાં આવી છે તે આ પ્રમાણે છેઃ—

"આપણે એક પાત્રમાંથી બીજા પાત્રમાં તેલ રેડીએ છીએ ત્યારે જેવી તેની સતત ધારા ચાલે છે; તેની માફકજ આપણે પ્રભુનું અખંડ–સતત ચિંતન કરવા માંડીએ કે તે પરા ભકિત બની જાય છે."

ઇશ્વરનાં સ્વરૂપમાં મનનો જે અખંડ–અસ્ખલિત લય થઈ જાય છે તથા તેને લગતી જે નિશ્ચિત અનુરકિત ઉત્પન્ન થાય છે તેજ ઇશ્વર ભકિત કિંવા પ્રભુ પ્રેમનું ઉચ્ચ સ્વરૂપ છે. અને ઇતર સર્વ સ્વરૂપો કિંવા ભકિતના સર્વ ભિન્ન ભિન્ન પ્રકાર તે આ પરાભક્તિ સાધ્ય કરવાનાં સાધનો છે. આજ પરા ભકિતને રાગાનુગ (અર્થાત પ્રેમને અનુસરનારી) ભકિત કહેવામાં આવે છે, જ્યારે મનુષ્યનાં અંતઃકરણમાં આ અગાધ પ્રેમનું બીજ ચોંટી જાય છે ત્યારે તેનું મન માત્ર ઇશ્વરનું જ એક સરખું ચિંતન કર્યા કરે છે અને તેને ઇતર સર્વ વસ્તુઓની વિસ્મૃતિ થઇ જાય છે. તે જાણી જોઇને તો પોતાના મનમાં ઇતર કોઇ પણ વિષયને અવકાશ આપતો નથી અને તેનો આત્મા અક્ષય્ય વિજયી થઈ તેને એવી તો શુદ્ધિ પ્રાપ્ત થાય છે કે કોઇની પણ સાહાય્ય વિના તે મન અને સ્થુલ પ્રકૃતિના પાશો તડાતડ તોડી નાંખે છે. તેજ પોતાના હૃદય મંદિરમાં ઇશ્વરની પૂજા કરી શકે છે. તે મનુષ્યને ધર્મતત્ત્વો, ધર્મ પુસ્તકો, ધર્મ ચિન્હો, વિધિઓ કિંવા

સંસ્કાર એમાંની કોઇપણ વસ્તુની આવશ્યકતા રહેતી નથી. એટલુંજ નહિ, પરંતુ તે વસ્તુથી તેને કાંઇ ફાયદો પણ થતો નથી. પરંતુ આ પ્રકારની ઇશ્વર ભકિત સાધ્ય કરવી એ ભગીરથ પ્રયત્નનું કામ છે. સામાન્ય દષ્ટિથી જ્યાંથી કાંઇપણ પ્રતિફલ પ્રાપ્ત થવાની આશા હોય ત્યાંજ મનુષ્યનો પ્રેમ ચોંટે છે. પરંતુ જ્યાંથી કોઇપણ પ્રકારનો બદલો, કોઇપણ સ્વરૂપમાં મળવાની આશા ન હોય તે પ્રત્યે મનુષ્યની ઉદાસીનવૃત્તિ દ્રગ્ગોચર થાય છે. તથાપિ કવચિત કવચિત જ્યાંથી પ્રીતિનું પ્રતિફળ મળવાની સર્વાંશે આશા ન હોય એવે ઠેકાણે પણ મનુષ્યનો પ્રેમ ચોંટવાનાં ઉદાહરણો જણાઇ આવે છે, આ પ્રકારનો પ્રેમ દીપજ્યોતિ-પરના પતંગના પ્રેમના જેવોજ હોય છે. દીપજ્યોતિપર પતંગનો વિલક્ષણ પ્રેમ હોય છે, માટે તે તેનાપર ઝડપ મારીને તેને દઢ આલિંગન દે છે અને અંતે બળી મરે છે. તેને સ્વભાવતઃજ દીપકની જ્યોતિ-પર પ્રેમ હોય છે. આ જગતમાં પ્રેમનાં જે જે સ્વરૂપો દષ્ટિ ગોચર થાય છે તે સર્વમાં જેના પ્રતિ આપણું સ્વાભાવિક વલણ હોય છે તેના પર જે પ્રેમ કરે છે તે નિઃસંશય અતિ શ્રેષ્ઠ અને નિઃસ્વાર્થિતાથી પરિપૂર્ણ હોય છે. અને આધ્યાત્મિક ક્ષેત્રમાં આ પ્રકારના પ્રેમનાં બીજ રોપાય છે . એટલે તેને કાલાંતરે પરાભકિતનાં સર્વોત્કૃષ્ટ ફળો આપે છે

પ્રકરણ ૭ મું.

ભક્તિ અથવા પ્રેમનો ત્રિકોણ.

ભક્તિનો એક ત્રિકોણ છે એમ કહીશું તો ચાલશે. તેનો એક એક કોણ (ખુણો) તેનું એકએક અભિન્ન લક્ષણ છે. હવે, ત્રણ કોણ વિના ત્રિકોણ બની શકતો નથી એ વાત તો સિદ્ધજ છે; તે પ્રમાણે ત્રણ લક્ષણો વિદ્યમાન ન હોય ત્યાં સુધી ભક્તિનો ત્રિકોણ પણ બની શકતો નથી. આ ભક્તિરૂપી ત્રિકોણ પ્રથમ કોણ ? **પ્રતિફલની વાંચ્છના ન હોવી** એ છે. જ્યાં જ્યાં કાંઇ કામના હોય છે ત્યાં ત્યાં ખરો પ્રેમ હોતો નથી. કારણ કે તેમ થવાથી ભક્તિ-એ કેવળ વાણિજ્યની વસ્તુ થઇ જાય છે. આપણી ભક્તિના બદલામાં ઇશ્વર આ ફળ આપે તો સારૂં અને પેલું ફળ આપે તો સારૂં એવી વાંચ્છના જ્યાં સુધી આપણાં મનમાં ખેલ્યાં કરે છે ત્યાં સુધી ખરી ભક્તિના અંકુર ફુટવા એ મુશળને અંકુર ફુટવા સમાન અશક્ય છે. ઇશ્વરે પ્રસન્ન થઇ આપણને ઇપ્સિત ફળ આપવું જોઇએ એવા હેતુ-થી જે ઇશ્વરપૂજન કરે છે તેને જો વાંચ્છિત ફળ ન મળે તો તે તેની પૂજા કરશે નહિ એ વાત નિઃસંશય છે. પરંતુ ભક્તની વાત આથી ન્યારીજ છે. તેને પ્રેમનો–ભક્તિનો યોગ્ય વિષય ઇશ્વર શિવાય બીજો કોઇ લાગતોજ નથી અને કેવળ અનન્ય ભક્તિ શિવાય ભક્તને પ્રેમ કરવામાં અન્ય કોઇ હેતુ હોતો નથી; એમ કહેવાય છે કે એક વખત એક રાજા વનમાં ગયો, ત્યાં તેને એક રૂષીનો ભેટો થયો. રાજા તેની સાથે બોલતાં બોલતાં તેનું ચાતુર્ય અને તેનો નિર્મળ મનોભાવ જોઇ-ને અત્યંત ખુશી થયો અને રૂષીને કેટલુંક દ્રવ્ય આપવા લાગ્યો. રાજા બોલ્યો:–'

" આ ભેટનો આપ સ્વિકાર કરશો તો મારાપર મોટો અનુગ્રહ થશે " રાજાનું આવું વર્તન જોઇ રૂષી બોલ્યોઃ—

" છટ્ટ ! છટ્ટ ! રાજા ! મારે ખાવાને માટે આ વનમાંનાં ફળો પુરતાં છે, ગિરિશૃંગ પરથી સરસર ધ્વનિ કરતું વહેતું આવતું પાણી મને પીવાને માટે મળે છે. મારૂં અંગ ઢાંકવાને માટે વૃક્ષ પાસેથી પુષ્કળ વલ્કલો મળે છે અને ગિરિકંદરો મારાં નિવાસ સ્થાન છે. તો પછી હવે મારે તારી પાસેથી કિંવા કોઇ અન્યની પાસેથી કાંઇ લેવાનું અવશિષ્ટ રહ્યું છે કે ? " આ સાંભળી રાજા બોલ્યો "મહારાજ ! કેવળ મારાપર અનુગ્રહ કરવાને માટે આનો સ્વિકાર કરો અને મારાં નગરમાં આવી મારા મહાલયમાં નિવાસકરો. " રાજાએ ઘણીવાર સુધી આ પ્રમાણે પ્રાર્થના કરી ત્યારે રૂષીએ તે માન્ય કરી. પછી તે રૂષી રાજાની સાથે તેના નગરમાં ગયો. રાજા તેને પોતાના મહાલયમાં લઇ ગયો. રૂષીને ભેટ આપ્યા પૂર્વે રાજા મનમાં પ્રાર્થના કરવા લાગ્યો " હે પ્રભો ! મને વધુ સંતતિ આપો, મને વધુ સંપત્તિ આપો, મને વધારે રાજ્ય આપો અને મને વધારે સારૂં આરોગ્ય આપો. " પરંતુ, રાજાની આ યાચના પુરી થઈ ન થઇ એટલામાં તો પેલો સાધુ ત્વરિત ઉઠીને મહાલયમાંથી બહાર નીકળી ચાલતો થયો. રૂષીની આવી વિચિત્ર વર્તણુક જોઇ રાજા અચંબો પામ્યો અને તેની પાછળ દોડતો દોડતો તેને મોટેથી બુમ પાડીને કહેવા લાગ્યો " મહારાજ ! આપ જાઓ છો કયાં ? આપે હજી મારી ભેટનો સ્વિકાર તો કીધો નથી." રૂષી પાછો ફરીને બોલ્યો "ભિખારી ! હું કાંઇ ભિક્ષુકને ઘેર યાચના કરવા આવ્યો નથી. તું તો છેક ક્ષુદ્ર ભિખારી જણાય છે ! તો પછી તું મને શું આપવાનો હતો ? હું કાંઇ એટલો મૂર્ખ નથી કે તારા જેવા ભીખારડા કને યાચના કરૂં ! જા, જા, મૂર્ખ શિરો-

મણી ! પાછો ઘેર જા ! મારી પાછળ આવીશ મા ! ” આવા ભીખારી અને ખરા ભકતની વચ્ચે ‘ આસમાન જમીનનો ફેર ’ હોય છે, એ વાત હમ્મેશાં લક્ષમાં રાખવી જોઇએ. મોક્ષની કિંવા એવાજ બીજા ફળની ઇચ્છા ધરી ઇશ્વરનું પૂજન કરવાથી મનુષ્યની કિમ્મત ભિક્ષુકના જેટલીજ થાય છે. પ્રેમમાં કદિ પ્રતિફળની ઇચ્છા રાખવી જોઇએ નહિ. પ્રેમએ ભાવનાજ અત્યુચ્ચ છે. પ્રેમને ખાતરજ પ્રેમ હોવો જોઇએ. ભકત ઇશ્વરનું પૂજન એટલા માટેજ કરે છે કે તેનાથી તેમ કર્યા વિના રહી શકાતું નથી. એકાદ સુંદર દેખાવ દ્રષ્ટિએ પડે તો આપણને તેના પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થાય છે, પરંતુ તેથી આપણને કાંઇ પ્રત્યક્ષ ફાયદો થવો જોઇએ એવી કલ્પના સુધાં આપણા મનમાં આવતી નથી. તે પ્રમાણે તે દેખાવને પણ આપણી પાસેથી કાંઇ માગવાનું હોતું નથી; તથાપિ તેનાં દર્શન માત્રથી મનને એક પ્રકારની ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત થાય છે; આપણાં હ્રદયમાંના સર્વ તાપો શમે છે અને તેટલા વખત સુધીપણ આપણને સર્વથૈવ મરણની વિસ્મૃતિ થાય છે, અને આપણે પ્રાયઃ બ્રહ્માનંદમાં ડૂબી જઇએ છીએ. આનું નામજ ખરો પ્રેમ છે અને એજ ભકિત ત્રિકોણનો પ્રથમ કોણ છે, ઇશ્વરની પાસે તમારા પ્રેમના બદલામાં એક કોડી પણ માગશો નહિ. સદૈવ એવી રીતે વર્તો કે જાણે તમેજ મહાન્ કર્ણ જેવા ઉદાર છો. પ્રભુને તમારો પ્રેમ અર્પણ કરો, પરંતુ તેની પાસેથી બદલા તરીકે કાંઇ માગો નહિ.

ભકિત ત્રિકોણનો બીજો કોણ પ્રેમમાં લેશ પણ ભીતિ ન હોવી એ છે. જે ઇશ્વરથી બ્હીએ છે અને એટલા માટે તેનાપર પ્રેમ કરે છે તે સર્વથી નીચ મનુષ્ય છે. તેનામાં મનુષ્યત્વનોજ અભાવ છે એમ કહીશું તો પણ ચાલશે. તે શિક્ષાના ભયથી તેનું પુજન કરે

છે. તેમને ઇશ્વર એક મહા પ્રચંડ પ્રાણી લાગે છે. તેઓ એવી કલ્પના કરે છે કે તેના એક હાથમાં દંડ અને બીજા હાથમાં ચાબુક છે અને જો આપણે તેની આજ્ઞાનું પાલન નહિ કરીશું તો તે આપણને પીઠપર ફટકાવશે. તેમની ભીરૂતા તો જુઓ ! આરીતનું પૂજન એ ભક્તિનું સર્વાંશે જંગલી સ્વરૂપ છે શિક્ષાના ભયથી ઇશ્વરની પૂજા કરવી એ બિલકુલ કનિષ્ઠ માર્ગ છે. જ્યાં ભયનો લેશ પણ વિદ્યમાન છે ત્યાં પ્રેમ શારીતે ઉદ્દભવી શકે ? પ્રેમ એ સ્વભાવતઃજ ભય કરતાં ઉચ્ચ કોટિની ભાવના છે અને તે ભયને જીતી લે છે. એકાદ તરુણ માતા રસ્તામાં જતી હોય અને એકાદ કુતરો તેના તરફ ભસે તો તે ડરી જાય છે અને પાસેના ઘરમાં ભરાઇ જાય છે. પરંતુ ધારો કે બીજે દિવસે તેજ માતા પોતાનાં બાળકને કેડપર બેસાડીને લઇ જતી હોય તે વખતે એક સિંહ તેનાં બાળકપર તુટી પડે, તો વારુ તે માતા શું કરશે તેની તમને કલ્પના આવે છે ! અવસ્ય તે પોતાનાં બાળકનું સંરક્ષણ કરતાં સિંહનાં મુખમાં જવાને પણ ડરશે નહિ. પ્રેમને લીધે તેની સર્વ ભયની કલ્પના વિલય પામી ગયેલી હોય છે. ભયનાં મૂળમાં એક પ્રકારનો દ્વૈતભાવ રહેલો હોય છે. અર્થાત્ જગત પ્રથક્ અને આપણે પ્રથક્ એવી તે વિષેની મૂળ કલ્પના હોય છે. મારા પોતાનાં વિષેની કલ્પના જેટલી જેટલી સંકુચિત હોય છે અને જેટલું જેટલું તેમાં આપસ્વાર્થી પણાંનું પ્રમાણ વિશેષ હોય છે, તેટલો તેટલો મારો ભય અધિક વૃદ્ધિગંત થાય છે. આ પ્રચંડ જગદુદધિમાં હું એક ખસખસના દાણાં જેવડો છું એવી કલ્પના જે મનુષ્યના હૃદયમાં હોય છે તેને ભય વધારે લાગે છે. અને હું કાંઇ નથી એવી કલ્પના જેમ જેમ દૂર થતી જાય છે તેમ તેમ તેનો ભય પણ નિવૃત્ત થતો જાય છે. ભીતિનું એક બિંદુ પણ હૃદયમાં હશે

તો તે પ્રેમની આડે આવશે. પ્રેમ અને ભય એ ઉભય એક સ્થળે કદિ પણ સાથે વસી શકતાં નથી. ભક્તે ઇશ્વરની ભીતિ કદિપણ રાખવી જોઇએ નહિ. ' ઇશ્વરનાં નામનો ઉચ્ચાર વ્યર્થ કરીશ નહિ ' એવી જે બાઇબલમાં આજ્ઞા છે તે વિષેતો ભક્તને હસવુંજ આવશે. ભક્તિમાર્ગમાં નિંદાનો તો અંશ પણ ક્યાંથી હોય ? આપણે જેમ જેમ તેનાં નામનો ઉચ્ચાર અધિકાધિક કરીએ છીએ તેમ તેમ તેનું ફળ વધારે જ ઉત્તમ આવે છે. પછી ભલે ને ગમે તે પ્રકારે તેનું નામ લેવામાં આવે ! કારણ કે ભક્તને તેનાપર પ્રેમ હોય છે, તેથી જતે તેનું નામ લે છે.

ભક્તિ ત્રિકોણનો ત્રીજો કોણ ભક્તિનો-ધ્યાન કિંવા ધ્યેય સ્વરૂપનો વિષય* છે. તે એટલો મનોરમ હોવો જોઇએ કે તે એકનેજ પ્રાપ્ત કરવામાં ભક્તને પોતાનાં જીવનનું સાર્થક્ય લાગે. કારણ કે તે વિષય એવો ન હોય તો આપણી ભક્તિ તેનાપર સંપુર્ણ રીતે કેમ ચોંટી શકે ? કદિ કદિ આ વિષયની ચુંટણી સારી રીતે કરવામાં

---

* અહીંઆં મૂળ અંગ્રેજીમાં ' આઇડીયલ—Ideal ' શબ્દ છે. આ એકજ શબ્દ અનેક સ્થળે આવેલો છે અને તેનો અર્થ પણ અતિ વ્યાપક છે. ગુજરાતી ભાષામાં આ શબ્દની બરાબરીનો કોઇ શબ્દ નથી. માટે અમે અર્થાનુ રોધથી નીમ્નલિખિત શબ્દો નિર્દિષ્ટ કર્યાં છે—

ધ્યાનનો વિષય, ધ્યેય સ્વરૂપ, કાલ્પાનિક સર્વાંગ પરિપૂર્ણ વસ્તુ પ્રેમ સ્વરૂપ વિષય, આરાધ્ય દૈવત, મનોરમ અને સર્વ ગુણ સંપન્ન વસ્તુ, અને ધ્યેય કિંવા કાલ્પનિક પરિપૂર્ણ વસ્તુ. આ સર્વ શબ્દો આ એકજ શબ્દાર્થનાં પ્રતિબિંબ છે.

આવેલી હોતી નથી. પરંતુ જે મનુષ્યની ભક્તિ તેનાપર ચોંટે છે તેમ તે એકજ વિષય પ્રાસંગિક લાગે છે. કોઇ માણસને પોતાનું આ ધ્યેય સ્વરૂપ દુષ્ટમાં દુષ્ટ પ્રાણીમાં પણ દ્રષ્ટિગોચર થાય છે અને ઇતરને તેજ ધ્યેય સ્વરૂપ ઉત્તમ પ્રાણીમાં દગ્ગોચર થાય છે. તથાપિ તે પ્રાણીની સાથે અર્થાત તેનાં જડ સ્વરૂપની સાથે તેને કાંઇ સંબંધ હોતો નથી. તેની ભક્તિ માત્ર તેનાં ધ્યેય સ્વરૂપ પર કિંવા તેની કાલ્પનિક સર્વાંગ પરિપૂર્ણ વસ્તુપર હોય છે. મનુષ્યનું અતિ શ્રેષ્ઠ ધ્યેય સ્વરૂપ—મનોરમ અને સર્વાંગપરિપુર્ણ વસ્તુ—જે હોય છે. તેનુંજ નામ ઇશ્વર છે. શાણો મનુષ્ય હો કિંવા મૂર્ખ મનુષ્ય હો, સાધુ હો કિંવા પાપી હો; પુરુષ હો કિંવા સ્ત્રી હો; સુશિક્ષિત હો કે અશિક્ષિત હો; સંસ્કૃત હો કિંવા પ્રાકૃત હો; ગમે તેવો મનુષ્ય હોય તોપણ ઇશ્વર એજ તેનું અત્યુચ્ચ, હ્રદયંગમ ધ્યેય સ્વરૂપ હોય છે. સર્વ શક્તિ, ભવ્યતા અને સૌંદર્યની સર્વોત્કૃષ્ટ કલા એ તે પ્રેમ સ્વરૂપ વિષય—ઇશ્વરનીજ પ્રતિમા છે. ધ્યેય સ્વરૂપ કિંવા કાલ્પનિક પરિપૂર્ણ સ્વરૂપ એજ છે. પ્રત્યેક મનુષ્યનાં મનમાં સ્વભાવતઃજ કાંઇને કાંઇ ધ્યેય સ્વરૂપ હોય છેજ. કિંબહુના, ધ્યેય સ્વરૂપ વિના મનનું અસ્તિત્વજ સંભવતું નથી એમ કહીશું તોપણ ચાલશે. મનુષ્યનો સ્વભાવ જે પ્રથક્ પ્રથક્ રીતે વ્યક્ત થાય છે તે પણ આ પોતાનાં ધ્યેય સ્વરૂપો નિત્ય વ્યવહારમાં પ્રદર્શિત કરવાને પ્રત્યેક મનુષ્ય જે પરિશ્રમ કરી રહ્યો છે, તેનું પરિણામ છે. સમાજમાં સદાસર્વદા જે સર્વ ભિન્ન ભિન્ન હિલચાલો જ્યાં ત્યાં ચાલતી દૃષ્ટિગોચર થાય છે તે પણ શું છે? તેનો ઉત્તર એ છે કે ભિન્નભિન્ન આત્માનાં ભિન્ન ભિન્ન ધ્યેય સ્વરૂપો ઉન્નત થઇને સ્પષ્ટ રીતે બહાર આવવા લાગે છે, તેજ આપણને, પ્રથક્ પ્રથક્ હિલચાલને રૂપે દૃષ્ટિગોચર થાય છે અર્થાત

અંતરમાં જેનો નિદિધ્યાસ ચાલી રહ્યો હોય છે તે બહાર આવવાનો પ્રયાસ કરે છે અને તેનું પરિણામ આ હિલચાલ છે. માનવ સમાજમાં જે શક્તિનું ચિરકાલિક પરિણામ નિપજ્યું હોય છે તે શક્તિ સર્વોપર નિરંતર સત્તા ચલાવનાર આ ધ્યેય સ્વરૂપનુંજ બળ છે. લાખો વર્ષ સુધી ઝઘડા કર્યા પછી અને જન્મોના જન્મો વ્યર્થ ગુમાવ્યા પછી મનુષ્યને એમ સમજાય છે કે પોતાનાં મનનાં ધ્યેય સ્વરૂપ પ્રમાણે બાહ્યસ્થિતિને રૂપ આપવું કિંવા તદનુસાર તેની રચના કરવી સર્વથૈવ મિથ્યા છે. એક વખત આવી પ્રતિતિ તેને થાય છે કે તે પોતાનું ધ્યેય સ્વરૂપ વ્યક્ત કરી બતાવવાનો નાદ છોડી દેછે અને પોતાનાં મનમાં તે ધ્યેય સ્વરૂપની અતિ પ્રેમથી પૂજા કરે છે. આ ધ્યેય સ્વરૂપ કે જે આ દ્રષ્ટિથી જોતાં માત્ર એક કાલ્પનિક પરિપૂર્ણ સ્વરૂપ હોય છે, તેમાં નાના નાના પ્રેમ વિષયોનો પણ સમાવેશ થાય છે. પ્રત્યેક મનુષ્યને આ વાતનો તો સ્વિકાર કરવોજ પડે છે કે પોતાની પ્રિયા સાક્ષાત્ કુબ્જાનો અવતાર હોય તોપણ કામાંધ મનુષ્યને તો રંભા કરતાં પણ અપ્રતિમ સ્વરૂપવતી લાગે છે.+ હવે ત્રાહિત મનુષ્ય એમ

+ નિમ્ન લિખિત કથા આ દષ્ટાંત સાથે કેવું સામ્ય ધરાવે છે તે વાંચવાથી સ્પષ્ટ રીતે સમજાશે:—

એક વખત ઇંદ્રને પોતાની સભામાં અતિ સુંદર અને પૂર્ણ લાવણ્યવતી અપ્સરા હોવા માટે મહા ગર્વ થયો અને પોતાની સભામાં આવેલા એક રૂષીને ઉદ્દેશીને તે બોલ્યો "મહારાજ! મારી સભામાં જેવી સુંદર અપ્સરાઓ છે તેવી ભૂમંડળપર ક્યાંય પણ છે કે?" રૂષી બોલ્યા "હા! પૃથ્વીપર તારી અપ્સરાની ફુટી બદામ પણ ઉપજે એમ નથી. ચાલ! આ બાબતનો તારે પ્રત્યક્ષ અનુભવ

કહે છે કે તેણે પોતાની પ્રિયાની ચુંટણી બરાબર કરી નથી. પરંતુ તે કામરસિકને તે કુબ્જા લાગતી નથી, પરંતુ પ્રત્યક્ષ અપ્સરાજ લાગે છે. કુબ્જા હો કે અપ્સરા હો, પરંતુ આપણી પ્રીતિપાત્ર વસ્તુ આપણાં ધ્યેય સ્વરૂપમાં અધિષ્ઠિત કરવાનું કેન્દ્ર છે. મનુષ્ય સામાન્યત: જેની પૂજા કરે છે તે શું હોય છે? અનન્ય ભક્તના પ્રેમભાવથી ઉભરાઇ ગયેલાં અંત:કરણમાં સર્વ વ્યાપક અને સર્વધ્યેયોનું જે ધ્યેયસ્વરૂપ વસે છે તેતો ખાસ કરીને તે વસ્તુ નથીંજ. સ્ત્રી પુરૂષો સામાન્યત: ધ્યેય તરીકે કલ્પી જેની જેની પૂજા કરે છે તે તે, તેમનાં ધ્યેય સ્વરૂપ કિંવા આરાધ્ય દૈવત છે. પ્રત્યેક મનુષ્ય પોતાનાં ચિતનાં ધ્યેય સ્વરૂપનો આરોપ બાહ્ય જગત્પર કરે છે અને પછી તેજ જગત્તની પોતે પૂજા કરે છે. દુષ્ટ મનુષ્યના દેવ પણ દુષ્ટ અને ક્રૂરજ હોય છે, એનું કારણ પણ આજ છે. મનુષ્ય પોતાનાં ઉત્કૃષ્ટ ધ્યેય સ્વરૂપની પૂજા કરતો હોવાથી સત્પુરુષનું ધ્યેય સ્વરૂપ કિંવા ઈશ્વર કલ્પના ઉદાત્ત હોય છે. ઇતર મનુષ્યોના ધ્યેય સ્વરૂપ કરતાં તેમનું ધ્યેય સ્વરૂપ અતીવ ભિન્ન હોય છે, અર્થાત્ લોકોત્તર હોય છે.

લેવો હોય તો હું તને બતાવું." પછી તે બન્ને જણ એક અતી સાંદર્યવાન અપ્સરાને લેઇને પૃથ્વીપર આવ્યા અને રૂષીએ એક ગધેડો તથા એક ગધેડી એક સ્થળે ચરતાં હતાં તેની તરફ આંગળી કરીને ઇંદ્રને કહ્યું "પેલા ગધેડા પાસે તારી અપ્સરા લઇ જઇને ખડી કર" ઇન્દ્રે તેમ કર્યું તો ગધેડે તો પેલી રંભા તરફ ઝાંખીને જોયું પણ નહિ. તેને તો પોતાની ગધેડીજ રંભા કરતાં વિશેષ પ્રિય લાગતી હતી. (ભા. ક.)

પ્રકરણ ૮ મું.

પ્રેમસ્વરૂપ ઈશ્વર પોતેજ પોતાનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

જે સ્વાર્થનું અતિક્રમણ કરી ગયો છે, જેનો પ્રેમ કેવળ વાણિજ્યનીજ વસ્તુ નથી અને જેના અંતઃકરણમાં ભીતિનો લેશ પણ નથી, તેનું ધ્યેય સ્વરૂપ શું છે ? આવો ભક્ત ઈશ્વરને કહે છે કેઃ— " હે પ્રભો ! મારૂં સર્વસ્વ હું તને અર્પણ કરૂં છું. પરંતુ, એનું પ્રતિફળ મારે કાંઇજ જોઇતું નથી. વધારે શું કહું ? મારી પાસે મારા સ્વામિત્વની કોઇપણ વસ્તુ વિદ્યમાન નથી. " જ્યારે આ પ્રકારની નિષ્ઠા અંગમાં વ્યાપી રહે છે ત્યારેજ તેનું ધ્યેયસ્વરૂપ પૂર્ણ અને નિર્ભય પ્રેમમય બની રહે છે. આવા મનુષ્યનું ધ્યેય સ્વરૂપ ઉદાત્ત હોય છે. તેને વ્યક્તિ વિષયક વિશિષ્ટ કલ્પનાથી સંકુચિતતા પ્રાપ્ત થયેલી હોતી નથી. અર્થાત્ તે કેવળ વિશ્વવ્યાપી, અમર્યાદિત, તથા અખંડિત પ્રેમનીજ સાક્ષાત્ મૂર્તિ બની રહે છે. આ ભક્તિયુક્ત ધર્મનું જે આ વિશાળ ધ્યેય સ્વરૂપ કહેવામાં આવ્યું તેની પૂજા કરવાને માટે બાહ્ય ચિન્હોની લેશ પણ આવશ્યકતા રહેતી નથી; બાહ્ય ચિન્હો વિના ખુશીથી તેની પૂજા કરી શકાય છે. સર્વવ્યાપી ધ્યેયસ્વરૂપને ધ્યેય કલ્પી તેની પૂજા કરવી એજ પરાભક્તિનું સર્વોચ્ચ સ્વરૂપ છે. ભક્તિનાં ઇતર સ્વરૂપો એ તેની ચઢતી ઉતરતી ભૂમિકાઓ છે. આ પ્રેમ પ્રધાન ધર્મનો—યોગનો—અભ્યાસ કરતાં જે કાંઇ વિજય કિંવા પરાજયની પ્રાપ્તિ થાય છે તે સર્વ આ વિશાળ ધ્યેય સ્વરૂપને વશ કરતી વખતજ પ્રાપ્ત થાય છે. આપણે એક પછી એક વિષય આપણી દૃષ્ટિ સંમુખ રાખીએ છીએ અને તેનાપર આપણાં અંતઃકરણમાંના

ઉદાત્ત ધ્યેય સ્વરૂપનો આરોપ કરી છુટીએ છીએ અને એમ કરતાં કરતાં પાછળથી જેમ જેમ આપણી ખાત્રી થતી જાય છે કે આપણા મનના વિશાળ ધ્યેય સ્વરૂપને આબેહુબ દર્શાવે એવો એક પણ પદાર્થ બહાર આપણને પ્રાપ્ત થતો નથી, તેમ તેમ આપણે એક પછી એક બાહ્ય વિષયને છોડતા જઇએ છીએ. અંતે સાધકને–કિંવા મુમુક્ષુને–એમ સમજાવા લાગે છે કે તેના આ ધ્યેય સ્વરૂપની સાક્ષાત્ કિંવા સ્પષ્ટ પ્રતિમા બાહ્ય પદાર્થોમાં સર્વથૈવ પ્રાપ્ત થનાર નથી. એટલુંજ નહિ, પરંતુ બાહ્ય વસ્તુઓ તેના ધ્યેય સ્વરૂપની તુલનામાં વિસાતવિનાની વસ્તુઓ છે. આવી રીતે કેટલોક કાળ વ્યતીત થયા પશ્ચાત્ તેને પોતાનું સર્વોચ્ચ અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ ધ્યેય સ્વરૂપ વ્યકત અને આબેહુબ અથવા સાક્ષાત્ દૃષ્ટિ ગોચર થાય છે, આ ઉચ્ચ સ્થિતિએ ભકત પહોંચ્યા પછી ઇશ્વરનું અસ્તિત્વ છે કે નહિ એ પ્રશ્ન અવશિષ્ટ રહેતો નથી; કિંવા તે સર્વ શકિતમાન અને સર્વજ્ઞ છે કે નહિ એ શાબ્દિક જ્ઞાનનો પણ ત્યાં અંતજ આવેછે. તેને ઇશ્વર એ પ્રેમ સ્વરૂપ છે એટલુંજ માત્ર દેખાય છે. અર્થાત્ પ્રેમનો તે કેવળ અવધિજ છે એટલુંજ તે માત્ર જાણે છે, અને તેના પોતાના વર્તમાન કાર્યને માટે તેટલુંજ જ્ઞાન તેને પુરતું થઇ પડે છે. ઇશ્વર તેને પ્રેમ સ્વરૂપે સ્પષ્ટ સ્વતઃપ્રમાણ દેખાય છે. આવાપ્રેમરંગી ભકતને પ્રેમસ્વરૂપ ઇશ્વરના અસ્તિત્વને સિદ્ધ કરે એવાં પ્રમાણોની કશી પણ આવશ્યકતા રહેતી નથી. ઇતર ધર્મ પંથોમાં ઇશ્વર જાણે એક મોટો મેજીસ્ટ્રેટજ ન હોય ! એવી કલ્પના હોય છે. આવા ઇશ્વરના અસ્તિત્વવિષે ઘણાં પ્રમાણો આપવાં પડે છે. પરંતુ ભકતને બિલકુલ આવા ઇશ્વરની કલ્પના સુદ્ધાં હોતી નથી. તેને મન ઇશ્વર એ કેવળ પ્રેમનું પૂતળુંજ છે." હે પ્રિય બન્ધુ ! પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ-

પર પ્રેમ રાખે છે તે કંઇ પતિને માટેજ નથી, પરંતુ તે સર્વ પ્રેમ જે પ્રભુ તેના અંતરમાં વાસ કરે છે તેને માટે છે, તેમજ સ્ત્રીને માટેજ કોઇ પોતાની સ્ત્રીપર પ્રેમ કરતો નથી, પરંતુ તેના અંતરમાં જે આત્મા છે તેને માટેજ તેનો તેનાપર પ્રેમ હોય છે. " કેટલાક લોકો એમ કહે છે કે જગતનો વ્યાપાર વ્યવસ્થાસર ચાલવાને માટે અહંતાની આવશ્યકતા છે. પરંતુ એક નાની વિશિષ્ટ કક્ષામાં પ્રેમને મુકવાથી અહંતાને છેક ક્ષુદ્ર પદવી પ્રાપ્ત થાય છે. ' હું ' શબ્દમાં જ્યારે હું સમસ્ત વિશ્વને અંતર્ભૂત કરૂં છું ત્યારે મારા પ્રેમનું મંડળ અમર્યાદ અને વિશાળ થઇ પડે છે. પરંતુ ' હું ' એટલે એક નાની સરખી સાડાત્રણ હાથની દેહ એવી ભુલભરેલી કલ્પના જ્યારે કરવામાં આવે છે ત્યારે મારૂં પ્રેમમંડળ અતિ સંકુચિત થઇને વિભકત થાય છે. આપણે પ્રેમમંડળને નાનું અને સંકુચિત બનાવીએ છીએ એજ આપણી ભૂલ છે. જગતમાંની સર્વ વસ્તુઓ ઇશ્વર કર્તૃક હોવાથી આપણે તેનાપર પ્રેમ કરવો ઉચિત છે. તેની સાથે એ વાતપણ લક્ષમાં રાખવી જોઇએ કે સર્વ જગત્પર મમતા રાખવી એટલે તેમાંની સર્વ વસ્તુપર અને સર્વ ભાગોપર પણ પ્રેમ રાખવો જોઇએ. આ પ્રમાણે આ સર્વ જગત ભકતનો ઈશ્વર છે. અને આકાશમાંનો પિતા, જગતનો અધિપતિ, ઉત્પાદક, તેની ઉપપત્તિ, તેની આજ્ઞા, તેનાં ધર્મપુસ્તકો ઇત્યાદિ બીજા ઇશ્વરો સાથે તેને કાંઇ લેવાદેવા નથી. કારણ કે આ પ્રેમરૂપી શીઢીપર ચઢતાં ચઢતાં તેઓ આ વસ્તુઓથી એટલે બધે ઉંચે નીકળી ગયા હોય છે કે હવે તે વિષે તેમને વિચાર સુદ્ધાં આવતો નથી. અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર થયા પછી તથા પરમેશ્વર પ્રેમ રસવડે પરિપૂર્ણ ભરાઇ ગયા પછી બીજી સર્વ ઇશ્વર કલ્પના એ કેવળ બાલિશતા (બાળકપણું) લાગે

વા માંડે છે અને તેને મિથ્યા, અપૂર્ણ તથા વિસાતવગરની વસ્તુ ગણીને તેનો પરિત્યાગ કરવામાં આવે છે. પરા ભકિતનો આવો પ્રભાવ છે. પૂર્ણ ભકતને પ્રાર્થના મંદિર કિંવા દેવાલયમાં કદિ પણ જવાની આવશ્યકતા રહેતી નથી; તેને ઇશ્વરથી ખાલી એવું એક પણ સ્થળ દ્રષ્ટિગોચર થતું નથી. તે જાણે છે કે ઇશ્વર જે પ્રમાણે દેવાળયમાં છે તે પ્રમાણે બ્હાર પણ ભરેલો છે અને તેને સાધુના સાધુત્વમાં તથા દુષ્ટની દુષ્ટતામાં પણ તેજ એક દ્રગ્ગોચર થાય છે. કારણ કે તેણે પોતાનાં હ્રદયમાં ષડ્ગુણૈશ્વર્ય સંપન્ન જગદાત્માની સ્થાપના કરી છે તથા સર્વ શકિતમાન્ અજરામર, તથા સકલ દેદીપ્યમાન્ પ્રેમથીજ તેની મૂર્તિને શૃંગારી છે.

પ્રકરણ ૯ મું.

તે પ્રેમસ્વરૂપનું શાબ્દિક પ્રતિબિંબ.

આપણી માનવ ભાષામાં આ ઉદાત્ત અને અતિશ્રેષ્ઠ મૂર્તિમંત પ્રેમ સ્વરૂપનું વર્ણન કરવું પણ અશકય છે. તેનાં સૌંદર્યની અને તેની પૂર્ણતાની પરાકાષ્ઠાનું આકલન કરવાને મેધારૂઢ થઇને અતિ ઉંચે ઉડનારી કલ્પના પણ અશક્ત હોય છે. પરંતુ સર્વ દેશના અને સર્વ ધર્મના, પરા અને ગૌણી એવી બે પ્રકારની ભક્તિ કરનારા, મનુષ્યોને પોતાની અપૂર્ણ માનવ ભાષામાં આ અત્યુચ્ચ પ્રેમસ્વરૂપનું વર્ણન કરવું પડયું છે. માનવી પ્રેમ એજ ભિન્ન ભિન્ન સ્વરૂપે ' અનિર્વચનીય ' દૈવી પ્રેમનો દર્શક છે. મનુષ્ય દૈવી સ્વરૂપની કલ્પના માનવી કલ્પનાનુરૂપજ કરવાનો. અદ્વૈત કૈવલ્ય ધામનું વર્ણન દ્વૈત મૂલક ભાષા

વડેજ કરવું પડે છે. દૂર જવાની શી જરૂર છે ? સર્વ વિશ્વ તે અનંત તત્ત્વનું સમાદિત ભાષામાં વર્ણવેલું કિંવા લખેલું સ્વરૂપ છે. એટલા માટે મનુષ્યજાતિમાં પ્રેમ સંબંધી જે જે કાંઇ સામાન્ય શબ્દો છે તે દ્વારાજ ભક્ત પ્રેમ સ્વરૂપી ઇશ્વરનું પૂજન કરે છે. મહાન મહાન ટીકાકારોએ પરાભક્તિપર વ્યાખ્યા લખીને જુદી જુદી રીતે તેનું સ્વરૂપ સમજી લેવાના તથા તેનો અનુભવ લેવાના પ્રયત્ન કર્યો છે. સવંથી નિકૃષ્ટ પ્રતિના પ્રેમનો અર્થ જે શબ્દથી તેમણે દર્શાવ્યો છે તે શબ્દ **શાંત** છે. જ્યારે પૂજા કરતી વખત ભક્તનું મન પ્રેમથી ઉત્કંઠીત્, હોતું નથી, જ્યારે ભક્તિનો ઉન્માદ તેનાં મસ્તિષ્કમાં પ્રવેશેલો હોતો નથી, અર્થાત્ જ્યારે તેની ભક્તિ સાધારણ પ્રેમ સ્વરૂપનીજ હોય છે, વિધિ, સંસ્કાર, અને પ્રતીકના કરતાં ઉચ્ચ પ્રતિની હોય છે ખરી, પરંતુ જેને વિલક્ષણ ભક્તિનો ઉન્માદ કહેવામાં આવે છે તેનો હજી તેને ગંધપણ હોતો નથી, તે વખતની ભક્તિને શાંત સ્વરૂપી ભક્તિ કહેવામાં આવે છે.

આ જગતમાં કેટલાક લોકોને ધીમે ધીમે ચાલવું પ્રિય હોય છે અને કેટલાકને ત્વરાથી ચાલવું પ્રિય હોય છે. જે શાંત ભક્ત હોય છે તે સૌમ્ય, શાંત અને ગંભિર હોય છે. આ કરતાં ઉચ્ચ ભૂમિકાની ભક્તિને **દાસ્ય** કહેવામાં આવે છે. ભક્તિની આ ભૂમિકાનાં ભક્ત પોતાને ઇશ્વરનો દાસ કિંવા સેવક લેખે છે અને તેનું 'ધ્યેયસ્વરૂપ સ્વામીપર સેવકની જે નિષ્ઠા હોય છે તેજ પ્રતિનું હોય છે, આથી ઉપરની ભૂમિકાને **વાત્સલ્ય** કહેવામાં આવે છે. આ પ્રતિની ભક્તિમાં ઇશ્વરને પોતાના પિતા તરીકે નહિ પણ પુત્ર તરીકે માનવામાં આવે છે. આ ગ્રંથપાઠકોને જરા ચમત્કારિક લાગશે; પરંતુ આ કલ્પનાવડે 'ઇશ્વર એ સર્વ શક્તિમાન તથા સર્વનો શાસક છે.' એ કલ્પનાને

નિર્મૂળ કરવાનો અભ્યાસ કરવામાં આવે છે. કારણ કે શાસક એ શબ્દ સાંભળતાંની સાથેજ ભયનો આવિર્ભાવ થાય છે અને એમ થવું એ પ્રેમને વિઘાતક છે. પૂજ્યભાવ અને આજ્ઞાધારકતા એ ઉભય ગુણો આપણા સ્વભાવની સુધારણા કરવામાં અત્યંત આવશ્યક છે. પરંતુ તે સુધારણા એક વખત થઇ અને ભકતને એક વખત શાંત અને સૌમ્ય રસનો ઘુંટડો મળ્યો. એટલુંજ નહિ, પરંતુ જેને ભકિતનો ઉન્માદ કહેવામાં આવે છે તેનો આસ્વાદ તેણે એક વખત લીધો કે પછી પૂછવુંજ શું ? તેને નીતિનાં શિક્ષણને આવશ્યક એવી કવાયત શીખવાનું કશું પ્રયોજન રહેતુંજ નથી. ઇશ્વર સર્વ સમર્થ છે; ભવ્ય અને વૈભવ-શાળી છે; તે સર્વ વિશ્વનો પ્રભુ, રાજાધિરાજ અને દેવાધિદેવ છે. આ સર્વ વાત સત્ય છે વા અસત્ય છે એ જોવાની આવશ્યકતા રહેતીજ નથી, એમ ભકત કહે છે. ત્યારે, ઇશ્વર કલ્પનાની સાથે આ જે મનપર દાબ બેસાડનારી કલ્પનાનો પ્રાદુર્ભાવ થાય છે તેને કાઢી નાંખવાને માટે જ ભકત તેને પોતાનું બાળ કલ્પી તેનું ભજન કરે છે. માતપિતાને બાળકની ભીતિ સ્વપ્નમાં, પણ હોતી નથી અને એથી તેના પ્રત્યે પૂજ્યભાવ પણ હોતો નથી. (આ સ્થળે પાઠકે લક્ષમાં રાખવું કે પૂજ્યભાવ વડીલો પ્રત્યે ધારણ કરી શકાય છે, પોતાનાથી નિકૃષ્ટ કક્ષાનાં મનુષ્યો પ્રત્યે વાત્સલ્યભાવ રાખી શકાય છે.) બાળક પાસેથી કાંઇ ફળ પ્રાપ્તિની આશા પણ તેના મનમાં હોતી નથી. અને બાળકની સ્થિતિ એવી હોય છે કે તેને કાંઇ નહિ ને કાંઇ માત પિતા તરફથી અવશ્ય મળે છે. તેમજ તેનાપર માત પિતાનો પ્રેમ તો એટલો અકૃત્રિમ હોય છે કે સેંકડો વખત તેઓ તેને માટે દેહોત્સર્ગ કરવાને પણ તત્પર થઇ જાય છે. તેઓ પોતાનાં નાનાં સરખાં બાળ-

કને માટે પોતાના હજારો જન્મની આહુતિ આપવાને તૈયાર હોય છે. એટલા માટેજ ભક્ત ઇશ્વરને પોતાનું બાળક કલ્પીને તેના પ્રત્યે વાત્સલ્યભાવ ધારણ કરે છે. ઇશ્વર આ જગત્માં અવતાર ધારણ કરે છે એવી કલ્પના જે ધર્મ પંથોમાં છે તેમાં તો ઇશ્વરને બાળક સમજીનેજ ભકિત કરવાનું સ્વાભાવિક રીતે સયુકિતક હોય છે અને તે પ્રમાણે ભકિત કરવાથી ભકિતનાં મૂળ પણ ચોંટે છે ખરાં. મુસલમાની ધર્મમાં ઇશ્વર વિષયક આવી કલ્પના હોવી કેવળ અશક્ય છે. આ કલ્પના તેઓ એક પ્રકારના ભયથી પાછા હઠે છે. પરંતુ ખ્રિસ્તી ધર્માનુયાયીઓ અને હિંદુઓ તેની સહજ પ્રતીતિ કરી શકે છે. કારણ કે બાળગોવિંદ અને બાલ ઇશુ ખ્રિસ્તીની પૂજા આ ઉભય ધર્મમાં કરવામાં આવે છે. હિંદુ સ્ત્રીઓ પોતાને કૃષ્ણની માતા કલ્પે છે. તેજ પ્રમાણે ખ્રીસ્તી બાઇઓ જો પોતે ખ્રિસ્તની માતા છે એવી કલ્પના કરી ભકિત કરશે તો ઠીક ઘાટ બેસશે. આપણાં અંતઃકરણના છેક ઉંડા ભાગમાં ઇશ્વર વિષયક ભોળી સમજુતી, ભય અને પૂજ્યભાવ એટલાં તો સજ્જડ ચોંટી ગયાં છે કે ઇશ્વરનો વૈભવ, તેની ભવ્યતા, તેની વિશાલતા, ભય અને પૂજ્યભાવની કલ્પનાઓને પ્રેમ સાગરમાં ડુબાવી દેવાને આપણને ઘણાં વર્ષ લાગશે.

આ પછીનું પ્રેમનું સ્વરૂપ સખ્ય કિંવા મૈત્રી છે! 'તું અમારો મિત્ર પ્રિયમિત્ર છે.' જે પ્રમાણે મનુષ્ય પોતાનું હૃદય ખોલીને પોતાનાં મનની સર્વવાત પોતાના મિત્રને કહે છે અને મિત્ર મારા દોષને માટે મને કદિ પણ ઠપકો આપશે નહિ એટલું જ નહિ પરંતુ તે ઉલટો મને સાહાય્ય આપશે એવી તેનાં મનની ખાત્રી હોય છે, તેમજ જે પ્રમાણે તે ઉભય મનનો સમાન ભાવ હોય છે, તે પ્રમાણે સખ્ય સ્થિતિમાં ભક્ત અને તેના સખા—ઇશ્વરવચ્ચે સમતાના પ્રેમનો

પ્રવાહ અંતઃર્બાહ્ય ઓતપ્રોત ભરાઇને વહે છે. અર્થાત્ ઈશ્વર તેનો મિત્ર–પ્રાણાધિક મિત્ર બની રહે છે કે જેની આગળ તે પોતાના મનની ગુપ્ત વાતો નિર્ભયતા પુર્વક કહી શકે છે—ખુલ્લા અંતઃકરણથી પોતાની ગુહ્ય વાતો, સહાય્ય મળશે એવી શ્રદ્ધાથી, કહે છે. ઈશ્વર એ ભક્તનો પ્રાણાધિક મિત્ર છે. આ સ્થિતિમાં તે ઇશ્વરને પોતાના સાથી તરિકે–રમતના ભિરૂ તરિકે જુએ છે. ખરેખર, આપણે સર્વ આ જગતમાં ખેલીએ છીએ એમ કહીશું તો હરકત નથી. જે પ્રમાણે નાનાં બાળકો ખેલે છે, તે પ્રમાણે મોટા મોટા રાજાઓ અને પાદશાહો પોતપોતાના દાવ ખેલે છે અને તેજ પ્રમાણે તે પ્રેમસ્વરૂપ ઈશ્વર પણ આ વિશ્વની સાથે રમે છે. તે સર્વ ગુણસંપન્ન હોવાથી તેને કોઇ પણ વસ્તુની ગરજ હોતી નથી, તો પછી તે આ સૃષ્ટિની બાંધતોડ શામાટે કરે છે ? એવો પ્રશ્ન જ સાહજિક જ ઉત્પન્ન થાય છે. આપણે જે સદા ઉદ્યોગ કરીએ છીએ તે કાંઇ પણ મેળવવાને માટે કિંવા કોઇ પણ જાતની ન્યૂનતા પુરી નાંખવાને માટે કરીએ છીએ. અને લાભની ઇચ્છા એમ દર્શાવે છે કે કાંઇ પણ ખામી વિદ્યમાન છે, કયાંય પણ આપણામાં ન્યૂનતા છે, પરંતુ ઈશ્વર તો પુર્ણ છે તેને કોઇ પણ વાતની ન્યુનતા નથી. તો પછી આ જગતની વ્યવસ્થા અખંડિત ચલાવવાની ખટપટને શામાટે કરે છે ? એમ કરવામાં તેનો હેતુ શું છે ? ઇશ્વરે આ કિંવા પેલો હેતુ સિદ્ધ કરવાને માટે આ સૃષ્ટિ નિર્માણ કરી છે એવી જે વાત આપણે સાંભળીએ છીએ તે માત્ર વાત જ છે ! તે શિવાય તેમાં કાંઇ અર્થ નથી; અર્થાત્ તત્ત્વ દ્રષ્ટિએ તેમાં સોમણ દિવેલે અંધારૂં જણાય છે. ખરેખર આ સર્વ ખેલ છે. વિશ્વ એ તે પ્રભુની ક્રીડા છે. આ સર્વ દુનિયા તેને એક મોટી ગમ્મત લાગતી હોવી જોઇએ. તમે રંકાવસ્થામાં હો તોપણ

તેમાં યે મઝાજ માનો. ઠીક, ચાર પૈસા કમાઇને તમે માતબર થયા હોતો તેને એક શ્રીમંતાઇની મોજજ માનો. સંકટો પણ એક જાતની ગમ્મત જ છે. સુખ આવે ત્યારે તો વળી મઝાનો પારાવાર જ નહિ. જગત એ ક્રીડાભુમિ છે. આપણે અહીંઆં આ પટાંગણપર મોજ મારીએ છીએ. ઇશ્વર આપણી સાથે સદા ખેલે છે, અને આપણે પણ તેની સાથે ખેલીએ છીએ. અહાહા ! આ ખેલનાર બંધુની લીલા કેટલી હૃદયંગમ છે. એક ખેલ પુરો થાય છે (એક કલ્પનો અંત આવે છે) એટલે સર્વ જણા જરા વિશ્રાંતિ લે છે અને તાજા થતાં પુનઃ ખેલ ખેલવાને માટે બીજા કલ્પના આરંભમાં બહાર પડે છે. જ્યારે, આ સર્વ ખેલ છે—માત્ર રમત છે એ વાત આપણે વિસરી જઇએ છીએ, અને આપણે પણ માત્ર તે રમતનાં અંગને પુષ્ટ જ કરીએ છીએ એ વાત આપણાં લક્ષમાં રહેતી નથી, ત્યારે જ દુઃખો અને સંકટોની વૃષ્ટિ થવા લાગે છે. પછી આપણાં અંતઃકરણને દુઃખ થાય છે અને જીવન આપણને બોજારૂપ લાગે છે. પરંતુ આપણાં આ ક્ષણભંગુર જીવનમાં અસાર એવા જે કાંઇ બે ચાર બનાવો બને છે તે સત્ય છે એવી કલ્પનાનો ત્યાગ કરી આ વિશ્વ એક ક્રીડાભૂમિ છે અને તેનાપર આપણે રમત રમીએ છીએ અને પ્રભુને રમવામાં મદદ કરીએ છીએ એવી ભાવના પ્રાદુર્ભુત કરીએ છીએ, તે ક્ષણે જ આપણાં સર્વ દુઃખોનો નાશ થાય છે. પ્રત્યેક પરમાણુમાં તે પ્રભુની લીલા દૃષ્ટિગોચાર થાય છે. પૃથ્વી સૂર્ય અને ચંદ્ર એ તેણે સહજ લીલાથી બનાવેલા દડા છે. મનુષ્યનાં અંતઃકરણની સાથે, પ્રાણીઓની સાથે અને વનસ્પતિની સાથે તેની રમત ચાલી રહી છે. આપણે શેતરંજની સોગટીઓ છીએ. સૃષ્ટિરૂપી બજ્યપટ માંડી તેપર સોગટી મુકીને તે રમતનો પ્રારંભ કરે છે. આપણને એકવાર તે આ

ઘરપર મુકે છે અને બીજી વખત અન્ય ઘર પર મુકે છે અને આપણે જાણતા હો કે ન હો તોપણ આપણે તેને રમતમાં મદદ કરીએ છીએ એ વાત તો ચોક્કસ જ છે. પછી આપણે તે પ્રભુના મિત્ર (સોબતી) હોવાથી બ્રહ્માનંદમાં તો ન્યૂનતાજ શી !

ભક્તિનું આ પ્રેમસ્વરૂપ ઈતર એક પ્રકારથી વ્યક્ત થાય છે. તેને મધુર કહેવામાં આવે છે. આ પ્રકાર સર્વપ્રકારોમાં શ્રેષ્ઠ છે. આ જગતમાં પ્રેમનાં જે કાંઈ અત્યુચ્ચ સ્વરૂપો દ્રષ્ટિગોચર થાય છે તે આ જ પ્રકારનાં હોય છે. અને મનુષ્ય પ્રાણીને વિદિત એવો વિલક્ષણ પ્રકારનો પ્રેમ પણ એજ છે. ખરેખર ! મનુષ્યનો સમગ્ર સ્વભાવ જ પરિવર્તિત કરી નાંખનાર, તેનાં જીવિતના પ્રત્યેક ઓઘમાંથી વહેનાર, તેને ગાંડો બનાવી દેનાર, તેનાં સ્વરૂપને જ વિરૂપ બનાવી દેનાર, ઘડીમાં તેને દેવ અને નિમિષ માત્રમાં તેને દાનવ બનાવી નાંખનાર દિવ્યપ્રેમ સ્ત્રી પુરુષ વચ્ચેના પ્રેમ વ્યતિરિક્ત બીજો કયો પ્રેમ હોઈ શકે ? ઇશ્વરી પ્રેમનાં આ મધુર સ્વરૂપમાં ઇશ્વરને પોતાનો પતિ માનવામાં આવે છે. આ પ્રકારની ભક્તિમાં આ જગતમાં આપણે સર્વે સ્ત્રીઓજ છીએ, પુરૂષ કોઈ નથી, કેવલ ઇશ્વર જ એક પુરુષ છે અને તે એક પુરુષ જ આપણામાંના પ્રત્યેકનો પતિ છે એવી માન્યતા વિદ્યમાન હોય છે. સ્ત્રીપુરુષ અન્યોન્ય જે પ્રકારનો પ્રેમ સમર્પણ કરે છે તે સર્વ આ પ્રકારની ભક્તિમાં ઇશ્વરને સમર્પિત કરવાનો હોય છે.

આ જગતમાં પ્રેમના જે ભિન્ન ભિન્ન સ્વરૂપો દ્રષ્ટિગોચર થાય છે અને જેની સાથે થોડે ઘણે અંશે આપણે ખેલીએ છીએ તે પ્રેમનું લક્ષ્ય કેવલ ઇશ્વરજ છે. પ્રેમનો આ પ્રચંડ પ્રવાહ ક્યા અગાધ સમુદ્રમાં અવ્યાહત જઈને મળે છે તે મનુષ્ય જાણતો નથી અને

તેથીજ તે મૂર્ખતાથી આ પ્રેમપ્રવાહનો ઓઘ મનુષ્યરૂપી નાનાં નાનાં રમકડાં તરફ વાળવાનો પ્રયત્ન કરે છે. આપણે આપણાં બાળકપર જે અતિ મમતા રાખીએ છીએ અને જે મમતા મનુષ્ય માત્રના સ્વભાવમાં ઓતપ્રોત ભરેલી હોય છે તે આપણે બાહ્ય દ્રષ્ટીથી જે બાળક રૂપી રમકડું જોઇએ તે માટેનો પ્રેમ હોતો નથી. જો તમે માત્ર રમકડાં પુરતોજ પ્રેમ અનન્ય ભાવે પરંતુ અંધ થઇને તેનાપર રાખશો તો તેનું અનિષ્ટ પરિણામ આવશે. તથાપિ આ અનિષ્ટ પરિણામથી આપણને અંતે એવો બોધ થાય છે કે આપણાંમાં જે પ્રેમનો ઝરો છે તે માત્ર એક વિશિષ્ટ વ્યક્તિ પ્રત્યે વહેવરાવવાથી તેની દશા આવી ખરાબજ થશે. માટે આપણો આ સર્વપ્રેમ એક ઇશ્વરપરજ રાખવો જોઇએ. જેનો કદિ નાશ થતો નથી, જે વિકાર વશ નથી, તથા જેના પ્રેમ સાગરમાં ભરતી અને ઓટનું નામ પણ હોતું નથી, જે પ્રેમનું યોગ્ય સ્થાન છે, એવો જે ઇશ્વર તેનેજ છેવટે આપણે મળવું છે અને ઠેઠ તેજ સ્થાનપર આપણે જવું જોઇએ. અર્થાત્ આપણે અખંડ પ્રેમસાગર પરમેશ્વરનીજ દિશા પકડવી જોઇએ. ગિરિશૃંગારથી પડતાં પાણીનાં બિંદુને ઝરા અથવા નદિને મળીને આખરે સમુદ્રમાં જવુંજ પડે છે. આપણા સર્વ મનોભાવ અને મનોવિકારનું અંતિમ સંગમસ્થાન ઇશ્વરજ છે. તમને ક્રોધ આવે તોપણ તે ઇશ્વર પરજ ખાલી કરો. તમારે ઠપકો આપવો હોય તો તેનેજ આપો. તમારા મિત્ર, તમારા હિતેચ્છુ શિવાય અન્ય કોને તમે નિર્ભયતા પૂર્વક ઠપકો આપી શકશો? આ મર્ત્ય માનવી તમારો ક્રોધ કદિ પણ સહન કરી શકતો નથી. તે ઉલટો તમારી સામો થશે. જો તમે મારાપર ગુસ્સે થશો તો હું પણ તમને તેવોજ બદલો આપીશ. કારણ કે હું ક્રોધને શાંતિપૂર્વક ઉદ-

રમાં સ્વસ્થ રાખી શકતો નથી. તે પ્રિયકરને કહો " હે પ્રિય ! તું મને શા માટે આવીને ભેટતો નથી ? મને વિરહાગ્નિમાં શા માટે પ્રજાળે છે ? " તેનાથી તમને જે સુખ થશે તેવું સુખ તમને કયાંય પણ મલનાર નથી. આ દેહરૂપી માટીના નાના નાના ઢેફાંમાં તમને શું સુખ મળશે ? અનંત સુખ સાગરનાં વ્યક્ત સ્વરૂપને આપણે શોધી કાઢવું જોઇએ અને તે ઇશ્વર પાસેજ આપણને મળી શકશે. આપણી ભાવના અને મનોવિકારનો લય આપણે તેનામાંજ કરવો જોઇએ, કારણકે તેજ તેનું લક્ષ્ય છે. નહિતર, જો તે ઇશ્વરનું લક્ષ્ય ચુકીને અધોગતિ પ્રાપ્ત કરવા માંડશે તો અતિ અનિષ્ટ પરિણામ આવશે. પરંતુ જો તે ઠેઠ ઇશ્વરનાં લક્ષ્ય તરફ જવા લાગશે તો તેમાંની દુર્બલતા નષ્ટ થઇ તેને સબળતા પ્રાપ્ત થશે. મનુષ્યની જે શારીરિક અને માનસિક શક્તિ છે તે ગમે તે પ્રકારે વ્યક્ત થતી હોય તોપણ તે સર્વેનું એકાયન (અર્થાત લક્ષ્ય) એક ઇશ્વરજ છે. આપણા મનોવિકાર અને પ્રેમ લહરીનો વિષય માત્ર ઇશ્વરજ છે. તેજ આપણો પ્રિયકર છે. બીજી એવી કયી વસ્તુ છે કે જેનાપર આપણો પ્રેમ અધિષ્ઠિત થશે. સૌંદર્યનો ભંડાર પણ તેજ છે. ભવ્યતાનો નિધિ પણ તેજ છે. વધારે શું કહું ? તે સૌંદર્ય અને ભવ્યતાનો અવતારજ છે એમ કહીશું તો ચાલશે. આ વિશ્વમાં તેનાથી સુંદર બીજો કોણ છે ? પતિ થવાને ત્રિભુવનમાં તેના શિવાય બીજો કોણ લાયક છે ? તેનાથી વિશેષ પ્રેમને પાત્ર એવી બીજી શી વસ્તુ છે ? એટલા માટે આપણે તેનેજ આપણો પતિ કિંવા પ્રિયકર બનાવવો જોઇએ. ઘણી વખત એમ બને છે કે એવા જે દેવભક્તો હોય છે તેમને તે દેવી પ્રેમનું વર્ણન કરતી વખત માનવી પ્રેમની (શૃંગાર વિષયક) ભાષા વાપરવી પડે છે. કારણકે તે ભાષા શિવાય

અન્ય કોઇ પણ પ્રકારની ભાષા તે પ્રેમનું સર્વાંગ પરિપૂર્ણ ચિત્ર આલેખવાને સમર્થ થતી નથી. પરંતુ મૂર્ખ લોકો આ મર્મ સમજી શકતા નથી અને કદિ પણ તેમને ભેદ સમજાશે પણ નહિ. કારણ કે તેઓ તે વર્ણનને બાહ્ય દ્રષ્ટિ–વિષય સુખ વિષયક દ્રષ્ટિથી જુએ છે. આધ્યાત્મિક પ્રેમ વિષે આતુર અને ઇશ્વરના વિરહને લીધે જે વ્યાકુલ બની રહ્યા હોય છે તેની મધુર વેદનાની આવા મૂર્ખ લોકોને કલ્પના સુદ્ધાં હોતી નથી. ખરેખર, તેમને તે કલ્પના ક્યાંથી હોય? ' હે પ્રિયકર ! તારા અધરામૃતનું એકવાર તો પાન કરવા દે, જેને તારા અધરામૃતનું મધુરપાન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તેને તે પાન કરવાની વધુ અને વધુ તૃષા બળ્યા કરે છે. તેનાં સર્વ દુઃખો વિલય પામે છે અને તારા શિવાય તેને કોઇ પણ વસ્તુની સ્મૃતિ રહેતી નથી. આહા ! ખરેખર જેની તૃષાથી ભક્ત ઘેલો બની જાય છે અને જેનાં પાનથી નરનો નારાયણ બની જાય છે એવા ઇશ્વરના અધરામૃતનો સ્પર્શ કિંવા ચુંબન કરી આપણે એકવાર સૌભાગ્યવાન બની જવું એવી ઇચ્છા પ્રત્યેક જણે રાખવી જોઇએ. જે પ્રાણી તેનું ચુંબન કરવાને ભાગ્યશાળી થયો છે તેને સમસ્ત વિશ્વ કોઇ ઓરજ પ્રકારનું ભાસવા લાગે છે. તેનાં મનમાં સર્વ વિશ્વનો લય થાય છે; સૂર્યચંદ્રનો લોપ થાય છે; અને સર્વ જગત્ તે એક પ્રેમસાગરમાં ઓગળી જાય છે. અને આજ તે પ્રેમની અવધિ અરે, ખરો ભક્ત તો અહીં આપણુ થોભતો નથી. પતિપત્નિના સ્નેહમાં તેને એટલો બધો કસ લાગતો નથી. પ્રેમ કરતાં પણ વિશેષ બળવાન્ પ્રેમ સાધ્ય કરવાને માટે તે એથી વિશાળ પ્રેમની કલ્પના કરે છે. હવે આ વિશાળ પ્રેમ સારો છે કે બુરો તે પ્રત્યે લક્ષ આપવાની

આવશ્યકતા નથી. તે પ્રેમનું ઉદ્ભવન એવું અપરિહાર્ય હોવું જોઇએ કે તેના માર્ગમાં જે જે વિઘ્નો આવે તેથી તેમાં દ્વિગુણિત બળવધે. પતિ પત્નિના પ્રેમનો પ્રવાહ સરળ હોય છે. તેમાં વિઘ્નની વિદ્યમાનતા નથી. પરંતુ એકાદ નવયૌવના પોતાનાં માતપિતા અને પતિનો અવરોધ હોવા છતાં પણ કોઇ આશકપર મોહી પડે છે, ત્યારે તેના પ્રેમના માર્ગમાં જેમ જેમ વિઘ્નો આવતાં જાય છે તેમ તેમ તેનો પ્રેમ અધિક વૃદ્ધિંગત થતો જાય છે. આ મધુર સ્થિતિમાં આ પ્રકારનો પ્રેમ ભક્તને પ્રિય લાગે છે. વૃંદાવનમાં શ્રીકૃષ્ણે શી શી લીલા કરી, તેના પ્રતિ સર્વ ગોપીઓનો પ્રેમ કેવો આકર્ષાયો હતો, તેને ભેટવાને માટે ઘેલી થઇને ગોપીઓ કેવી દોડી જતી હતી, તે પ્રેમ સુખમાં સદૈત્ર તલ્લીન રહેનારી ગોપીઓએ માત્ર એક કૃષ્ણના પ્રેમની વેદિમાં જગત, પોતાનાં નિત્ય નૈમિત્તિક કર્મો, સુખ દુઃખ, અને માયાપાશ એ સર્વેની આહુતિ કેવી રીતે આપી હતી તેનું વર્ણન માનવ ભાષામાં કદિ પણ થઇ શકનાર નથી. હે મનુષ્ય ! તું એક તરફ ઇશ્વરી પ્રેમની, વાતો કરે છે અને બીજી તરફ આ ક્ષણિક જગતની માયામાં ગુંથાઇ રહે છે. શું તારૂં હૃદય નિર્મળ છે ? " જ્યાં રામ છે ત્યાં વિષયોને માટે અવકાશ નથી. અને જ્યાં વિષયો છે, ત્યાં રામ નથી. એ બન્ને સાથે કયાંય પણ રહી શકતા નથી. જે પ્રમાણે તિમિર અને પ્રકાશ એક સ્થળે રહી શકતાં નથી, તે પ્રમાણે રામ અને ઇતર કામના સાથે રહી શકતાં નથી. "

પ્રકરણ ૧૦ મું.

ઉપસંહાર.

આ પ્રેમની પરાકાષ્ઠાનું સ્વરૂપ સાધ્ય થતાં ભક્ત તત્ત્વજ્ઞાન ફેંકી દેછે. ત્યાર પછી તત્ત્વ જ્ઞાનને કોણ ધુપ દે ? મુક્તિ, મોક્ષ કિંવા નિર્વાણનો પણ પરિત્યાગ કરે છે. આ પ્રેમામૃતના ઘુંટડા યથેચ્છ પીવાને મળે છે, તો પછી મુક્ત—સ્વતંત્ર થવાથી શો વિશેષ લાભ ? " હે પ્રભો ! મારે વિદ્યા જોઇતી નથી; સંપત્તિની આવશ્યકતા નથી; મિત્ર, સૌંદર્ય સ્વાતંત્ર્યની અપેક્ષા નથી; મોક્ષ પણ જોઇતો નથી. મને પુનઃ પુનઃ જન્મ મળે તો પણ કાંઇ હરકત નથી. મારા પ્રેમનો વિષય એકલો તુંહશે તો બસ ! હે પરમેશ્વર ! યાવચ્ચંદ્રદિવાકર તુંજ મારા પ્રેમનો નિધાન બન." ભક્ત કહે છે કે " ખાંડ બનવાનો પ્રયત્ન કરવામાં શો અર્થ ? મને તો માત્ર ખાંડનો આસ્વાદ મળવો જોઇએ " જન્મ મરણનો ફેરો મટાડી, મુક્તિ મેળવી, ઇશ્વરના સાથે ઐક્ય પ્રાપ્ત કરવામાં શો લાભ છે ? ભક્ત જે કાંઇ કહે છે તે એટલુંજ કે " તેજ હું છું એવી મને પ્રતીતિ થવી જોઇએ, તોપણ હું તેનાથી અલિપ્ત રહીશ, કે જેથી તેનો ઉપભોગ સારી રીતે લઇ શકું." પ્રેમને ખાતરજ જે પ્રેમ કરવામાં આવે છે તેજ સર્વોચ્ચ સુખ છે. તો પછી પ્રેમનો અને એવા પ્રિયકરનો ઉપભોગ લેવાને માટે હજારો જન્મ પર્યંત હાથ પગમાં બેડી પહેરવાને પણ કોણ તૈયાર નહિ હશે ? ભક્તને પ્રેમ વ્યતિરિક્ત અન્ય કોઇ પણ વસ્તુની દરકાર હોતી નથી. ભક્તને ઇશ્વરપર પ્રેમ રાખવામાં, અને હું તેને

પ્રિય ભક્તિ છું એવી ભાવના ભાવવામાં, અતિ સુખની પ્રાપ્તિ થાય છે. તેનો પ્રેમ નદીનાં મુખમાં પ્રવેશ કરતી સમુદ્રની ભરતી જેવોજ હોય છે. અર્થાત્ ભક્ત આ જગદ્રુપી નદીના પ્રવાહની સામેજ ચાલ્યો જાય છે. જગતના લોકો તેને ગાંડો કહે છે. લોકોએ ગાંડો ઠરાવેલો એક ભકત મારા જોવામાં આવ્યો હતો. સદૈવ તેનો ઉત્તર એજ હતો કેઃ— " હે મિત્રો ! જગત એક ગાંડાની હોસ્પિટલ છે. કોઇ ઐહિક પ્રેમથી ગાંડા બનેલા હોય છે; કોઇને કીર્તિનું ગાંડપણ લાગેલું હોય છે; અને કેટલાકને મોક્ષની ઘેલછા લાગેલી હોય છે. ગાંડાલોકોની આ પ્રચંડ હોસ્પિટલમાં મને પણ એક ઇશ્વરની ઘેલછા લાગી છે. તમને ઐશ્વર્યનું ગાંડપણ લાગ્યું છે અને મને ઇશ્વરની ઘેલછા લાગી છે, એજ માત્ર આપણા વચ્ચે ફરક છે; બાકી તમે પણ પણ ગાંડા છો અને હું પણ ગાંડો છું. તો પણ મને લાગે છે કે મારો પ્રેમ જરા ઉચ્ચ પ્રતિનો છે." ભકતનો ખરો પ્રેમ આ રીતની એક વિલક્ષણ ઘેલછાજ હોય છે, કે જેની સમક્ષ તે અન્ય કોઇપણ વસ્તુની દરકાર કરતો નથી, તેને આ સર્વ સંસાર પ્રેમરસથીજ પરિપૂર્ણ લાગે છે. માટે જેને આવો પ્રેમ એકવાર વરમાળ આરોપે છે તે નિરંતર ભાગ્યશાળી અને સુખી હોય છે. અને ઇશ્વરી પ્રેમનું આ અક્ષય્ય અને પ્રશંસનીય ગાંડપણ આપણી સાથે લાગેલા ભવરોગની વ્યથાની નિવૃત્તિ કરે છે.

આ ભક્તિ ધર્મમાં આપણને દ્વૈત કલ્પનાથી આરંભ કરવો પડે છે, અર્થાત ઇશ્વર આપણાથી ભિન્ન છે એમ ભાસે છે, તેમજ આ સર્વ પ્રાણીઓ પણ એક બીજાથી પ્રથક્ છે એમ લાગે છે. પરંતુ પ્રેમની શૃંખલા મધ્યમાં જેમ જેમ સંકલિત થતી જાય છે

તેમ તેમ મનુષ્ય ઇશ્વરની નિકટ નિકટ જતો જાય છે, અને ઇશ્વર પણ મનુષ્યની પાસે આવવા લાગે છે. પિતા, માતા, પુત્ર, મિત્ર, સેવક અને પ્રિયપાત્ર ઇત્યાદિ જગતમાં જણાતા જુદા સંબંધીને લઇને તે તેનો પ્રેમ પોતાના પ્રેમસ્વરૂપ ઇશ્વરપર આરોપ કરવા માંડે છે. તેને ઇશ્વર ભિન્ન ભિન્ન સ્વરૂપોથી અસ્તિત્વમાં છે એમ લાગવા માંડે છે. અને જે વખતે આપણો પુજન વિષય અને આપણે અભેદ ભાવથી એકજ છીએ, એવી ભાવના થાય છે, તે વખતે તેની પ્રગતિનો અવધિ સમજવો. આપણે પ્રથમતઃ આપણા ચિત્તના ઉપર પ્રેમ અધિષ્ઠિત કરીએ છીએ, અને આપણી સાડાત્રણ હાથની ક્ષુદ્ર દેહને તે મેળવવાનો અધિકાર ન હોવા છતાં પણ આપણે તે પ્રેમ તેને સમર્પણ કરીએ છીએ. માટે આ પ્રેમ આમ સ્વાર્થયુક્ત ગણાય છે. પરંતુ અંતે આપણો પ્રેમ અને તે પ્રેમ સ્વરૂપ ઇશ્વરનો અખંડ પ્રેમ અભિન્ન છે, એવો પ્રકાશ (બોધ) આપણાં અંતઃકરણમાં પડવા માંડે છે. આ પ્રેમપ્રકાશના તેજથી મનુષ્ય સર્વત્ર બદલાઇ જાય છે. જે પ્રવૃત્તિ અને અસાર મૃગજળવત કામનાથી તેનું હૃદય પૂર્વે આવૃત્ત થઇ ગયું હતું તે આવરણ ખસી જઇ હવે તેનું અંતઃકરણ નિર્મળ બને છે. અને અંતે પ્રેમ, પ્રેમનો વિષય અને પ્રેમકર્તા (ભક્ત) એ ત્રિપુટી એકજ છે—અભિન્ન છે, એવી સુંદર અને મનોલ્હાદક સત્યતા પ્રતીત થાય છે.

સમાપ્ત.

રા. રા. મણિલાલ નથુભાઈ દોશી. બી.એ.નાં રચેલાં ઉપયોગી પુસ્તકો.

અર્હંન્નીતિ (શ્રી હેમચંદ્રાચાર્યકૃત) નું ભાષાંતર. આ ગ્રન્થ હિન્દુ ધર્મના મનુસ્મૃતિને મળતો આવે છે. અને તેમાં દંડપ્રકરણ, રાજ્યનીતિ, વ્યવહાર, ધર્મ, કાયદા, પ્રાયશ્ચિત, સ્ત્રી પુરૂષોના કર્તવ્ય વગેરે અનેક ઉપયોગી બાબતોનો સમાવેશ છે. મૂળ સંસ્કૃત આપવામાં આવ્યું છે. તેમજ શ્રી હેમચંદ્રાચાર્યનું જીવનચરિત્ર પણ આપવામાં આવ્યું છે. પૃષ્ઠ ૩૨૦. પાકું બાઇન્ડીંગ કિંમત રૂ. ૧-૮-૦

ધર્મબિન્દુ (શ્રી હરિભદ્રસૂરિકૃત)નું ભાષાંતર આમાં મૂળ સૂત્રોનું ભાષાંતર આપવા ઉપરાંત વિશાળ દષ્ટિથી અને સ્વતંત્ર શૈલિથી વિવેચન કરવામાં આવ્યું છે. તેમાં માર્ગાનુસારીપણાના પાંત્રીસ ગુણ, શ્રાવકના પાંચ અણુવ્રત તથા બાર વ્રત, તેના અતિચારો, દીક્ષા લેનારમાં જોઇતા ૧૬ ગુણો, દીક્ષા આપનારમાં જોઇતા ૧૫ ગુણો, દીક્ષાવિધિ, સાપેક્ષ અને નિરપેક્ષ ધર્મ, ધર્મનું ફળ, તિર્થંકર પદ પ્રાપ્તિ ઉપાયો વગેરે અનેક બાબતો ચર્ચવામાં આવી છે. તેમાં ગ્રન્થકર્તાનું જીવનચરિત્ર પણ આપવામાં આવ્યું છે. જૈન ધર્મનું વ્યવહારિક જ્ઞાન મેળવવાને આ પુસ્તક અમૂલ્ય છે. ૪૫૦ પૃષ્ઠ પાકું બાઇન્ડીંગ. કીંમત રૂ. ૨-૦-૦.

ગુરૂ દર્શન—(બીજી આવૃત્તિ, કીમત બોર્ડ રૂ. ૦-૬-૦. પાકું પુઠું છીંટનું રૂ. ૦-૮-૦) તત્ત્વવિદ્યાને આધારે આર્યધર્મમાં માન્ય ગણાતા ઉત્તમ નીતિના સિદ્ધાંતોને પ્રતિપાદન કરનાર આ પુસ્તક

ગાયકવાડી કેળવણીખાતાએ લાયબ્રેરી તથા ઇનામ માટે મંજુર કર્યું છે, તથા સરકારી કેળવણીખાતાએ પણ પ્રાયમરી સ્કુલોમાં લાયબ્રેરી માટે મંજુર કર્યું છે. સુરત મ્યુનિસીપાલ સ્કુલોમાં એક નૈતિક પુસ્તક તરીકે શિખવવામાં આવે છે. તેનું હિંદી ભાષામાં ભાષાંતર થયું છે, અને ટુંક મુદતમાં તેની બે આવૃત્તિઓ થઇ છે. તેમાં **દાન, શીલ, વૈરાગ્ય, ક્ષમા, વીર્ય, ધ્યાન અને જ્ઞાન** એ સાત સદ્ગુણો ઉપર ઉત્તમ રીતે વિવેચન કરવામાં આવ્યું છે. અનેક માસિકો તથા વર્તમાનપત્રો તરફથી તથા ખાનગી સદ્ગૃહસ્થો તરફથી ઘણાં પ્રમાણપત્રો મળ્યાં છે.

જ્ઞાનદીપક—(આવૃત્તિ બીજી કીંમત રૂ. ૦–૩–૦) જ્ઞાનનું માહાત્મ્ય દર્શાવનારો ઉત્તમ ઇનામી નિબંધ; જેમાં જ્ઞાન પ્રાપ્તિનાં બાહ્ય સાધનો જેવાં કે, પુસ્તકો, દેશાટન, સત્સંગ, ગુરૂ, તથા અંતરંગ સાધનો જેવાં કે વિવેક, વૈરાગ્ય, શમ, દમ, સમભાવ, શ્રદ્ધા, સમાધાન વગેરેનું જુદા જુદા વિભાગો પાડી બહુજ અસરકારક રીતે વિવેચન કરવામાં આવ્યું છે. કેવી રીતે વાંચવું ? તે તથા ધાર્મિક કેળવણીની શી આવશ્યકતા છે ? એ બે પ્રશ્નોનો બહુજ સારો પ્રત્યુત્તર આ નાનકડા નિબંધમાં છે. તે વિદ્યાર્થીઓમાં ખાસ વ્હેંચવાલાયક છે. તેની કીંમત રૂ. ૦–૩–૦ છે. તે છતાં વિદ્યાર્થીઓમાં વ્હેંચવા તથા પ્રભાવના કરવા માટે સામટી પ્રતો ખરીદનારને માત્ર રૂ. ૦–૨–૬ માં આપવામાં આવશે.

આત્મપ્રદીપ—જૈનમુનિ શ્રી **બુદ્ધિસાગરજીએ** રચેલ આ ગ્રંથ ઉપર શુદ્ધ સરલ ભાષામાં વિસ્તાર સહિત વિવેચન કરવામાં આવેલું છે. તેમાં જૈન દૃષ્ટિએ આત્માનું સ્વરૂપ કેવું છે? પુનર્જન્મની

આવશ્યકતા શી છે? આત્મા કેવી રીતે કર્મથી મુક્ત થઇ શકે? તથા આત્માના અમરત્વના શા પુરાવા છે? વગરે પ્રશ્નોનો ખુલાસો આપવામાં આવેલો છે; સુપરરોયલ સોલપેજી પૃષ્ટ ૩૦૦ નું આવું દળદાર પુસ્તક છતાં તેની કીંમતં માત્ર રૂા. ૦–૮–૦ છે.

શ્રી બુધ્ધોપદેશ—આ પુસ્તકમાં બુદ્ધધર્મના લોકપ્રિય અને પ્રસિદ્ધ ગ્રન્થ ધમ્મપદનું ભાષાંતર આપવામાં આવ્યું છે. તેની સાથે શ્રી બુદ્ધધર્મનાં વિવિધ શિક્ષણો આપવામાં આવ્યાં છે. વળી જેના સમયમાં હિંદનો સૂર્ય મધ્યાકાશમાં પ્રકાશતો હતો, તે પ્રતાપી બૌદ્ધ રાજા મહાન્ અશોકના શિલાલેખોનું ભાષાંતર આપવામાં આવ્યું છે. જૂદા જૂદા ધર્મોનો મુકાબલે અભ્યાસ કરનારા વાસ્તે શ્રી બુદ્ધધર્મ સંબંધી જ્ઞાન મેળવવા આ ઉત્તમ સાધન છે. બે માસમાં તેની ૪૩૦૦ નકલોની બે આવૃત્તિઓ થઇ છે. કિંમત રૂા. ૦–૬–૦.

શ્રી બુદ્ધચરિત્ર—વિશ્વવત્સલ દયામૂર્તિ શ્રી **બુદ્ધ**મહાત્માનું જીવનચરિત્ર તેમના સિદ્ધાંતો તથા શિક્ષણો સાથે આ ગ્રન્થમાં આપવામાં આવ્યું છે. દુનિયાની વસ્તીનો ⅓ ભાગ, પ્રાતઃકાળમાં ઉઠીને જે મહાત્માના નામનું સ્મરણ કરે છે, તેમનું 'દયા' અને 'આત્મસંયમ'નો ઉમદા પાઠ શિખવનાર જીવનચરિત્ર અતિ રસિક અને બોધપ્રદ શૈલિએ રચવામાં આવ્યું છે. પૂર્વના તેમજ પશ્ચિમના અનેક વિદ્વાનોના ગ્રન્થોને આધારે બહુજ કાળજીપૂર્વક લખવામાં આવ્યું છે. ગાયકવાડી કેળવણી ખાતાએ લાયબ્રેરી તથા ઇનામ માટે મંજુર કર્યું છે. છ માસમાં તેની ૫૦૦૦ નકલની **ચાર** આવૃત્તિઓ થઇ છે. કીંમત રૂ. ૦–૮–૦

સુબોધચંદ્ર—(આધ્યાત્મિક.)—આ ગ્રંથ વાર્તાના રૂપમ લખવામાં આવ્યો છે; અને વાર્તાની રસિક શૈલિમાં સત્યની શોધ

મરણ પછીની સ્થિતિ, વિચારશક્તિ, પૂર્વભવોનું સ્મરણ, પ્રેમ અને ત્યાગ, પ્રેમની કસોટી તથા ગુપ્ત મહાત્મા મંડળ વગેરે ઉમદા સિદ્ધાંતો ચર્ચવામાં આવ્યા છે. ગુપ્ત જ્ઞાનના જીજ્ઞાસુઓને આ ગ્રન્થ એક દીપક સમાન છે. નૉવેલોના રસિકો માત્ર નૉવેલ તરીકે પણ વાંચી શકે તેમ છે. ગુપ્તવિદ્યાના અભ્યાસકો અનેક ગુપ્ત સત્યો પ્રકટ થયેલાં જોઈ શકશે. કીંમત રૂ. ૦–૮–૦.

વિદુષી એનીબીસેન્ટકૃત વ્યાખ્યાનોનું ગુજરાતી ભાષાન્તર.

મરણ પછી મનુષ્યની સ્થિતિ.	૦–૧–૦
શાન્તિનું સ્થળ.	૦–૧–૦
જૈન ધર્મ.	૦–૧–૦
મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં.	૦–૧–૦
સુખની શોધ.	૦–૧–૦
ગુરૂ નાનકનું જીવનચરિત્ર	૦-૧-૦
મહાન ગુરૂનો પ્રસાદ.	૦–૨–૦
પૂર્વના તારાનું મંડળ.	૦–૧–૦
જૈન લેખમાળા.	૦–૮–૦
લેખ સંગ્રહ.	૦–૪–૦
સંસારમાં સુખ ક્યાં છે?	૦-૬-૦
મહાત્મા કબીરના પદો.	૦–૪–૦
આત્મનિરીક્ષણ.	૦–૦–૩
જૈનવૈરાગ્યશતક.	૦–૦–૬
સ્ત્રી કેળવણી.	૦–૨–૦
દયાનોઝરો.	૦–૪–૦
યોગમાર્ગને:ભોમીઓ."	૦–૧–૦

સ્વરશાસ્ત્ર—ઈડા, પિંગળા, અને સુષુમ્ણા એ ત્રણ નાડીઓનું જ્ઞાન આપી દરેક બાબતમાં વિજય અપાવનારૂં ઉમદા પુસ્તક. ગુપ્ત મદદગારોનો વિષય પણ આ પુસ્તક સાથે જોડવામાં આવ્યો છે. કિં. રૂ. ૦–૪–૦.

મળવાનું ઠેકાણું:—

કર્તા પાસેથી, રતનપોળ—અમદાવાદ.

સત્યવિજય.

આ નામનું રૉયલ આઠ પેજી ત્રણ ફારમનું માસિક દર માસની પંદરમી તારીખે પ્રસિદ્ધ થાય છે, તેમાં ધર્મ, સંસાર વ્યવહાર નીતિ, કેળવણી સંબંધી ઉત્તમ લેખો આવે છે, નવલ કથાઓ પણ આપવામાં આવે છે, અને પ્રાચીન તથા અર્વાચીન મહાન પુરૂષોનાં જીવન ચરિત્રોથી માસિકને અનુપમ બનાવવામાં આવે છે. ધર્મ વિદ્યા સંબંધી પણ ઉત્તમ લેખો પ્રકટ થાય છે. જેઓએ હજી સુધી તે નવાચ્યું હોય તેમને નમુનાની નકલ એક વખત મંગાવી વાંચવા ભલામણ કરવામાં આવે છે.

આ માસિકના ગ્રાહકોને દર વર્ષે એક ઉત્તમ પુસ્તક ભેટ આપવામાં આવે છે.

☛ માસિકનું લવાજમ પોસ્ટેજ સાથે રૂ. ૧—૪—૦

છપાવનાર સજ્જનોને વિજ્ઞપ્તી.

•

આ મારા સત્યવિજય પ્રેસમાં મુંબાઈની ગુજરાત ટાઈપ ફાઉન્ડરીના ટાઈપ વાપરી છાપવાનું કામ ઘણુંજ સુંદર, સફાઈબંધ અને વખત સર કરી આપવામાં આવે છે તેમજ ગુજરાતી ઈંગ્રેજી બાળબોધી અને હીંદી અને જૈની ભાષાઓનાં પુસ્તકો છાપી આપવામાં આવે છે એકવાર કામ છપાવી ખાત્રી કરશો.

મેનેજર 'સત્યવિજય' પ્રેસ.

અમદાવાદ.